હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ ના
ત્રીજા ઉર્સ મુબારકના
નૂરાની પ્રસંગે....

# તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ ના
# જીવનચરિત્રની ઝલકો


**મૂળ લેખક**

મિસ્બાહુલ ફુકહા મુફતી

**મુહમ્મદયૂનુસ ઉવૈસ રઝા–મુનિસ ઉવૈસી**

(હાલ : મુફતીએ કાનપુર)

**અનુવાદક તથા સંપાદક**

**પટેલ શબ્બીર અલી રઝવી**

(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક, મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)



**પ્રકાશકો**

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

**સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા શાખા**

મુ.પો. **દયાદરા**–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www. barkatekhwaja.net Email :anjuman2006@hotmail.com

પ્રકાશન નં.: ૨૫૬ — આવૃત્તિ–૨ — પ્રત:૨૫૦૦

૧૧–જમાદિયુલ અવ્વલ — હિ.સ. ૧૪૪૨ — ડિસેમ્બર–૨૦૨૦

हदियो ₹ 100/-

# અનુક્રમણિકા


- ❑ **કિતાબ પ્રકાશન ટાણે બે બોલ....** **04**
- ❑ જન્મ મુબારક 07
- ❑ નામ તથા વંશાવલિ 07
- ❑ તઅલીમો તર્બિયત 08
- ❑ તા'લીમ દરમ્યાન સદમો 13
- ❑ આપના ઉસ્તાઝો 15
- ❑ દર્સ તથા તદરીસ 16
- ❑ ફતવા નવેસી (ફતવા લેખન) 18
- ❑ ઈમામત તથા ખિતાબત 21
- ❑ ખિતાબત (બયાન)ની વિશિષ્ટતા 22
- ❑ હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہની ઈલ્મો વિદ્યાઓમાં નિપૂણતા 24
- ❑ હઝરતનું ગૃહસ્થી જીવન 27
- ❑ સાહબઝાદા તાજુશ્શરીઅહ હઝરત અસ્જદમિયાં વિશે ટૂંકમાં વિગત 28
- ❑ તાજુશ્શરીઅહ : ઈરાદાત તથા સુલૂક 30
- ❑ હરમૈન શરીફૈનની ઝિયારત 36
- ❑ આંતર રાષ્ટ્રીય વિરોધ પ્રદર્શન 42
- ❑ શાહ ફહદ, શહઝાદા અબ્દુલ્લાહ તથા તર્કી બિન અબ્દુલ અઝીઝથી મુલાકાત 42
- ❑ ઈલ્મી તથા રૂહાની હોદ્દાઓ 44
- ❑ હુઝૂર તાજુશ્શરીઅહની રોજનીશી 44
- ❑ અવલિયાએ કિરામ رحمۃ اللہ علیہم اجمعینથી અક઼ીદત 46
- ❑ સાદાતે કિરામની તા'ઝીમ 47
- ❑ હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہની હક્ક઼ગોઈ 50
- ❑ ફત્વો આપવામાં સમય તથા સંજોગનો લેહાઝ 51
- ❑ તાજુશ્શરીઅહ તથા એવોર્ડો 53
- ❑ આપની લખેલી કિતાબો તથા અનુવાદો 54
- ❑ **હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہની કરામતો** **51**

## અનુક્રમણિકા


- ❑ નાબીના દેખતો થઈ ગયો 57
- ❑ હઝરતને જોતાં જ હજરે અસ્વદ પાસેથી સૌ હટી ગયા 58
- ❑ તાવીઝની અસરથી ઔલાદ નસીબ થઈ 61
- ❑ હઝરતે દુઆ કરતાં જ ધોધમાર વરસાદ ! 61
- ❑ નમાઝ માટે ટ્રેનનું રોકાવું 61
- ❑ નમાઝે જનાઝા પછી વરસાદ 62
- ❑ પુત્રના જન્મ માટે દુઆ 63
- ❑ **હુઝૂર તાજુશ્શરીઅહ ! رحمۃ اللہ علیہ આપે મુફ્તીએ આ'ઝમની જાનશીનીનો હક્ક઼ અદા કરી આપ્યો !** 64
- ❑ કેવળ દીદાર કરતાં જ લોકો મુરીદ થઈ જતા ! 63
- ❑ કાંઈક હકીરના દિલની વાત પણ સાંભળી લો ! 66
- ❑ હુઝૂરના તક઼્વા પરહેઝગારીનો કોઈ જવાબ નથી ! 67
- ❑ આજે ક્યાં છે આવા તક઼્વાવાળા લોકો કે જે કહે તે કરી બતાવે ? 69
- ❑ **હુઝૂર તાજુશ્શરીઅહ યાદોના ઝરૂખેથી** 73
- ❑ **શરીઅત તથા તરીક઼તનો આફતાબ** 78
- ❑ ચાહવાવાળાઓના જઝબાતની ક઼દર 78
- ❑ ગલતી પર ઉલમા તથા અવામની ઈસ્લાહ 79
- ❑ મારા પર ભરોસો તથા વિશ્વાસ 80
- ❑ ગુલામોના માટે દુઆઓ 81
- ❑ **તાજુશ્શરીઅહના વિસાલ પર ઈસ્લામી જગત શોકમાં ડૂબ્યુ !** 83
- ❑ **હુઝૂર તાજુશ્શરીઅહકા વિસાલ ઉમ્મતે મુસ્લિમાકી હયાતકા ઈસ્તેઆરા** 89
- ❑ **અતાએ મુસ્તફા અખ્તર રઝા** 95
- ❑ **સિતારો જે તૂટી ગયો !** 98
- ❑ **હુઝૂર તાજુશ્શરીઅહ અરબાબે ઈલ્મો દાનિશ કી નઝર મેં** 106
- ❑ અઝહરીમિયાંકા વિસાલ સુન્નિયતકા બળા નુકસાન ! 126
- ❑ **THE LOSS OF A UNIQUE PEARL** 131



# કિતાબ પ્રકાશન ટાણે બે બોલ....

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ  نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

વર્તમાન સમય એવો છે કે જેમાં અનેક ખાનકાહો એવી મળશે જ્યાં *''પીરકા બેટા પીર''*વાળી રસમ ચાલે છે, ચાહે તે દીનના ઈલ્મોથી સજ્જ હોય કે ન હોય, પીર થવાની શરતો તેનામાં હોય કે ન હોય. શરીઅતનો ઈલ્મ મેળવવાથી ઘણે ખરે અંશે હાલની ઘણી બધી ખાનકાહોના શહઝાદાઓ કતરાય છે અને છતાં તેમને ખિલાફત તથા ગાદીનશીનીનો શરફ બખ્શી દેવામાં આવે છે. એના જ પરિણામે આપણે જોઈ રહ્યા છીએ કે ઘણી ખરાબીઓ જન્મ લઈ રહી છે.

પણ અલ્હમ્દુલિલ્લાહ ! અમે જે પીરનું જીવન ચરિત્ર રજૂ કરવા જઈ રહ્યા છીએ તે શરીઅત તથા તરીકતના સંગમ સમાન હસ્તી ઈલ્મી તથા રૂહાની દબદબાવાળી છે, જેમના શરીઅતના ઈલ્મનો ડંકો પૂરા આલમમાં વાગી ચૂકેલો છે, હિંદ તથા પાક. જ નહીં બલ્કે હરમૈન શરીફૈન તેમજ અરબ દેશો, મિસર, લેબનાન, તુર્કી વગેરે તેમજ યૂરોપી દેશોના ઉલમાએ આપની ઈલ્મી સમૃધ્ધતાનો સ્વીકાર કર્યો છે. બલ્કે મોટા મોટા અરબ શયખો વગેરે આપનાથી હદીષ પઢી આપની શાગિર્દી મેળવવા માટે વિનવણીઓ કરતા, તેમજ લાખો અવામ તો ખરી જ પણ હજારો ઉલમા જગતભરમાં આપની બયઅત કરીને આપની ગુલામીમાં રહેવાને ગર્વ સમજતા હતા. આપનો રૂહાની પ્રભાવ તથા ચેહરાનો જમાલ તો એવો હતો કે આપને જોતાં જ લોકો મુરીદ થઈ જતા. તે હસ્તી કોણ?! તે મહાન ઈલ્મી રૂહાની હસ્તીને સુન્ની જગત **તાજુશ્શરીઅહ હઝરત અલ્લામા મૌલાના મુફ્તી અખ્તર રઝાખાં અઝહરી** رحمۃ اللہ علیہના નામથી જાણે છે. વિશ્વભરમાં દોસ્તો તો દોસ્તો દુશ્મનોએ પણ જેમના ઈલ્મનો લોહો માન્યો છે તે હસ્તી એટલે ૧૪મી સદીના મુજદ્દિદ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના આપ નબીરા છે. અને આપના વાલિદે મોહતરમ મુફસ્સિરે આ'ઝમે હિંદ મુહમ્મદ ઈબ્રાહીમ રઝા ઉર્ફ જીલાની મિયાં رحمۃ اللہ علیہની તર્બિયત તથા દુઆઓ આપની સાથે હતી. તેમજ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہથી આપને ખાનદાની નિસ્બત તો છે જ પણ આપની

નિગરાનીમાં આપની તાલીમો તર્બિયત થઈ, અને મિસ્ર જઈને પણ આપે પઢાઈ કરી અને આપનો ઈલ્મી કમાલ એ છે કે ત્યાં પણ આપ અવ્વલ દરજામાં આગળ રહેતા હતા. અને મિસરની વિશ્વ વિખ્યાત અરબી યુનિવર્સિટીએ આપને "ફખ્રે અઝહર" એવોર્ડથી નવાઝેલા છે.

*નિગાહે મુફ્તીએ આ'ઝમકી હૈ યહ જલ્વાગરી*
*ચમક રહા હૈ જો 'અખ્તર' હઝાર આંખોમેં*

આપની ખૂબીઓ અગણિત છે. અમુક અંશે પ્રસ્તુત કિતાબમાં સમાવેશ કરવા અમોએ પ્રયત્ન કરેલો છે. કેટલીક વાતોનો ઉલ્લેખ આ પ્રસ્તાવનામાં પણ કરી દઈએ છીએ જેનાથી જેઓ હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہને દીવાનાવાર ચાહવાનો દાવો કરે છે તેમને પણ અને જેઓ ખરેખર આપની અક઼ીદત તથા મહોબ્બતમાં જીવી રહ્યા છે તેમને પણ જિંદગી જીવવાનો એક તરીક઼ો મયસ્સર થઈ શકે.

હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہની મેહફિલમાં એક આલિમ આવતા જતા હતા. ક્યાંક એમને વહેમ પેઠો કે હું ખુદ મોટો આલિમ છું ! તો જરા દૂર થઈ ગયા અને ક્યાંક બીજે આવવા જવા લાગ્યા. તો એકવાર એક મુરીદે કહી દીધું કે તે આપને છોડીને ગયા છે તો હવે એ મુર્તદ થઈ જશે ! તો હઝરત તેને કહેવા લાગ્યા કે, **તૌબા કર ! આ તેં શું કહી દીધું ? જે અમને છોડી ગયો તે દીન છોડી દેશે ?! કહ્યું કે દીન મારા રસૂલે પાક صلی اللہ علیہ وسلمનો છે. તે અહીં નથી આવતો તો ન આવે પણ દુઆ કર કે મુસ્તફાના દીન પર કાયમ રહે.** આજે કોઈને પોતાની સમજમાં પીરથી વિમુખ કોઈ જણાય તો ન જાણે શું નું શું કહી દેવામાં આવે છે. આ હુઝૂર તાજુશ્શરીઅહ્ના દિલની નિખાલસતા હતી કે આપે તેમનાથી વિમુખ થનારને દુઆઓ આપી. આમાં ખાસ મુરીદો તથા ચાહકો માટે મહાન સબક઼ છે કે જોશ જઝબાતમાં કોઈના વિશે ગમે તેમ ન બોલે બલ્કે સૌનું ભલુ વિચારે. હઝરતે પોતાના વિરોધી માટે પણ દુઆઓ કરી છે, બુરા શબ્દો નથી કહ્યા તો પછી મુરીદોએ વિચારવું જોઈએ. આ પણ હુઝૂર નબી કરીમ صلی اللہ علیہ وسلمની સુન્નત છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ પથ્થરોથી લોહી લુહાણ થયા પછી પણ તાઈફવાળાઓ માટે ભલી દુઆઓ કરી હતી. તેના પર આપ હઝરતનો અમલ હતો.

હઝરત તાજુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہની સાદગી મેં નરી આંખોએ જોયેલી છે. ઈ.સ. ૧૯૯૦ પહેલાંના સમયમાં હઝરત મુઝ નાચીઝના ઘરે એકાદ બે વાર કયામ ફર્માવેલ છે. એકવારનો બનાવ છે કે ત્યારે મારુ ગરીબખાનુ એક જ માળનુ હતું. અને પ્રથમ દરવાજામાં દાખલ થતાં પહેલાં એક ઊંચી પાળી કરેલી હતી તે ઉતરીને ઘરમાં પ્રવેશ થતો. હઝરત પણ એ પાળી પર પગ મૂકી ઉતરવા ગયા તો છતની નેવાણી સાથે હઝરતનુ મુબારક માથુ સહેજ સ્પર્શી ગયું. તો જનાબ હાફિઝ હસન રઝવી હલદરવી (હાલ : બોલ્ટન યુ.કે.)એ અર્ઝ કરી કે હઝરત ! દુઆ કરી દો કે શબ્બીરભાઈનું મકાન ઊંચુ બની જાય ! તો હઝરતની દુઆથી હાલ ત્રણ માલનું ઠીકઠાક મકાન બનેલુ છે.

જ્યારે ઉપલો માળ બન્યા બાદ બીજીવાર હઝરત રોકાયા હતા ત્યારે રોકાણ દરમ્યાન મેં હઝરતના રસ્તામાં ચાદરો બિછાવી હતી પણ હઝરત જ્યારે પણ ઘરમાં આગળ પાછળ ચાલતા તો ચાદર પર ચાલવાને બદલે સાઈડ પર પગ મૂકીને જ ચાલતા. આ આપની સાદગી હતી. વાતો નાની છે પણ ઘણુ શીખવાનુ એમાં છે.

આપ ઉલમાએ કિરામ તથા સાદતે કિરામનું ખૂબ રિસ્પેક્ટ કરતા હતા. મને એક આલિમ સાહબે પોતાનો અનુભવ કહ્યો કે એકવાર અમો હાજર હતા તેવામાં હઝરતને ખબર મળી કે બહરુલ ઉલૂમ હઝરત અલ્લામા મુફ્તી અબ્દુલ મન્નાન સાહબ મુબારકપુરી માજી શૈખુલ હદીષ દારુલ ઉલૂમ શમ્સુલ ઉલૂમ ઘૌસી આપની મુલાકાતે આવી રહ્યા છે. તો આપ તેમના સ્વાગત માટે તૈયાર થઈ ગયા અને ઉષ્માભેર ઉભા થઈ બગલગીર કરી સ્વાગત કર્યું. એ જ પ્રમાણે સાદાતે કિરામની આપ તા'ઝીમ કરતા હતા. (જુઓ પેજ નં. : ૪૭) અને કેમ ન કરે કે આપના બાપદાદાઓનો એ ખાસ સબક તથા અમલ રહેલો છે.

આપના કમાલો તથા કરામતો દર્શાવતી આ સંક્ષિપ્ત કિતાબનો અભ્યાસ જરૂર આપની માલૂમાતમાં વધારો કરશે અને હુઝૂર તાજુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہના મકામ તથા મર્તબાની પહેચાન કરાવશે, ઈન્શાઅલ્લાહ !

**–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)

*(તા. ૨૫–મે–૨૦૨૧, મંગળવાર, હિ.સ. ૧૪૪૨, ૧૨–શવ્વાલુલ મુકર્રમ)*

بسم اللہ الرحمن الرحیم

نَحْمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِہِ الْکَرِیْمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَارَسُوْلَ اللّٰہِ   اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَا نَبِیَّ اللّٰہِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَاحَبِیْبَ اللّٰہِ   اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیْکَ یَا نُوْرَ اللّٰہِ

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْکَ وَسَلَّمَ

**નિગાહે મુફ્તીયે આ'ઝમ કી હૈ યહ જલ્વાગરી**

**ચમક રહા હૈ જો અખ્તર હઝાર આંખોં મેં**

હુઝૂર તાજુશ્શરીઅહ, વારિષે ઉલૂમે આ'લા હઝરત, મઝહરે હુજ્જતુલ ઈસ્લામ, શૈખુલ ઈસ્લામ વલ મુસ્લિમીન, ફખ્રુલ મુહદ્દિષીન, જાનશીને હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા મુફ્તી શાહ મુહમ્મદ અખ્તર રઝા કાદરી અઝહરી رحمۃ اللہ علیہ અહલે સુન્નત વ જમાઅતની એક અજોડ ઈલ્મી રૂહાની શખ્શિયત હતા. આપ અનેક ખૂબીઓના માલિક હતા. પ્રસ્તુત લખાણમાં આપના જીવનચરિત્રનું સંક્ષિપ્તમાં વર્ણન કરવામાં આવે છે.

**જન્મ મુબારક** : આપની વિલાદત કાશાનાએ રઝા, મહોલ્લા સોદાગ્રાન બરેલીમાં ૧૪ ઝી કઅદા હિ.સ ૧૩૬૧, અં.તા. ૨૩–૧૧–૧૯૪૨ મંગળવારે થઈ. અન્ય રિવાયતો છે પણ સહીહ તારીખ આ જ છે.

*(માહનામા સુન્ની દુન્યા, જાન્યુ. ૨૦૧૨)*

**નામ તથા વંશાવલિ** : આપ હઝરત મુફસ્સિરે આ'ઝમે હિંદ હઝરત અલ્લામા મુહમ્મદ ઈબ્રાહીમ રઝા જીલાની મિયાં رحمۃ اللہ علیہના શાનવાળા ફરઝંદ છે. ખાનદાનના દસ્તૂર પ્રમાણે આપનુ પેદાઈશી નામ ''મુહમ્મદ'' રાખવામાં આવ્યું. વાલિદે માજિદનું નામ ઈબ્રાહીમ રઝા છે એ નિસ્બતથી આપનું નામ ''ઈસ્માઈલ રઝા'' તજવીઝ થયું. ઉર્ફી નામ ''અખ્તર રઝા'' છે અને એ જ નામથી મશહૂર છે. ''અખ્તર'' તખલ્લુસ (ઉપનામ) છે, ''કાદરી'' મશરબન (સિલસિલાની રૂએ) અને ''અઝહરી'' ઈલ્મન

Web: www.barkatekhwaja.net

(ઈલ્મના સંબંધી) નામની આખર લખવામાં આવે છે. પિતા તથા માતા બંનેના વંશવેલા તરફથી બળ્હેચી અફઘાની પઠાણ છે. પિતા તરફથી વંશવેલો આ પ્રમાણે છે : તાજુશ્શરીઅહ મુફતી મુહમ્મદ અખ્તર રઝાખાં બિન મુફસ્સિરે આ'ઝમે હિંદ મુહમ્મદ ઈબ્રાહીમ રઝા બિન હુજ્જતુલ ઈસ્લામ મુહમ્મદ હામિદ રઝા બિન ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા બિન ખાતિમુલ મુતકલ્લિમીન મુફતી મુહમ્મદ નક઼ી અલીખાં..... છેવટ સુધી. માતા તરફથી વંશવેલો : હુઝૂર તાજુશ્શરીઅહ અખ્તર રઝા બિન નિગાર ફાતિમા ઉર્ફ સરકાર બેગમ બિન્તે મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મુહમ્મદ મુસ્તફા રઝાખાં બિન આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં ..... છેવટ સુધી. (رحمۃ اللہ علیہم اجمعین) *(હયાતે આ'લા હઝરત, ૧/૧૦૩)*

"મુહમ્મદ" નામ પર આપનો અક઼ીક઼ો થયો. મા બાપ તથા નાના નાનીના પ્રેમાળ સાયામાં આપનો ઉછેર થયો. હુઝૂર તાજુશ્શરીઅહની જિંદગીની કિતાબ એવા માહોલમાં તથા એવા સંસ્કાર તથા સંસ્કૃતિમાં ખુલી જે ચોતરફથી તદ્દન એકદમ ઈસ્લામી શરીઅત મુજબનો હતો. દાદાનું ઘર તથા મોસાળ બંનેવ ખાનવાદામાં જ હતાં અને સંજોગોવસાત સાસરી પણ ખાનદાનમાં જ રહી. એટલા માટે હઝરતની નિગાહે દરેક સમયે એ માહોલ જોયો કે જે શરીઅતના વર્તુળમાં ઉછરે છે, એની અસર હઝરતની જાત તથા શખ્સિયતે ખૂબ જ ક઼બૂલ કરી અને પોતાને ઈસ્લામી શરીઅતમાં ઢાળી લીધા અને જબરદસ્ત મુબલ્લિગે ઈસ્લામ બનીને ઉભર્યા.

**તઅલીમો તર્બિયત** : વાલિદે માજિદ (પિતા)એ રૂહાની તથા શારીરિક, જાહેરી તથા આંત્રિક (બાતિની) દરેક રીતની તર્બિયત કરી અને શાનદાર તર્બિયતનું આયોજન કર્યું. ખૂબ જ લાલન પાલનથી પાળ્યા અને સર્વ જરૂરતોને પૂરી પાડી. જ્યારે આપ ચાર વરસ ચાર મહિના ચાર દિવસના થયા તો વાલિદે માજિદે બિસ્મિલ્લાહખ્વાનીની વ્યવસ્થા કરી. દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામના તલબા તથા મુદર્રિસોની દાવત કરી, સગાં સ્નેહીઓ, શહેરના માનપાત્ર લોકોને પણ આમંત્રિત કર્યા. મુફસ્સિરે આ'ઝમે હિંદ હઝરત અલ્લામા ઈબ્રાહીમ રઝા رحمۃ اللہ علیہ એ પોતાના મોહતરમ સસરા તથા

Web: www.barkatehwaja.net

કાકા જાનશીને આ'લા હઝરત હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ ની બારગાહમાં અરજ કરી કે ''અખ્તર મિયાં''ની બિસ્મિલ્લાહ ખ્વાનીનો પ્રોગ્રામ છે એમાં હુઝૂર શિર્કત ફર્માવે અને તસ્મિયહ (બિસ્મિલ્લાહ)ખ્વાની પણ કરાવે. જેથી હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ એ બિસ્મિલ્લાહખ્વાની કરાવી.

આપે વાલિદ માજિદથી નાઝરા ખત્મ કર્યું અને પ્રારંભિક કિતાબો ખુદ વાલિદ સાહબે પઢાવી ત્યારબાદ દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામમાં દાખલો કરાવી દીધો. મહેનત તથા લગનની સાથે રિવાજ મુજબના દર્સે નિઝામીની પૂર્ણતા અહીં જ કરી. આપને શરૂઆતથી જ અભ્યાસનો બેહદ શોખ રહ્યો. આ બારામાં ત્રણ કદાવર શખ્શિયતોના પ્રતિભાવો મારેહરા શરીફથી બરેલી સુધી નક્લ કરીએ છીએ. ઈમામે ઈલ્મો ફન હઝરત ખ્વાજા મુઝફ્ફર હુસૈન عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ માજી શૈખુલ હદીષ દારુલ ઉલૂમ ચિરા મુહમ્મદપુર–ફૈઝાબાદ જણાવે છે : ''હુઝૂર અઝહરી મિયાંને મેં તાલિબે ઈલ્મીના જમાનામાં જોયા કે અભ્યાસના બેહદ શોખિન હતા, ત્યાં સુધી કે કેટલીકવાર મસ્જિદમાં આવતા તો જોતો કે રસ્તે ચાલતાં જેવો મોક઼ો મળ્યો કે કિતાબ વાંચવા લાગતા.''

એ જ પ્રમાણે મુફતી ગુલામ મુજતબા અશરફી قدس سرہ શૈખુલ હદીષ મન્ઝરે ઈસ્લામ–બરેલી જણાવે છે કે : ''હઝરત તાજુશ્શરીઅહને કિતાબો સાથે ખૂબ જ લગાવ છે. તાલિબે ઈલ્મીના સમયથી જ નવી નવી કિતાબો જોવાનો, વાંચવાનો ઘણો જ અધિક શોખ હતો, ત્યાં સુધી કે રસ્તે ચાલતાં પણ કિતાબ પઢતા અને હવે હું જોઈ રહ્યો છું કે હવે એ શોખ દિન દૂના રાત ચોગુના છે.''

ઉમ્દતુલ મુહક્કિક઼ીન હઝરત અલ્લામા ક઼ાઝી અબ્દુર્રહમાન બસ્તવી رحمۃ اللہ علیہ તો હમેશાં આપના વાંચનના શોખ તથા યાદ શક્તિનો ઉલ્લેખ કર્યા કરતા હતા. કેટલીકવાર કોઈક કોઈક બનાવ પણ વર્ણન કરતા હતા.''

*(મારહરાસે બરેલી તક, પેજ : ૧૮૪)*

પ્રારંભિક કિતાબો પહેલી ફારસી, દુસ્રી ફારસી, ગુલઝારે દબિસ્તાં ઔર બોસ્તાં, જનાબ હાફિઝ ઈન્આમુલ્લાહ ખાન તસ્નીમ હામિદીથી પઢી.

ઈ.સ. ૧૯૫૨માં ફઝલુર્રહમાન ઈસ્લામિયા ઈન્ટર કોલેજ બરેલીમાં દાખલ કરવામાં આવ્યા જેમાં ગણિત, હિંદી, સંસ્કૃત, અંગ્રેજી વગેરેની તાલીમ હાંસલ કરી. આઠમી કલાસ પાસ કર્યા પછી દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામમાં દાખલ થયા. તા'લીમ દરમ્યાન જ આપની અંદર અંગ્રેજી, અરબી બોલવાની પાત્રતા પેદા થઈ ગઈ. ફઝીલતુશ્શયખ મૌલાના મુહમ્મદ અબ્દુત્તવ્વાબ મિસ્રી જે મન્ઝરે ઈસ્લામના ઉસ્તાદ હતા તેઓ અરબી અદબની તા'લીમ આપ્યા કરતા હતા. હુઝૂર તાજુશ્શરીઅહ તેમને વહેલી સવારે હિંદી, ઉર્દૂ તથા ઈંગ્લિશ દૈનિક વર્તમાનપત્રોનો અરબીમાં તર્જુમો કરીને સંભળાવ્યા કરતા હતા. અને આપ એમની સાથે (અરબીમાં) સહજ રીતે વાતચીત કરી લીધા કરતા હતા. આ જ કાબેલિયતોને જોતાં શયખ મિસ્રીએ કહ્યું કે એમને જામેઅ અઝહર–કાહિરા (મિસ્ર) ઉચ્ચ તા'લીમ અર્થે મોકલી દેવામાં આવે.

*(હયાતે તાજુશ્શરીઅહ, પેજ : ૧૦, મૌ. શહાબુદ્દીન)*

જેથી આપના દાદા હુજ્જતુલ ઈસ્લામ رحمۃ اللہ علیہના ખાસ મુરીદ જનાબ નિષાર અહમદ હામિદી સુલ્તાનપૂરીએ પૂરી કોશિશ કરી. વાલિદની ખ્વાહિશ અને લોકોના આગ્રહ પર આપ હિ.સ. ૧૯૬૩માં મશહૂર યુનિવર્સિટી જામિઆ અઝહર–કાહિરા મિસર (અરબી) ઝબાન તથા અદબ (ભાષા તથા સાહિત્ય) પર નિપૂણતા હાંસલ કરવા માટે તશરીફ લઈ ગયા. કુલ્લિયા ઉસૂલુદ્દીનમાં દાખલો લીધો અને દીનના કુર્આન તથા હદીષના ઉસૂલ પર રીસર્ચ કરી અને અરબી અદબને મજબૂત કર્યો. પણ હઝરતને પૂછતાં માલૂમ પડયું કે આપ મિસ્ર જવા ઈચ્છતા ન હતા બલ્કે મુફતીએ આ'ઝમ قُدِّسَ سِرُّہُ الْعَزِیْزની બારગાહમાં જ રહેવા ચાહતા હતા. જેમ કે કદી કદી ફર્માવતા : "જે ઈલ્મી તથા અદબી (સાહિત્યિક) ફાયદા હઝરત (મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ)ની પાસે રહીને થયા તે મિસ્રમાં નથી થયા. એ ત્રણ વરસો પણ કાશ ! હઝરતની ખિદમતમાં જ ગુજર્યા હોત." પછી ફર્માવતા : "મુફતીએ આ'ઝમે હિંદનો ઈલ્મ ઘણો જ મજબૂત હતો." મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની ઈલ્મી વિશાળતાનો ઉલ્લેખ હઝરત કાઝીએ મિલ્લત મુફતી અબ્દુર્રહમાન બસ્તવી عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ પણ મોટાભાગે કર્યા કરતા હતા.

*(મારહરાસે બરેલી તક, પેજ : ૧૮૪)*

હિ.સ. ૧૩૮૬, ઈ.સ. ૧૯૬૬માં કુલ્લિયતુલ ઉસૂલિદ્દીન કિસ્મુત્તફસીર વલ હદીષની પૂર્ણતા કરી. આ વિભાગમાં આપે પ્રથમ પોઝિશન હાંસલ કરી. વાર્ષિક પરીક્ષામાં જનરલ નોલજની પરીક્ષા તક્રીરી થઈ હતી જેમાં પરીક્ષકે ઈલ્મે કલામથી સંબંધિત સવાલો કર્યા એમાં આપના સહાધ્યાયી જવાબ ન આપી શક્યા. પરીક્ષકે સવાલ દોહરાવીને આપની તરફ જોયું અને જવાબ તલબ કર્યો, તો આપે એનો શાનદાર જવાબ આપ્યો. પરીક્ષકે પૂછયું, આપ તફસીર તથા હદીષના વિભાગના વિદ્યાર્થી છો છતાં પણ ઈલ્મે કલામમાં આ ગહરાઈ છે ?! ત્યારે હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہએ જવાબ આપ્યો મેં, "દારુલ ઉલૂમ મંઝરે ઈસ્લામ"માં ઈલ્મે કલામ પઢયું છે. આપના ઈલ્મી જવાબથી તે ખૂબ જ પ્રભાવિત થયા અને આપને સહાધ્યાયીઓમાં સૌથી અધિક માર્કસ આપ્યા. રિઝલ્ટ બાદ આપને પ્રથમ નંબરે આવવાના કારણે મિસરના પ્રમુખ જનાબ કર્નલ જમાલ અબ્દુન્નાસિર સાહબે મેડલરૂપે એવોર્ડ અને B.A.ની ડિગ્રી અર્પણ કરી.

*(મારહરાસે બરેલી તક, પેજ : ૧૮૪)*

હુઝૂર તાજુશ્શરીઅહએ જ્યારે જામિઆ અઝહર કાહિરામાં પ્રથમ રેન્કમાં સફળતા મેળવી અને જ્યારે એની ખબર ઘરવાળાંને મળી તો રયહાને મિલ્લત મૌલાના રયહાન રઝાખાં રહમાનીમિયાં એડિટર માહનામા આ'લા હઝરતે "કવાઈફે આસ્તાના રઝવિય્યહ"ના હેઠળ લખ્યું છે : "નબીરએ આ'લા હઝરત તથા હુજ્જતુલ ઈસ્લામ رحمۃ اللہ علیہما તથા હઝરત મુફસ્સિરે આ'ઝમના ફરઝંદે દિલબંદ હઝરત અલ્લામા અખ્તર રઝાખાં સાહબ દામત બરકાતુહુમુલ કુદસિયહએ અરબીમાં ફરાગતની સનદ ખૂબ જ વિશિષ્ટપણે અગ્રસ્થાને હાંસલ કરી. હુઝૂર તાજુશ્શરીઅહ ન કેવળ જામેઅ અઝહરમાં બલ્કે પૂરા મિસરમાં પ્રથમ નંબરથી પાસ થયા. મૌલા તઆલા તેમને આનાથીય વિશેષ સારામાં સારી કામયાબી અતા ફર્માવે અને તેમને ખિદમતોને પાત્ર બનાવે અને તે સાચા અર્થમાં આ'લા હઝરત ઈમામે અહલે સુન્નતના જાનશીન કહેવાય." اللھم زد فزد

*(માહનામા આ'લા હઝરત, સપ્ટેમ્બર : ૧૯૬૫)*



Web. : www.barkatehraja.net

હુઝૂર તાજુશ્શરીઅહની જામેઅ અઝહરથી ઈ.સ. ૧૯૬૬માં ફરાગત થઈ તો ત્યાંથી એવોર્ડ અને ફરાગતની સનદ (જેનો એન્ટ્રી નં. ૧૨૦૭ છે) લઈને ઈન્ડિયા પરત આવ્યા. પહેલાં જામેઅ અઝહર જવું ઘણુ જ મુશ્કેલ કામ હતું અને ગયા પછી સતત રોકાણ કોર્સ પૂરો થતા સુધી રહેતું હતું. પહેલાં ઘરવાળાં તથા સગાંઓથી મુલાકાતનો સરળતાપૂર્વકનો કોઈ માર્ગ રહેતો ન હતો. એટલા માટે જ્યારે આપના હિંદુસ્તાન આવવાની ખબર ઘરવાળાઓ તથા સગા સંબંધીઓને મળી તો ખુશીઓનો સમંદર ઉમટી પડયો. જનાબ ઉમ્મીદ રઝવી બરેલ્વીના શબ્દોમાં માહનામા આ'લા હઝરતનું લખાણ જુઓ :–

''ગુલિસ્તાને રઝવિય્યતના મહકતા ફૂલ, ચમનિસ્તાને આ'લા હઝરતના ગુલે ખુશરંગ જનાબ અલ્લામા વ મૌલાના મુહમ્મદ અખ્તર રઝા સાહબ ઈબ્ને હઝરત મુફસ્સિરે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ એક લાંબા અરસા પછી જામિઆ અઝહર મિસરથી ડિગ્રી પ્રાપ્ત કરીને અં. તા. ૧૭ નવેમ્બર ૧૯૬૬, ૧૩૮૬ હિજરીની સવારે બહારે અફઝાએ ગુલશને બરેલી થયા. બરેલીના જંકશન સ્ટેશન પર અકીદતમંદો, સંબંધીઓ, તથા ખાનદાનવાળાઓ, દારુલ ઉલૂમ મંઝરે ઈસ્લામના ઉલમા તથા તલબા, એ ઉપરાંત અસંખ્ય ચાહક વર્ગે હઝરત મુફતીએ આ'ઝમે હિંદ (મુસ્તફા રઝા) مدظلہ العالیની સરપરસ્તીમાં શાનદાર સ્વાગત કર્યું. અને સાહબઝાદા મૌસૂફ (તાજુશ્શરીઅહ)ને ખુશરંગ ફૂલોના ગજરા અને હારોની પેશકશ કરીને પોતાના દીવાનગીભર્યા જઝબાત તથા ખુલૂસ તથા અકીદતનું પ્રદર્શન કર્યું. ઈદારો હઝરત અલ્લામા મૌલાના મુહમ્મદ અખ્તરરઝાખાં અઝહરી તથા સંબંધીઓને કામયાબીથી પરત આવવા પર મુબારક બાદ પેશ કરે છે અને દુઆ કરે છે કે અલ્લાહ તઆલા તેના હબીબ તુફૈલ صلی اللہ علیہ وسلمના તુફૈલ તેમના બાપદાદાઓ ખાસ કરીને આ'લા હઝરત ઈમામ અહલે સુન્નત મુજદ્દિદે આ'ઝમ رضی اللہ عنہના સાચા વારિસ તથા જાનશીન બનાવે. ઈ દુઆ અઝ મન અઝ જુમ્લા જહાં આમીન બાદ.''

*(માહનામા આ'લા હઝરત, ડિસે. ૧૯૬૬)*

સ્વાગત કરનાર લોકોમાં શહેરના સૌથી મોભાદાર લોકો ઉપરાંત



Web. www.barkatehwaja.net

બહારથી આવેલા લોકો ખાસ કરીને કાનપુર વગેરેના લોકો ખૂબ જ પ્રમાણમાં હાજર હતા. એમનામાં હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના ખાસ ખાદિમ અલ્હાજ મુહમ્મદ નાસિર રઝવી બરેલ્વી સાહબ પણ હતા. તે કહે છે :–

''આપ (તાજુશ્શરીઅહ)ને મળવા માટે હઝરત જાતે પોતે તશરીફ લઈ ગયા અને ટ્રેનની બેચેનીપૂર્વક રાહ જોતા રહ્યા. જેવી ટ્રેન પ્લેટફોર્મ પર આવીને રોકાઈ. આપ ઉતર્યા તો સૌ પ્રથમ હઝરતે (મુફતીએ આ'ઝમે) ગળે લગાડયા, પેશાની ચૂમી અને ઘણી જ દુઆઓ આપી અને ફર્માવ્યું કે, ''કેટલાક લોકો ગયા હતા, બદલાયને આવ્યા પણ મારા બાળક પર જામિયાની તહઝીબ (આઝાદ ખયાલી, દેખાવ પહેરવેશમાં તબદીલી, નેક લિબાસથી દૂરી)ની કોઈ અસર ન થઈ. માશાઅલ્લાહ !''*(હયાતે તાજુશ્શરીઅહ, પેજ : ૨૪)*

**તા'લીમ દરમ્યાન સદમો** : હુઝૂર તાજુશ્શરીઅહના વાલિદે મોહતરમ મુફસ્સિરે આ'ઝમ હઝરત જીલાની મિયાં عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ જબરદસ્ત આલિમ તથા ફાઝિલ અને આલિમે બાઅમલ હતા. ઔલાદ તથા શાગિર્દોની તર્બિયત (કેળવણી)નો ખયાલ દરેક સમયે રાખતા. જીલાનીમિયાં અવલાદના મિજાઝના પ્રમાણે જેને જે વિષયમાં દિલચસ્પી જોવા મળી તેને તેમાં જ આગળ વધારવામાં પ્રયત્નશીલ રહ્યા. આપની દીની તા'લીમ પ્રત્યે દિલચસ્પી તથા લગાવથી ખૂબ જ પ્રભાવિત હતા જેથી આપની તર્બિયત પણ એ જ અંદાઝમાં કરી. બચપનથી વઅઝ તથા તકરીરની તર્બિયત આપી અને સંકોચ તોડવા માટે આપને બોલાવીને કહ્યું કે સાંભળો ! કાલથી મંઝરે ઈસ્લામના તલબાને ''સૈફુલ જબ્બાર'' સંભળાવ્યા કરશો. આપે અર્ઝ કરી કે અબ્બા હુઝૂર ! હજી તો મારુ ઉર્દૂ પણ બરાબર નથી ! ફર્માવ્યું, સૌ ઠીક થઈ જશે, આ કામ તમારી જિમ્મેદારીમાં કરવામાં આવે છે. આપે બીજા દિવસે સહાધ્યાયીઓને ભેગા કર્યા અને ''સૈફુલ જબ્બાર''નો દર્સ શરૂ કરી આપ્યો. હુઝૂર મુફસ્સિરે આ'ઝમે હિંદ અલ્લામા ઈબ્રાહીમ રઝા ઉર્ફ જીલાની મિયાં رحمۃ اللہ علیہના આ તર્બિયતના અંદાઝમાં કેટલાય હેતુઓ છુપાયેલા હતા. એક તો એ કે ઉર્દૂખ્વાની બરાબર થઈ જશે, અભ્યાસનો શોખ વધશે, જે શબ્દ સમજી નહીં શકે તેને પૂછવાનો શોખ પેદા થશે. હક્ક઼ અક઼ીદાઓની ખૂબ

Web: www.barkatekhwaja.net

જાણકારી થશે અને અક઼ીદામાં પુખ્તગી પેદા થશે. એટલા માટે ''સૈફુલ જબ્બાર''ની પસંદગી કરી, તક઼રીર તથા ખિતાબમાં ખચકાટ તથા સંકોચ ખત્મ થઈ જશે. પોતાની ખયાલ પ્રદર્શિત કરવાની એ જ સમયથી જેવી કે હોવી જોઈએ તેવી શક્તિ પેદા થઈ જશે. *(હયાતે તાજુશ્શરીઅહ, પેજ : ૧૪)*

એ જ પ્રમાણે દરેક મોડ પર વાલિદ માજિદે હુઝૂર તાજુશ્શરીઅહની રહનુમાઈ કરી. વાલિદની ખ્વાહિશ પર જ ''મન્ઝરે ઈસ્લામ''થી ફરાગત હાંસલ કર્યા બાદ જામેઅ અઝહર મિસર તા'લીમ અર્થે ગયા. પણ હાય અફસોસ ! કોને ખબર હતી કે આ દરમ્યાન વાલિદે માજિદ, મુશ્ફિક઼ વ મુરબ્બી, ઉસ્તાઝ તથા શયખ વિખુટા થઈ જશે. જામેઅ અઝહર મિસરની તા'લીમ દરમિયાન હુઝૂર તાજુશ્શરીઅહના વાલિદ મુફસ્સિરે આ'ઝમે હિંદ જીલાની મિયાં رحمۃ اللہ علیہ ૬૦ વરસની વયે ૧૧ સફરુલ મુઝફ્ફર હિ.સ. ૧૮૮૫, ઈ.સ. પ્રમાણે ૧૨–૬–૧૯૬૫ના ઈન્તેક઼ાલ કરી ગયા. ઈન્તેક઼ાલની ખબર પહોંચતાં જ આપના દિલો દિમાગ પર ઊંડો આઘાત પહોંચ્યો. આપના સહાધ્યાયી મૌલાના શમીમ અશરફ અઝહરી (સા. આફ્રિકા)એ આપના મોટાભાઈ મૌલાના રયહાન રઝાખાં સાહબને તઅઝિયતી પત્ર લખ્યો અને આપની કૈફિયત વર્ણવી. હુઝૂર તાજુશ્શરીઅહએ પણ પોતાના મોટાભાઈના નામે લાંબો પત્ર લખ્યો અને વાલિદ સાહબના ઈન્તેક઼ાલની વિગત જાણવા માગી. અને ૧૨ શેઅરોની તઅઝિયતી નઝમ લખી મોકલી. ત્રણ શેઅર જોઈ લો :–

*કિસ કે ગમમેં હાય તળપાતા હૈ દિલ*
*ઔર કુછ ઝયાદા ઉમંડ આતા હૈ દિલ*

*હાએ દિલ કા આસરા હી ચલ બસા*
*ટુકળે ટુકળે અબ હુવા જાતા હૈ દિલ*

*અપને 'અખ્તર' પર ઈનાયત કીજીએ*
*મેરે મૌલા કિસકો બહકાતા હૈ દિલ*

*(સફીનએ બખ્શિશ, પેજ : ૬૯)*

અને નવ શેઅરો પર આધારિત એક અન્ય મન્ક઼બત લખી તેના ત્રણ શેઅર જોઈ લો :

*હમ કો બિન દેખે તુમ્હેં અબ કૈસે ચૈન આએ હુઝૂર*
*તુમ શકીબે અક્રબા થે શાહ જીલાની મિયાં*

*સબ્રો તસ્લીમો રઝા કી અબ હમેં તૌફીક્ દે*
*તેરે બંદે અય ખુદા થે શાહ જીલાની મિયાં*

*શોર કૈસા હૈ યહ બરપા ગૌરસે 'અખ્તર' સુનો*
*પરતવે અહમદ રઝા થે શાહ જીલાની મિયાં*

*(સફીનએ બખ્શિશ, પેજ : ૬૮)*

પરંતુ હુઝૂર તાજુશ્શરીઅહની અડગતાનો પાયો ન ડગમગ્યો અને સબ્રની સાથે તા'લીમ પ્રાપ્તિમાં વ્યસ્ત રહ્યા, અને તા'લીમ પૂરી કર્યા બાદ ઈન્ડિયા પરત આવ્યા. આ સૌ અકાબિરે ઈસ્લામની તર્બિયતની અસરો હતી.

**આપના ઉસ્તાઝો** : હુઝૂર તાજુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہએ જે ઉસ્તાદો થકી ઈલ્મ ગ્રહણ કર્યો અને તાજુશ્શરીઅહ, કાઝીયુલ કુઝાત જેવા ઉચ્ચ લક્બો વડે મશહૂર થયા, તે ઈલ્મો ફઝ્લના આફતાબો નીચે મુજબ છે :–

**૦૧.** હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મુહમ્મદ મુસ્તફા રઝાખાં નૂરી رحمۃ اللہ علیہ બાનીયે દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામ–બરેલી શરીફ.

**૦૨.** મુફસ્સિરે આ'ઝમે હિંદ હઝરત મૌલાના મુહમ્મદ ઈબ્રાહીમ રઝાખાં જીલાની મિયાં رحمۃ اللہ علیہ મોહતમિમ દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામ–બરેલી શરીફ.

**૦૩.** હઝરત મુફતી મુહમ્મદ અફઝલ હુસૈન મોંગેરી થુમ્મ પાકિસ્તાની, શૈખુલ હદીષ દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામ–બરેલી શરીફ.

**૦૪.** હઝરત વાલિદા માજિદા નિગાર ફાતિમા ઉર્ફ સરકાર બેગમ, મુબલ્લિગાએ ઈસ્લામ–બરેલી શરીફ.

**૦૫.** હઝરત મૌલાના હાફિઝ મુહમ્મદ ઈન્આમુલ્લાહ ખાન તસ્નીમ હામિદી–બરેલી શરીફ.

**૦૬.** હઝરત મૌલાના શયખ મુહમ્મદ સમાહી, શૈખુલ હદીષ વત્તફસીર, જામિઆ અઝહર, કાહિરા–મિસર.

૦૭. હઝરત મૌલાના શયખ અબ્દુલ ગફ્ફાર, ઉસ્તાઝુલ હદીષ, જામિઆ અઝહર, કાહિરા–મિસ્ર.

૦૮. હઝરત મૌલાના અબ્દુત્તવ્વાબ મિસ્રી, શૈખુલ અદબ, મન્ઝરે ઈસ્લામ–બરેલી શરીફ.

૦૯. સદરુલ ઉલમા હઝરત મુફતી મુહમ્મદ તેહસીન રઝાખાં, સદરુલ મુદર્રિસીન વ શૈખુલ હદીષ : જામિઅતુર્રઝા–બરેલી શરીફ.

૧૦. હઝરત મૌલાના મુહમ્મદ અહમદ જહાંગીરખાં આ'ઝમી, ઉસ્તાઝ વ મુફતી દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામ–બરેલી શરીફ.

હુઝૂર તાજુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہના ઉસ્તાદોની ઉપરોક્ત યાદી અધૂરી છે. એમાં તે સર્વ ઉસ્તાઝોનું વર્ણન નથી જે દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામમાં અને જામિઆ અઝહર મિસરમાં હઝરતના ઉસ્તાદ રહ્યા તેમજ ઈસ્લામિયા ઈન્ટર કોલેજ બરેલી શરીફના મોડર્ન એજ્યુકેશનના ટીચર્સ રહ્યા છે. હા, આને એમની યાદી જરૂર કહી શકાય છે કે જેનાથી હઝરતે ખૂબ જ અધિક પ્રમાણમાં લાભ મેળવ્યો છે.

**દર્સ તથા તદરીસ** : જ્યારે આપ જામિઆ અઝહર–મિસરથી તશરીફ લાવ્યા તો મન્ઝરે ઈસ્લામમાં મુદર્રિસ નિયુક્ત થયા. એટલે કે આપે ઈ.સ. ૧૯૬૭થી તદરીસ (પઢાવવા)ની કાયદેસર રીતે શરૂઆત કરી. સતત જિદ્દો જેહદ, મહેનત તથા લગનથી પઢાવતા રહ્યા, ત્યાં સુધી કે ઈ.સ. ૧૯૭૮માં આપ સદરુલ મુદર્રિસીનના હોદ્દા પર બિરાજમાન થયા. મન્ઝરે ઈસ્લામનો દારુલ ઈફતા પણ આપને સુપરત થઈ ગયો. લગભગ ૧૯૮૦માં આપ અતિશય પ્રમાણમાં વ્યસ્તતાના કારણે મન્ઝરે ઈસ્લામથી અલગ થઈ ગયા, કે આ તે દૌર છે જેમાં સરકાર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ બીમાર ચાલી રહ્યા હતા. આ કારણે તબ્લીગી દૌરા વગેરે પણ ઉપસ્થિત રહ્યા. સરકાર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہનો ઈ.સ. ૧૯૮૧માં ઈન્તેકાલ થઈ ગયો, ત્યાર બાદ આપની વ્યસ્તતા ખૂબ જ વધી ગઈ. ફતાવા લેખનમાં આપ કેન્દ્ર સ્થાને ઠર્યા જેથી આપે મર્કઝી દારુલ ઈફતાની સ્થાપના કરી જે આજે પણ ખૂબ જ સારી રીતે ખૂબીપૂર્વક પોતાની મંઝિલની તરફ ડગ ભરી

રહેલ છે. પણ આપે દર્સો તદરીસ, લેખન તથા સંપાદન, અરબીમાં રૂપાંતર તથા અરબીના અનુવાદના કામ પર અસર ન પડવા દીધી, બલ્કે એ સતત ચાલુ રહ્યું. છેવટ સુધી એ કામો જોરશોરથી ચાલુ રહ્યાં.

*(માહનામા સુન્ની દુન્યા, જાન્યુ–૨૦૧૨, બરેલી શરીફ)*

દેશ પરદેશના દૌરાઓના કારણે મન્ઝરે ઈસ્લામથી અલાહિદગી પછી દર્સ તથા તદરીસનો ક્રમ કટ થઈ ગયો. ખિતાબત તથા નસીહત તથા તબ્લીગી સફરો ચાલુ રહી, ફતવા લેખનનો ક્રમ ચાલુ રહ્યો પણ અમુક વરસો બાદ પોતાના દોલતકદા પર દર્સે કુર્આનનો ક્રમ શરૂ કર્યો જેમાં દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામ, મઝહરે ઈસ્લામ, જામિઆ નૂરિયા રઝવિય્યહ અને દૂર દૂરના ઉલમા તથા મશાઈખ ખૂબ જ સંખ્યામાં હાજરી આપતા રહ્યા. મર્કઝી દારુલ ઈફતામાં ઈફતાની તર્બિયત લેનારા તલબાને બુખારી શરીફ, મુસ્લિમ શરીફ, ઉકૂદે રસ્મુલ મુફતા, અલ્અશ્બાહ વન્નઝાઈર, ફવાતિહુર્રહમૂત, શામી, બદાએઅ વસ્સનાએઅ, અજલ્લિયુલ અઅ્લામ, વગેરે કિતાબોનો દર્સ આપતા રહ્યા. તદરીસુલ ઈફતા (મશ્કે ઈફતા)ના મસાઈલની ઈસ્લાહ કરતા રહ્યા. જામિઅતુર્રઝાના અંતિમ વરસના તલબાની અમુક કિતાબોનો દર્સ પણ આપતા હતા. દારુલ ઉલૂમ અમજદિયા કરાચીમાં હિ.સ. ૧૪૦૯માં બુખારી શરીફનો દર્સ આપીને ઈફતેતાહ કરી. જામિઆ ઈસ્લામિયહ ગંજ કદીમ રામપુરમાં હિ.સ. ૧૪૦૭ અને ૧૪૦૮માં બુખારીની છેલ્લી હદીષોનો દર્સે આપ્યો. જામિઅતુર્રઝા બરેલી શરીફમાં દર્સે તા'લીમની ઈફતેતાહના મોકાથી બયઝાવી શરીફ, બુખારી શરીફ તથા તહાવી શરીફનો દર્સ આપીને જામિઆની તા'લીમનો ઈફતેતાહ કરતા રહ્યા, તેમજ ખત્મે બુખારી પણ કરાવતા. હુઝૂર તાજુશ્શરીઅહનો દર્સનો ક્રમ છેવટ સુધી ચાલુ રહ્યો. હઝરતનો દર્સ અસંખ્ય બરકતોવાળો રહેતો. સમજાવવાનો અંદાઝ ઉમદા રહેતો, સાદી સરળ ઝબાન, ફસાહત તથા બલાગતનો સંગમ, સારાંશ દરેક હૈસિયતથી સારો રહેતો. કારી (વાંચકનાર, સાંભળનાર)નું દિમાગ ભાર ન અનુભવતુ. તા'લીમ લેનારાઓમાં એ જઝબો ઉપસ્થિત થતો કે કાશ ! દર્સ અધિક લાંબો થઈ જતો.



Web: www.barkatekhwaja.net

હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہએ ઈ.સ. ૧૯૬૭માં દર્સની શરૂઆત કરી. પહેલાં દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામમાં ઉસ્તાદની હૈસિયતથી નિયુક્ત થયા, પછી સદરુલ મુદર્રિસીનના સ્થાને બિરાજમાન રહ્યા. પછી ઘર પર દર્સે કુર્આનનો ક્રમ શરૂ કર્યો. મર્કઝી દારુલ ઈફતાની તર્બિયતે ઈફતા હાંસલ કરનારા તલબાને દર્સ આપ્યો. જામિઅતુર્રઝાના છેલ્લા વરસના તલબા ફિક્હમાં તખસ્સૂસવાળા તલબાને દર્સ આપતા રહ્યા. ઈન્ટરનેટ પર બુખારી શરીફ તથા કસીદા બુર્દા શરીફનો દર્સ આપતા હતા. છેવટમાં તબીયત નાદુરુસ્ત હોવાથી એ ક્રમ બંધ રહ્યો. આપના શાગિર્દોની સંખ્યા લાખોમાં છે. મહત્વના શાગિર્દોનાં નામો રજૂ થતાં પરંતુ લખાણ ન લંબાવતાં અત્રે રજૂ નથી કરતા. અલ્બત્ત એવું સમજો કે ઈ.સ. ૧૯૬૭ થી દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામના સદારતના હોદ્દાથી અલગ થતા સુધી વિવિધ જમાઅતોના તલબા હઝરતના શાગિર્દોમાં છે, જેનો રેકોર્ડ દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામમાં છે. ઉપરાંત મર્કઝી દારુલ ઈફતા બરેલી શરીફમાં ઈફતાની તર્બિયત હાંસલ કરનારા તલબાની લાંબી યાદી છે જેમણે હુઝૂર તાજુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہથી દર્સ હાંસલ કર્યો છે.

ઈ.સ. ૧૯૮૨થી હુઝૂર તાજુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہએ દર્સે કુર્આન અને દર્સે હદીષનો ક્રમ શરૂ કર્યો જેમાં હિંદ તથા હિંદ બહારના મોઅઝ્ઝઝ્, સ્કોલર્સ, ઉલમા, મશાઈખ, મસ્જિદોના ઈમામો વિવિધ ખાનકાહોના સજ્જાદાનશીનોએ શિર્કત કરી અને હઝરતથી ફાયદો હાંસલ કર્યો. ઈ.સ. ૨૦૦૪થી લઈને આખરી ઉમર સુધી છેલ્લા વરસના તલબા તથા તર્બિયતે ઈફતા હાંસલ કરવાવાળા તલબાને દર્સ આપતા રહ્યા.

**ફતવા નવેસી (ફતવા લેખન)** : હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہના ખાનદાનમાં ફતવા લેખનનો પાયો મુજાહિદે જંગે આઝાદી ઈમામુલ ઉલમા મૌલાના રઝા અલી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُએ હિ.સ ૧૨૪૬, ઈ.સ. ૧૮૩૧માં રાખ્યો. આ ઈફતાના હોદ્દા પર બિરાજમાન થનાર ખાનવાદએ રઝાની નીચે મુજબની હસ્તીઓ દારુલ બકાની કૂચ કરી ચૂકી છે. જેનો ક્રમ આ મુજબ છે :–

કુતુબે બરેલી ઈમામુલ ઉલમા રઝા અલી رحمۃ اللہ علیہના પછી અલ્લામા નક઼ી અલીખાં, ઈમામ અહમદ રઝાખાં, હુજ્જતુલ ઈસ્લામ મૌલાના મુહમ્મદ હામિદ રઝાખાં, મુફસ્સિરે ઈસ્લામ મૌલાના મુહમ્મદ ઈબ્રાહીમ રઝાખાં (જીલાની મિયાં), મુફતીએ આ'ઝમે હિંદ મૌલાના મુહમ્મદ મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہم اجمعین. આ હઝરાતના પછી હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہઆ હોદ્દા પર બિરાજમાન થયા. બલ્કે હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની પાસે ઈસ્તિફતા (દીની સવાલો)ની ભરમાર રહેતી હતી, કેટ કેટલાય મુફ્તિયાને કિરામ આપની પાસે ફતવા લખવા નિયુક્ત થયેલા હતા. હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ જાતે પોતે હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہને કહ્યું, ''અખ્તર મિયાં ! હવે ઘરમાં બેસવાનો સમય નથી. આ લોકો (ફતવા પૂછનારાઓ) જેમની ભીડ લાગેલી છે તેઓ કદી ચૈનથી બેસવા નથી દેતા, હવે તમો આ ફતવા નવેસીના કામને અંજામ આપો, હું દારુલ ઈફતા તમારા હવાલે કરું છું.'' પછી હાજરજનોને સંબોધીને હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, ''આપ લોકો હવે અખ્તર મિયાં સલ્લમહૂથી રજૂઅ કરો, તેમને જ મારો ક઼ાઈમ મુક઼ામ તથા જાનશીન જાણો.'' એ જ દિવસથી લોકોનું આકર્ષણ આપના પ્રતિ અધિક થઈ ગયું અને ત્યારથી છેવટની ઘડી સુધી આપ એ કામોમાં વ્યસ્ત રહ્યા. *(હયાતે તાજુશ્શરીઅહ, પેજ : ૧૭, ૧૮, મૌ. શાહબુદ્દીન)*

હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ જ્યારે જામેઅ અઝહરથી પરત આવ્યા તો દર્સની સાથે ફતવા લેખનની પણ શરૂઆત કરી. જેમ કે ઈ.સ. ૧૯૬૬માં જ એક ફત્વાનો શાનદાર જવાબ લખ્યો. એ ફત્વો મર્કઝે ઈસ્લામ મદીના મુનવ્વરાથી આવ્યો હતો. તલાક઼, નિકાહ, વારસા સંબંધી હતો. જવાબ લખ્યા બાદ હઝરતે પ્રથમ બેહરુલ ઉલૂમ હઝરત મુફતી સૈયદ અફઝલહુસૈન મૂંગેરી સાહબને બતાવ્યો. તેમણે જોયા બાદ દાદ આપી અને કહ્યું કે મૌલાના એને આપના નાનાજાન મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہને બતાવો. હઝરતે એને પોતાના શયખ તથા ઉસ્તાદ નાના મોહતરમને બતાવ્યો. નાના સાહબ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ દલાઈલ વ બરાહીન (દલીલો)થી સજજ ફત્વો જોઈને ખુશી પ્રદર્શિત કરી

અને પ્રશંસા તથા દાદના શબ્દો ઉચ્ચાર્યા અને હોસલા અફઝાઈ ફર્માવી. ત્યાર બાદ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની ચાહત તથા ધ્યાન આપના પ્રતિ રહ્યું. બલ્કે ખાનદાની બુઝુર્ગ મૌલાના હબીબ રઝા કહે છે કે, ''કદી કદી હાજરી ન થતી તો હઝરતનાં અહલિયા મોહતરમા પીરાની અમ્મા સાહેબા رضی اللہ عنہا પૂછતાં કે આજે અખ્તર મિયાં નથી આવ્યા ?! તેમને કહો કે દરરોજ આવ્યા કરે કે હઝરત તેમને ખૂબ જ પસંદ કરે છે.

*(હયાતે તાજુશ્શરીઅહ, પેજ : ૧૯, રઝા એકેડમી–મુંબઈ)*

હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ ખુદ પોતાની ફતવા નવેસી (ફતવા લેખન)ની શરૂઆતના બારામાં લખે છે : ''હું બચપનથી જ હઝરત (મુફતીએ આ'ઝમે હિંદ)થી સિલસિલામાં દાખલ થઈ ગયો છું. જામેઅ અઝહરથી પરત થયા બાદ મેં મારી દિલચસ્પીના લીધે ફતવાનું કામ શરૂ કર્યું. શરૂ શરૂમાં મુફતી સૈયદ અફઝલહુસૈન સાહબ رحمۃ اللہ علیہ તથા અન્ય મુફ્તિયાને કિરામની નિગરાનીમાં આ કામ કરતો રહ્યો. અને કદી કદી હઝરતની ખિદમતમાં હાજર થઈને ફત્વો દેખાડી આપતો હતો. અમુક દિવસો પછી આ કામમાં મારી દિલચસ્પી ઔર વધી ગઈ અને પછી હું કાયમી ધોરણે હઝરતની ખિદમતમાં હાજર થવા લાગ્યો. હઝરતની તવજ્જોહથી ટૂંકા ગાળામાં આ કામમાં મને તે ફયઝ હાંસલ થયો કે જે કોઈની પાસે મુદ્દતો સુધી બેસવાથી પણ ન થાત.''

*(માહનામા ઈસ્તિક઼ામત–કાનપુર, રજબ અંક, હિ.સ. ૧૪૦૩, ઈ.સ. ૧૯૮૩, પેજ : ૧૫૧)*

હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના ઈન્તેક઼ાલ પછી ઈ.સ. ૧૯૮૧થી લઈને સતત દુનિયાથી વિદાય સુધી હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ ફતવાના કેન્દ્ર સ્થાને રહ્યા. હઝરતનો ફત્વો ઈસ્લામી જગતમાં સનદનો દરજો ધરાવે છે. હઝરતના અસંખ્ય ફતવાઓ છપાય ચૂકેલા છે. હઝરત ત્રણ ભાષાઓ અરબી, અંગ્રેજી તથા ઉર્દૂમાં ફતવા લખતા હતા. કદાચ હાલમાં આ બાબતે હિંદુસ્તાનના આપ એકલા જ મુફતી છે જે ત્રણેવ ભાષાઓ પર સમાન પ્રભુત્વ ધરાવતા હતા. હઝરતે પોતાના માલિકીપણા તથા નિગરાનીમાં એક ઉર્દૂ મંથલી ''સુન્ની દુન્યા'' ઈ.સ. ૧૯૮૩માં શરૂ કર્યું

જેમાં હમેશાં માટે એક કોલમ "બાબુલ ઈફતા"ના નામથી હતી એમાં ચારથી પાંચ પેજો ફત્વાના માટે ખાસ કર્યા. આ મેગેઝિનમાં હઝરતના ફત્વા ઈ.સ. ૧૯૮૩થી લઈને આજ સુધી છપાય રહ્યા છે. તદ્ ઉપરાંત આપ ફારસી તથા હિંદીમાં પણ ફત્વાના જવાબો લખતા હતા. હઝરતની પાસે અખંડ ભારતના તથા વિશ્વના કેટલાય દેશોમાંથી સવાલો આવતા. ફત્વાના અધિક ધસારાને લઈને આપે દસ મુફતીઓની ટીમ જવાબ આપવા માટે તૈયાર રાખી હતી જેઓ સવાલોના જવાબ લખ્યા કરતા, અને હઝરત એ ફત્વાઓ પર તસ્દીક (સમર્થન) કરી આપતા. તદ્ ઉપરાંત દર જુમેરાતે અઝહરી ગેસ્ટ હાઉસના હોલમાં જ્યાં હાલમાં હઝરતનું મઝાર શરીફ છે ત્યાં મગરિબ બાદથી ઈશા સુધી બેસતા, જ્યાં શહેર તથા શહેર બહારના લોકો ઘણા બધા સવાલો પૂછતા તેના હઝરત મૌખિક જવાબો આપતા. અને "ઓન લાઈન" પણ સવાલ કરનારા મોબાઈલ થકી કરતા જેના પણ જવાબો લાઈવ રીલે કરીને ઓડીયોમાં જવાબ આપવામાં આવતા હતા. જુમ્આના દિવસે મગરિબની નમાઝ બાદ અથવા ઈશાની નમાઝ બાદ બરેલી શહેરની વિવિધ મસ્જિદોમાં પણ "સવાલ જવાબ"નો પ્રોગ્રામ રહેતો એ મસ્જિદોમાં પણ લોકો પોતાની ઈલ્મી પ્યાસ બુઝાવતા હતા.

રવિવારે ઈશાની નમાઝ બાદ રાતના નવ વાગ્યાથી સાડા દસ સુધી ઈન્ટરનેટ પર દુનિયાભરથી આવેલા સવાલોના જવાબો આપતા.

**ઈમામત તથા ખિતાબત :** હઝરત મુફસ્સિરે આ'ઝમ رحمۃ اللہ علیہ એ પોતાના ફરઝંદ હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ ને "રઝા જામેઅ મસ્જિદ"ની ઈમામત તથા ખિતાબતની જિમ્મેદારી તાલિબે ઈલ્મીના સમયથી જ સુપરત કરી દીધી હતી જેથી રઝા જામેઅ મસ્જિદમાં આપ કાયમી ધોરણે ઈમામત તથા ખિતાબતની ફરજો નિભાવવા લાગ્યા. મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ પણ આપની ઈક્તેદામાં નમાઝ અદા કરતા હતા, બલ્કે જ્યારે આપ સાથે હોતા તો ઈમામતનો હુકમ આપને જ થતો. પછી આપ ઈ.સ. ૧૯૬૪માં જામેઅ અઝહર મિસર ચાલ્યા ગયા. જ્યારે ત્યાંથી પરત ફર્યા તો ફરી ઈમામત તથા તદરીસ બંને ફરજો અંજામ આપવા લાગ્યા. જ્યારે આપે

Web: www.barkatekhwaja.net

મન્ઝરે ઈસ્લામના સદરના હોદ્દેથી રાજીનામુ આપ્યું તો અમુક વરસો સુધી મલકપુર મહોલ્લા કિસ્ગરાંની એક મસ્જિદમાં આપે ઈમામત કરી. આપની ઈમામત કરવાના કારણે એ મસ્જિદનું નામ જ "અઝહરી મસ્જિદ" રાખી દેવામાં આવ્યું. પછી અમુક વરસો પછી "રઝા જામેઅ મસ્જિદ"માં જ ઈમામતની ફરજો અંજામ આપવા લાગ્યા. અતિશય વ્યસ્તપણુ, સફરોની અધિકતા પંજ વક્તા ઈમામતના માટે અવરોધરૂપ બની. જેથી જ્યારે બરેલી રહેતા તો રઝા જામેઅ મસ્જિદમાં જુમ્આનો ખુત્બો આપતા અને જરૂરતના સમયે નસીહત આમેઝ બયાન કરતા અને જુમ્આની ઈમામત કરતા. બરેલી શહેરની ઈદગાહ મહોલ્લા બાકરગંજમાં છે. આ'લા હઝરત, હુજ્જતુલ ઈસ્લામ, મુફતીએ આ'ઝમે હિંદ, મુફસ્સિરે આ'ઝમે હિંદના પછી ઈદોની ઈમામત તથા ખિદમત આપના હવાલે હતી. મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના વિસાલ બાદ આપ કાયમી ધોરણે ઈદોની ઈમામત તથા ખિતાબતનો ફરીઝો અંજામ આપતા રહ્યા. આખા શહેરના લોકો હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہની ઈક્તેદામાં નમાઝ અદા કરવા માટે ઈદગાહમાં દૂર દૂરથી ભેગા થઈ જતા હતા. હઝરતની તિલાવત તથા ખુત્બો મિસ્રી અરબી લહેજામાં થતાં. લહને દાઊદીની તિલાવતમાં હઝરત ખુદ પોતાનુ દષ્ટાંત હતા. દલીલોથી ભરપુર બયાન કરતા. ખુત્બા દરમ્યાન આયતો તથા હદીષો ખૂબ જ પ્રમાણમાં પઢતા. મતલબો તથા ભાવાર્થો ખૂબ જ ઉમદા વર્ણન કરતા. શ્રોતાઓના દિમાગ પર આપના ખુત્બાઓ ભારે ન પડતા તેમજ શ્રોતાઓ અકળામણ ન અનુભવતા, બલ્કે મજમો હજી અધિક વાર બયાનનો આગ્રહ કરતો.

**ખિતાબત (બયાન)ની વિશિષ્ટતા** : હિંદ, પાક. તથા બંગલાદેશમાં ઉર્દૂમાં, અરબ દેશોમાં અરબીમાં, યૂરોપમાં અંગ્રેજીમાં કરતા. હઝરતનાં સેંકડો બયાનો રેકોર્ડ થયેલાં છે. YouTube પર પણ અમુક બયાનો લોડ થયેલાં છે. હઝરતના બયાનનો અંદાઝ સાદગી તથા સરળતાવાળો રહેતો. તરીકો ઉમદા રહેતો. બયાન દરમ્યાન જોશીલો રંગ પણ આવતો જેનાથી મજમામાં પણ ગરમી આવી જતી. હઝરત સૌ પ્રથમ અરબીમાં ખુત્બો પઢે

છે, પછી આયત શરીફની તિલાવત પછી વિષયાનુસાર અરબી અથવા ઈંગ્લિશ અથવા ઉર્દૂ કે ફારસીમાં શેઅરો પઢે છે. પછી ઈમામોના અક્વાલ (કથનો), હદીષો તથા કુર્આની આયતોની રોશનીમાં તિલાવત કરેલી આયતે મુકદ્દસા પર વર્તમાન સંજોગોની રોશનીમાં ઈમાન અફરોઝ બયાન કરે છે.

મુહદ્દિષે કબીર હઝરત અલ્લામા ઝિયાઉલ મુસ્તફા કાદરી લખે છે કે, ''અલ્લાહ તઆલાએ આપને (તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہને) કેટલીય ભાષાઓ પર પ્રભુત્વ અતા કર્યું છે. ઉર્દૂ ભાષા તો આપની ઘરેલુ ભાષા છે અને અરબી આપની મઝહબી ભાષા છે. આ બંનેવ ભાષાઓમાં આપને ખાસ નિપૂણતા પ્રાપ્ત થયેલી છે, જેના માટે આપની ઉર્દૂ તથા અરબી નઅતિયા શાઈરી ન્યાયી ગવાહ છે. આપના આપોઆપ ત્વરીતપણે સ્ફૂરતા નઅતિયા શેઅરો ફસાહત તથા બલાગત (ઉમદા અલંકારિક વાણી), હસ્ને તરન્નુમ (ઉમદા ઢબ), નઅતના ખયાલો કોઈ અનુભવી ઘડાયેલા ઉસ્તાદના શેઅરોથી કમ દરજાવાળા નથી હોતા. અરબી ભાષાના પૂરાણા તથા અર્વાચીન તરીકા પર આપને ભરપુર નિપૂણતા પ્રાપ્ત છે. આપની ખિતાબત તથા શાઈરી તથા તર્જુમા નિગારી કોઈ મજબૂત અનુભવી અરબી સાહિત્યકારનાં સાહિત્યિક (અરબી) કારનામાંઓ પર ભારી જોવા મળે છે. જામેઅ અઝહરના તાલિબે ઈલ્મીના જમાનામાં જ્યારે આપનું અરબી કલામ અઝહરના શયખો સાંભળતા તો કલામનું ઉમદાપણુ તથા નઝાકત અને ગોઠવણીના સુંદર ક્રમ પર ઝુમી ઉઠતા અને કહેતા હતા કે આ કલામ કોઈ ગૈર અરબીનું જણાતુ જ નથી ! આ બનાવ મારી સામેનો જ છે કે ઝિમ્બાબ્વેમાં એક મિસરી શયખ આપના હમ્દિયહ અશ્આર સાંભળ્યા તો ઘણા જ ખુશ થઈ ગયા અને તેની નકલની ફર્માઈશ પણ કરી આપી. હઝરતને મેં ઈંગ્લેન્ડ, અમેરિકા, સાઉથ આફ્રિકા, ઝિમ્બાબ્વે વગેરેમાં સરળતાપૂર્વક અંગ્રેજી ભાષામાં તકરીર તથા વઅ્ઝ કરતા જોયા છે. અને ત્યાંના શિક્ષિત લોકો પાસેથી પણ આપની પ્રશંસા સાંભળી, અને એ પણ એમનાથી સાંભળ્યું કે હઝરતને અંગ્રેજી ભાષાના કલાસિકી તરીકા પર નિપૂણતા હાંસલ છે.''

*(તકરીઝ બર તર્જમા અલ્મોઅ્તકદુલ મુતન્કદ મઅલ મુસ્તનદિલ મુઅ્તમદ, પેજ–૪૨, સંપાદક : મુહમ્મદ યૂનુસ રઝા, પ્રકાશક : અર્દિરાસતુલ ઈસ્લામિયા જામિઅતિર્રઝા બરેલી શરીફ)*



www.barkatehrwaja.net

હઝરતની અમુક તક્રીરો કિતાબી સ્વરૂપમાં પણ આવી ચૂકી છે. હઝરતના બયાનો કૌમના દાનિશ્વરો જ નહીં ગૈરોમાં પણ એજ્યુકેટેડ વર્ગ ખૂબ પસંદ કરે છે અને ફાયદો ઉઠાવતા રહે છે. હઝરત તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہની મજલિસી ચર્ચા પણ ઘણી જ મનમોહક તથા પ્રભાવિત કરનારી હોતી. વઅઝ તથા નસીહતની મજલિસો દરરોજ સજાયેલી રહેતી. લોકો પુષ્કળ પ્રમાણમાં હાજરી આપતા અને ફયઝયાબ થતા. હજારો શરઈ મસ્અલા, અક્રીદાના મસ્અલા, સામાજિક મસ્અલાનો હલ કરતા. આમ લોકો જ નહીં, ખાસ લોકો પણ આપની ચર્ચા સાંભળવાની કોશિશમાં રહેતા અને નસીહતઆમેઝ વાતો સાંભળીને એના પર અમલ કરતા.

## ★ હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہની ઈલ્મો વિદ્યાઓમાં નિપૂણતા ★

હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہનીચે મુજબના ઈલ્મો વિદ્યા કલામોમાં નિપૂણતા ધરાવતા હતા : (૧) ઉલૂમે કુર્આન (૨) ઉસૂલે તફસીર (૩) ઈલ્મે હદીષ (૪) ઉસૂલે હદીષ (૫) અસ્માઉર્રિફલ (૬) ફિક્હે હનફી (૭) ફિક્હે મઝાહિબે અરબા (૮) ઉસૂલે ફિક્હ (૯) ઈલ્મે કલામ (૧૦) ઈલ્મે સરફ (૧૧) ઈલ્મે નહ્વ (૧૨) ઈલ્મે મઆની (૧૩) ઈલ્મે બદીઅ (૧૪) ઈલ્મે બયાન (૧૫) ઈલ્મે મબન્તક (૧૬) ઈલ્મે ફલસફા કદીમ વ જદીદ (૧૭) ઈલ્મે મુનાઝરા (૧૮) ઈલ્મે હિસાબ (૧૯) ઈલ્મે હિંદસા (૨૦) ઈલ્મે હયઅત (૨૧) ઈલ્મે તારીખ (૨૨) ઈલ્મે મુરબ્બઆત (૨૩) ઈલ્મે ઉરૂઝ વ ક્વાફી (૨૪) ઈલ્મે તકસીર (૨૫) ઈલ્મે જફર (૨૬) ઈલ્મે ફરાઈઝ (૨૭) ઈલ્મે તૌક્રીત (૨૮) ઈલ્મે તક્વીમ (૨૯) ઈલ્મે તજદીદ વ ક્રિરાઅત (૩૦) ઈલ્મે અદબ (ગદ્ય તથા પદ્ય અરબી, ગદ્ય પદ્ય ફારસી, ગદ્ય પદ્ય અંગ્રેજી, ગદ્ય પદ્ય ઉર્દૂ) (૩૧) ઈલ્મે ઝીફત (૩૨) ઈલ્મે ખતાની (૩૩) ઈલ્મે જબ્રો મુક્રાબિલા (૩૪) ઈલ્મે તસવ્વુફ (૩૫) ઈલ્મે સલૂક (૩૬) ઈલ્મે અખ્લાક્.

હઝરત ક્રિરાઅતે અશરાના નિષ્ણાત હતા. કુર્આનની તિલાવત મિસરી લહેજામાં લાજવાબ કરતા હતા. અને કેટલીયે ભાષાઓમાં નિપૂણતા ધરાવતા હતા. અરબી, ફારસી, અંગ્રેજી, ઉર્દૂમાં તો આપના સાહિત્યિક

કમાલો મૌજૂદ છે. તદ્ઉપરાંત હિન્દી, સંસ્કૃત, મેમણી, ગુજરાતી, મરાઠી, પંજાબી, બંગાળી, તેલુગુ, કન્નડ, મલયાલમ, ભોજપુરી બોલતા તથા સમજતા હતા. હઝરત ઈસ્લામના પ્રસાર તથા પ્રચાર અને બિદઅતો તથા મના બાબતોના રદના ક્ષેત્રે આગળપડતુ ઉચ્ચ સ્થાન ધરાવતા હતા. જે વિજય તથા મસ્અલા પર કલમ ઉઠાવતા આપોઆપ લખતા જતા. જે મસ્અલાની તેહકીક઼ કરતા તેના માટે દલીલોના અંબાર લગાડી દેતા. ઈમામ અહમદ રઝા કોન્ફ્રન્સ–બરેલી હિ.સ. ૧૪૨૫માં મુહદ્દિષે કબીર અલ્લામા ઝિયાઉલ મુસ્તફા અમજદીએ પોતાની તક઼રીરના દરમિયાન કહ્યું કે, "અલ્લામા અઝહરીના કલમથી નીકળેલા ફત્વાના અભ્યાસ પરથી એવું માલૂમ પડે છે કે આપણે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہનું લખાણ વાંચી રહ્યા છીએ, આપના લખાણમાં દલીલો તથા હવાલાઓની ભરમારથી એ જ જાહેર થાય છે."

*(તક઼રીર ઈમામ અહમદ રઝા કોન્ફ્રન્સ–બરેલી, ૨૪ સફરુલ મુઝફ્ફર, હિ.સ. ૧૪૨૫)*

હઝરતની ફન્ને ખતાતી (સુંદર લેખન કલા)ના બારામાં મૌલાના શહાબુદ્દીન લખે છે કે, "હઝરત તાજુશ્શરીઅહ ફન્ને ખત્તાતીના નિષ્ણાત હતા એટલા માટે આપના પત્રો, લખાણો, તથા લેખો તથા ફતવા લખાણની સુંદરતાના લેહાઝથી અજોડ છે. એ લખાણોને જોતાં જ દિલ બાગ બાગ થઈ જાય છે. ઈલ્મ તથા ફઝલની સાથોસાથ આ ખૂબી ખૂબ જ ઓછા ઉલમા તથા મુફતીઓમાં જોવા મળે છે. હઝરતની લેખન શૈલી સમય સંજોગના હિસાબે બદલાતી રહી છે પણ દરેક જમાનાનાં લખાણો પોતે પોતાનામાં ઉચ્ચ નમૂનો અને અનુપમ લખાણનું પ્રતિબિંબ છે. એવું જણાય છે કે મોતીઓની હારો વિખેરાયેલ છે. હક઼ીક઼તમાં લખાણની સુંદરતાથી ખુદ શખ્સિયતનો તે છુપો જમાલ જાહેર થઈ જાય છે જેના સુધી પહોંચ ઘણી મુશ્કેલ છે. હઝરતના લખાણોના જાહેરી હુસ્નથી આંત્રિક હુસ્ન પ્રદર્શિત થઈ જાય છે. મુઝ નાચીઝ (મૂળ લેખક) પાસે હઝરતનાં સમય સમયનાં લખાણો મૌજૂદ છે. વિદ્યાર્થીકાળનાં, ફરાગત પછીનાં, દર્સ તથા તદરીસના જમાનાનાં, દારુલ ઈફતાના સમયનાં, જાનશીનીના સમયનાં લખાણો મૌજૂદ

Web. www.barkatehwaja.net

છે, જેનાથી લખાણની સુંદરતા અને લેખનકળાનો સારી રીતે અંદાઝો થઈ જાય છે. અને હઝરતની એક વિશિષ્ટતા છે કે ફુલ સ્કેપ કાગળ પર નીચે કાંઈ રાખ્યા વિના લખતા રહેતા હતા અને મજાલ નથી કે કોઈ લાઈન જરા સરખી પણ વાંકી થઈ જાય ! *(હયાતે તાજુશ્શરીઅહ, પેજ–૬૭)*

તેમજ હઝરત તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہની ઉબૂરે લિસાનિયત (સ્ટેજ ફાઈટ)ના સંબંધે તે લખે છે.

"તાજુશ્શરીઅહને અલ્લાહ તઆલાએ કેટલીયે ભાષાઓ પર સંપૂર્ણ કમાલ અતા કર્યો હતો. અરબી, ફારસી તથા ઉર્દૂમાં જેવી રીતે બેહતરીન અદીબ સાહિત્યકાર જોવા મળે છે તેવી જ રીતે અંગ્રેજી ભાષામાં પણ આપને સંપૂર્ણ પકડ હાંસલ છે. આપે ઈસ્લામિયહ ઈન્ટર કોલેજ બરેલીમાં સામાન્ય હિન્દી તથા અંગ્રેજીનો અભ્યાસ કર્યો હતો, પણ ખુદાદાદ બુધ્ધિ કૌશલ્યના સબબે આપે અંગ્રેજીમાં પણ કમાલ હાંસલ કર્યો. સાઉથ આફ્રિકા, મલાવી, ઝિમ્બાબ્વે, હરારે, મોરિશિયસ, જર્મન, ફ્રાંસ, હોલેન્ડ, ઈંગ્લેન્ડ, અમેરિકા, કેનેડા વગેરે દેશોની આંતર રાષ્ટ્રીય કોન્ફ્રન્સોમાં અંગ્રેજીમાં જ પ્રવચન કરતા હતા. અંગ્રેજીમાં આપે સેંકડો ફત્વા લખ્યા છે. હઝરતે અંગ્રેજીમાં સૌ પ્રથમ ફત્વો ૭–મુહર્રમુલ હરામ, હિ.સ. ૧૪૧૨, અં.તા. ૨૦–૭–૧૯૯૧માં અલ્હાજ હારૂન તાર રઝવી (લેડી સ્મિથ, સા.આફ્રિકા)ના સવાલના જવાબમાં લખ્યો જે દારુલ ઈસ્લામ તથા દારુલ હર્બમાં મુસ્લિમ તથા ઝિમ્મી કાફિર સંબંધે હતો. અંગ્રેજી ફત્વાના બે સંગ્રહો ડર્બન (સા. આફ્રિકા) ખાતે પ્રસિધ્ધ થઈ ચૂક્યા છે. નાયબ ઈન્કમટેક્સ કમિશનર જનાબ ઝહૂર અફસરખાં રઝવી બરેલ્વી (હાલ : રહેઠાણ અજમેર શરીફ) સાથે શરૂમાં મશ્વરો કરતા હતા. પણ મૌસૂફનું કહેવું એ છે કે, "હઝરત જે અંગ્રેજી શબ્દો તથા વાક્યોનો ઉપયોગ કરતા તે શબ્દકોશના હિસાબે તદ્દન દુરુસ્ત હોતા. આ રીતે સાદગીસભર તથા રવાનીભર્યાં (આપોઆપ ચાલતાં) લખાણો મને ખૂબ ઓછાં જોવા મળ્યાં. અંગ્રેજી, ઉપરાંત આપને મેમણી, ગુજરાતી, મરાઠી, પંજાબી, બંગાળી તથા ભોજપૂરી વગેરે ભાષાઓમાં પણ કાબેલિયત હાંસલ હતી. આપ ખૂબીપૂર્વક એ પ્રાદેશિક ભાષાઓને સમજતા તથા જરૂરત

પ્રમાણે તેનો ઉપયોગ પણ કરતા. આ ભાષાઓને શીખવાના માટે કદાપિ કોઈ ઉસ્તાદની પાસે તાલીમ નથી લીધી. આ ખુદાદાદ કાબેલિયતો અલ્લાહ તઆલાએ આપને વારસામાં અતા કરી હતી.

*(હયાતે તાજુશ્શરીઅહ, પેજ : ૬૯–૭૮)*

## ★ હઝરતનું ગૃહસ્થી જીવન ★

હઝરતનો નિકાહ તા'લીમો તર્બિયત અને ઈરાદત તથા સુલૂકની મંઝિલો પાર કર્યા બાદ જામેઅ અઝહર મિસરથી પરત આવીને લગભગ બે વરસ તદરીસી ખિદમતો અંજામ આપ્યા બાદ ખાનવાદામાં જ અલ્લામા હસ્નૈન રઝાખાં (રહ્મતુલ્લાહિ તઆલા અલૈહ)નાં સાહબઝાદી સુલૈમ ફાતિમા ઉર્ફ "અચ્છી બી" સાથે શાબાનુલ મોઅઝ્ઝમ હિ.સ. ૧૩૮૮, ૩ નવે. ૧૯૬૮ રવિવારે થયા. હઝરતનાં અહલિયા (પત્ની સાહેબા) હુસ્ને કિરદાર, તક્વા તથા તહારત, મહેમાન નવાઝી, ગુર્બા પરવરી, ઈન્સાફ તથા દયાનતદારી, સખાવત તથા શરીઅતની પાબંદીમાં અનોખી શાન ધરાવે છે. મુરીદોના વર્તુળમાં "પીરાની અમ્મા"ના નામથી મશહૂર તથા ઓળખાય છે. વ્યસ્તતા છતાં કિતાબોના અભ્યાસનાં આદી છે. હઝરત પીરાની અમ્મા નેક સીરત ખાતૂન છે, સમયની રાબિઆ છે.

ડો. શૌકત સિદ્દીકી આપનાં અહલિયાના બાબતે લખે છે :–

"હઝરત હસ્નૈન રઝાનાં સૌથી નાની સાહબઝાદી જાનશીને મુફતીએ આ'ઝમ અલ્લામા મુફતી અખ્તર રઝાખાં رحمۃ اللہ علیہની સાથે મન્સૂબ થયાં. અરબી તથા ફારસીની તા'લીમ ઘરે જ વાલિદા માજિદાથી હાંસલ કરી. નમાઝ રોઝાનાં સખ્તીથી પાબંદ, ખૂબ જ ખુશ અખ્લાક્વાળાં, અતિશય મહેમાન નવાઝ, ખૂબ જ ગંભીર સ્વભાવવાળાં છે. પૂરા ઘરની વ્યવસ્થા, માહનામા સુન્ની દુનિયાના ફેલાવાની ફિકર, મર્કઝી દારુલ ઈફતાના મુફતીઓનો ખયાલ, અર્રઝા મર્કઝી દારુલ ઈશાઅતથી કિતાબોનું પ્રકાશન તથા ઓલ ઈન્ડિયા જમાઅતે રઝાએ મુસ્તફાની કાર્યવાહીઓ માટે આર્થિક સહાય કરતાં રહે છે. ઘણા જ મામલાને સમજનાર તીવ્ર બુદ્ધિશાળી છે.

અલ્લાહ તઆલાએ હુઝૂર તાજુશ્શરીઅહ્ના ઘરના માટે આપનો ઈન્તેખાબ ફર્માવ્યો જેના કારણે હુઝૂર તાજુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہને ઘણી રાહત રહી.

*(તજલ્લિયાતે તાજુશ્શરીઅહ, પેજ : ૯૯)*

આપ ફિક્હી મસાઈલથી વાકેફ અને દીને હનીફનાં શાનદાર મુબલ્લિગા છે. ઉર્દૂ ગદ્યમાં શાનદાર મઝામીન (લેખો) લખે છે. માહનામા આ'લા હઝરત તથા માહનામા સુન્ની દુન્યામાં અમુક લેખો પ્રસિદ્ધો થઈ ચૂકેલા છે.

અલ્લાહ તઆલાએ હઝરતને પાંચ સાહબઝાદીઓ તથા એક સાહબઝાદા અતા કરેલ છે. આપે સૌની બેહતરીન તર્બિયત કરી અને તા'લીમથી શણગાર્યાં, અને સૌની શાદીઓ પણ કરી આપી.

## ★ સાહબઝાદા તાજુશ્શરીઅહ હઝરત અસ્જદમિયાં વિશે ટૂંકમાં વિગત ★

મૌલાના મુહમ્મદ અસ્જદ રઝા હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہના એકના એક સાહબઝાદા તથા જાનશીન છે અને ઘણી ખૂબીઓ ધરાવે છે અને ઘણા દીની કાર્યોમાં સક્રિય રહે છે. આપ ૧૪ શાબાન હિ.સ. ૧૩૯૦, ઈ.સ. ૧૯૭૦માં મહોલ્લા ખ્વાજા કુતુબ બરેલીમાં પેદા થયા. હુઝૂર તાજુશ્શરીઅહને ત્યાં આ પ્રથમ બાળજન્મ હતો. ખાનદાનવાળાઓને, ખાસ કરીને હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہને ઘણી જ ખુશી થઈ હતી. આપ તશરીફ લાવ્યા અને પોતાનું લુઆબે દહન નવ જન્મ પામેલના મોંમાં રાખ્યું અને એ જ મોક઼ા પર અસ્જદ મિયાંના મોમાં આંગળી રાખીને સિલસિલામાં દાખલ પણ કરી લીધા. એ નવ જન્મ પામેલનું નામ "મુહમ્મદ" રાખ્યું અને પુકારવા માટે "મુનવ્વર રઝા મુહામિદ" તજવીઝ થયું, અને ઉર્ફમાં "મુહમ્મદ અસ્જદ રઝા" ઠર્યું. એ જ ઉર્ફથી "મૌલાના અસ્જદ રઝા" તરીકે ઓળખાયા છે. મા બાપના સાયા હેઠળ તર્બિયત પામ્યા. મુહમ્મદ નામ પર શાનદાર અક઼ીક઼ો થયો. જ્યારે આપ ચાર વરસ ચાર મહિના ચાર દિવસના થયા તો બિસ્મિલ્લાહખ્વાનીની મેહફિલ થઈ જેમાં હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ તસ્મિયા પઢાવી, અને આલિમ બનવાની તથા દીને

ઈસ્લામના ખાદિમ બનવાની દુઆ કરી. પ્રારંભિક તા'લીમ વાલિદા માજિદા તથા વાલિદ માજિદથી લીધી. સમજદારી આવતાં બાદમાં ઈસ્લામિયા ઈન્ટર કોલેજ બરેલીમાં દાખલ કરવામાં આવ્યા.

અર્વાચીન શિક્ષણ ઈન્ટર સુધી ત્યાં જ સંપૂર્ણ કર્યું અને દીનીયાતની તા'લીમ જામિઆ નૂરિયા બરેલી તથા મર્કઝી દારુલ ઈફ્તા બરેલીમાં સંપૂર્ણ કરી. દીનિયાતની મોટાભાગની પ્રારંભિક કિતાબો મુફ્તી મુહમ્મદ નાઝિમ અલી બારાબંકવી તથા હઝરત મૌલાના નિઝામુદ્દીન સાહબથી પઢી. મુતવસ્તાતની તા'લીમ હઝરત મુફ્તી મુઝફ્ફરહુસૈન કટીહારી તથા જામિઆ નૂરિયા બરેલીના ઉસ્તાઝોથી મેળવી અને આ'લા કિતાબો સદરુલ ઉલમા હઝરત અલ્લામા તેહસીન રઝા رحمۃ اللہ علیہથી અને વાલિદ માજિદ તાજુશ્શરીઅહથી પઢી. આપે દીનિયાતની અધિક્તર કિતાબો પોતાના મામા હઝરત સદરુલ ઉલમાની પાસે પઢી અને બુખારી શરીફ, તહાવી શરીફ, મુસ્લિમ શરીફ, અલ ઈશ્બાહુ વન્નઝાઈર, મક઼ામાતે હરીરી, અજિલ્લુલ અઅ્લામ, ઉક઼ૂદ વ રસ્મુલ મુફ્તા, ફવાતિહુર્રહમૂત, તૌક઼ીત વગેરે કિતાબો વાલિદ માજિદથી પઢી. ઈ.સ. ૨૦૦૧માં ઉર્સે રઝાના મોક઼ા પર જામિઅતુર્રઝા બરેલીના સહેનમાં હઝરત અલ્લામા ઝિયાઉલ મુસ્તફાએ ખત્મે બુખારી કરાવી અને અસંખ્ય ઉલમા તથા મશાઈખની મૌજૂદગીમાં દસ્તારે ફઝીલત માથા પર બાંધવામાં આવી.

ઈ.સ. ૨૦૦૩માં શહઝાદએ તાજુશ્શરીઅહ્એ રઝાઅતના વિશે ફત્વો લખ્યો જેના પર ઉસ્તાઝુલ ફુક઼હા હઝરત અલ્લામા મુફ્તી ક઼ાઝી મુહમ્મદ અબ્દુર્રહીમ બસ્તવી عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَانઅને મુફ્તી નાઝિમ અલી બારાબંકવી, મુફ્તી મુઝફ્ફરહુસૈન કટીહારી અને વાલિદ માજિદ તાજુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہએ તથા મુફ્તી મુહમ્મદ યૂનુસ રઝાએ તસ્દીક઼ કરી અને હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہએ એ મોક઼ા પર મીઠાઈ મંગાવીને હાજરજનોમાં વહેંચણી પણ કરાવી.

લગભગ ૨૦૦૬ ઈસ્વીમાં ઉર્સે રઝાના મોક઼ા પર ઈમામ અહમદ રઝા કોન્ફરન્સ જામિઅતુર્રઝા બરેલીમાં હુઝૂર તાજુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہએ

www.barkatekhwaja.net

સિલસિલાએ ક઼ાદરિયહ રઝવિય્યહની ઈજાઝત તથા ખિલાફત અતા કરી અને પોતાના જાનશીન જાહેર કર્યા. ઈ.સ. ૨૦૧૩માં હઝરતે તે તમામ ઈજાઝતો પણ અર્પણ કરી દીધી જે તેમને પોતાના મશાઈખ ખાસ કરીને મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہથી મળી હતી. ઈ.સ. ૨૦૦૭માં મૌલાનાએ વાલિદ માજિદની મૌજૂદગીમાં મિશ્કાત શરીફનો જામિઅતુર્રઝામાં લગભગ સવા કલાક દર્સ આપ્યો, જેની વાલિદ માજિદે દાદ આપી અને હાજરજનોએ પણ મુબારકબાદી આપી.

*–(સવાનેહે તાજુશ્શરીઅહ્, પેજ : ૪૪)*

## ★ તાજુશ્શરીઅહ : ઈરાદાત તથા સુલૂક ★

હુઝૂર તાજુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہને બચપનમાં જ મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ બયઅત કરી લીધા હતા. આપ પોતે જ લખે છે : ''હું બચપનથી જ હઝરત (મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ)થી સિલસિલામાં દાખલ થઈ ગયો છું.''

*(માહનામા ઈસ્તેક઼ામત કાનપુર, પેજ : ૧૫૧, રજબ : ૧૪૦૩, ઈ.સ. ૧૯૮૩)*

અને લગભગ ૨૦ વરસ પછી મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ મીલાદ શરીફની મેહફિલમાં ખિલાફત તથા ઈજાઝત પણ અર્પણ કરી દીધી. મૌલાના શહાબુદ્દીન રઝવી લખે છે :–

''હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ મૌલાના સાજિદ અલીખાન બરેલ્વી મોહતમિમ દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામ–બરેલીને હુકમ આપ્યો કે તા. ૧૫–૧–૧૯૬૨, ૮–શાબાન હિ.સ. ૧૩૮૧ની સવારે આઠ વાગે ઘર પર મેહફિલે મીલાદનું આયોજન કરવામાં આવે. મીલાદખ્વાં હઝરાત, ઉલમા તથા મશાઈખ તથા મદ્રસાઓના તલબા તથા ફારિગ થનાર તલબાને હાજરીની દા'વત આપવામાં આવે. સખત ઠંડીની ઋતુમાં કેટલાય લોકોએ મીલાદ શરીફના આ ખાસ પ્રોગ્રામમાં ભાગ લીધો. મેહફિલે મીલાદના છેવટમાં મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہતશરીફ લાવ્યા અને તાજુશ્શરીઅહ હઝરત અલ્લામા મુફતી અખ્તર રઝાખાં

અઝહરીને બોલાવ્યા, પોતાના પાસે બેસાડયા બંનેવ હાથ પોતાના હાથોમાં લઈને આલિયા ક઼ાદરિયા સુહરવર્દિયા, નક઼શબંદિયહ્, ચિશ્તિયહ, સર્વ સિલસિલાઓની તથા હદીષોના સર્વ સિલસિલાઓની મુસલસલ બિલ અવ્વલિયતની ઈજાઝત તથા ખિલાફતથી સરફરાઝ ફર્માવ્યા. સર્વ વિર્દો વઝાઈફ, આમાલ તથા અશ્ગાલ, દલાઈલુલ ખૈરાત, હિઝબુલ બહર, તાવીઝો વગેરેની ઈજાઝત અર્પણ કરી.'' *–(હયાતે તાજુશ્શરીઅહ, પેજ : ૨૩)*

આ પ્રસંગે મુજાહિદે મિલ્લત હઝરત અલ્લામા હબીબુર્રહમાન અબ્બાસી رحمۃ اللہ علیہ રઈસે આ'ઝમે ઓડિસ્સા, બુરહાને મિલ્લત મુફતી બુરહાનુલ હક્ક઼ જબલપુરી, મૌલાના ખલીલુર્રહમાન મુહદ્દિષ અમરોહવી, અલ્લામા મુશ્તાક અહમદ નિઝામી ઈલાહાબાદી, મુફતી નઝીરુલ અકરમ નઈમી મુરાદાબાદી, મૌલાના મુહમ્મદહુસૈન સંભલી, મૌલાના અન્વાર અહમદ શાહજહાંપુરી, મૌલાના ક઼ાઝી શમ્સુદ્દીન જઅફરી જોનપુરી, મૌલાના કમાલ અહમદ તલશીપુરી, મૌલાના શાબાનઅલી હબાની ગોંડવી, સૂફી અઝીઝ અહમદ બરેલ્વી વગેરે જેવા જય્યદ ઉલમા તથા મશાઈખ મૌજૂદ હતા. સર્વ હઝરાતે ઉઠી ઉઠીને વારાફરતી તાજુશ્શરીઅહને મુબારકબાદ પેશ કરી. *(માહનામા નૂરી કિરન, બરેલી, પેજ : ૪૦, ફેબ્રુ. ૧૯૬૨, હિ.સ. ૧૩૮૧)*

૧૫ જાન્યુઆરી ઈ.સ. ૧૯૬૨ની વાત છે કે એ મજલિસમાં મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મુસ્તફા રઝાખાન નૂરી رحمۃ اللہ علیہથી શમ્સુલ ઉલમા ક઼ાઝી શમ્સુદ્દીન અહમદ જઅફરી તથા મૌલાના બુરહાનુલ હક્ક઼ જબલપુરીએ પૂછયું કે, હઝરત ! આપનો જાનશીન કોણ થશે ? તો આપે જવાબ આપ્યો કે, ''જાનશીન એના સમય પર જ થશે જેને થવાનું છે.'' અને હુઝૂર તાજુશ્શરીઅહના વિશે ફર્માવ્યું કે, ''આ (તાજુશ્શરીઅહ) છોકરાથી ઘણી ઉમ્મીદો જોડાયેલી છે.'' *(હયાતે તાજુશ્શરીઅહ, પેજ : ૩૩)*

હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ પોતાના આખરી દિવસોમાં પોતાની જાનશીનીના સંબંધે એક લખાણ ખુદ લખ્યું જેમાં હઝરત તાજુશ્શરીઅહને પોતાના જાનશીન તથા ક઼ાઈમ મક઼ામ (અનુગામી) તરીકે દર્શાવી આપ્યા. આ લખાણની ફોટો કોપી, ''સીરતે તાજુશ્શરીઅહ'' પેજ

નં. ૧૩ પર છે જેમાં ખુત્બા બાદ સર્વ પ્રથમ વાક્ય આ લખ્યું છું : ''હું અખ્તરમિયાં સલ્લમહૂને મારો અનુગામી ઠરાવું છું.''

*(સીરતે તાજુશ્શરીઅહ, પેજ : ૧૩, અઝ : મૌલાના શહાબુદ્દીન)*

હુઝૂર તાશ્જુશ્શરીઅહ رحمۃ اللہ علیہ પોતાની જિંદગીના કામયાબી તથા કામરાનીના પાછળ સર્વ કાંઈ મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہનો ફયઝ અને તેમની નિગાહે કરમનો સદક઼ો સમજતા હતા. જેમ કે ખુદ લખ્યું છે :–

''મેં દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામ બરેલીમાં પઢયું અને પઢાવ્યું. જામેઅ અઝહરમાં પણ પઢયો. શરૂથી જ મને અભ્યાસનો ઘણો જ શોખ હતો. મારી દર્સી કિતાબો ઉપરાંત શરહો તથા હાશિયાઓ તથા અન્ય વિષયની કિતાબોનો દરરોજ ખૂબ જ અભ્યાસ કરતો અને ખાસ ખાસ ચીજોને ડાયરીમાં નોંધી લેતો હતો. તદ્ ઉપરાંત સૌથી મહત્વની વાત એ છે કે મને જે કાંઈ પણ મળ્યું તે હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની સોહબત તથા તેમના ફય્ઝાનથી હાંસલ થયું. તેમની એક કલાકની સોહબત તથા પૂછતાછ થકી મળતો ફાયદો વર્ષોની મહેનત તથા તકલીફો વેઠીને મેળવેલા પર ભારી રહેતો હતો. હું આજે દરેક દરેક જગાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہનો ઈલ્મી તથા રૂહાની ફય્ઝાન પામુ છું. આજે જે મારી હૈષિયત છે એ એમની સોહબતની કીમિયાઈ અસરનો સદક઼ો છે.

*(હયાતે તાજુશ્શરીઅહ, પેજ : ૨)*

૧૪, ૧૫ નવેમ્બર ઈ.સ. ૧૯૮૪ના રોજ મારહરા મુતહ્હરામાં ઉર્સે ક઼ાસમીના પ્રોગ્રામમાં **અહસનુલ ઉલમા** હઝરત મુફતી સૈયદ હસનમિયાં બરકાતી رحمۃ اللہ علیہ સજ્જાદાનશીન ખાનક઼ાહે બરકાતિયહ મારહરાએ હુઝૂર તાજુશ્શરીઅહનું સ્વાગત ''ક઼ાઈમ મુક઼ામ મુફતીએ આ'ઝમ અલ્લામા અઝહરી ! ઝિંદાબાદ !''ના નારા સાથે કર્યું અને વિશાળ મેદનીમાં ઉલમા તથા મશાઈખ તથા ફાઝિલો તેમજ દાનિશ્વરોની હાજરીમાં ''જાનશીને મુફતીએ આ'ઝમ''ને એવું કહીને કે, ''ફક઼ીર આસ્તાનએ આલિયા ક઼ાદરિયા બરકાતિયા નૂરિયહના સજ્જાદાની હૈષિયતથી ક઼ાઈમ મુક઼ામ મુફતીએ આ'ઝમ અલ્લામા અખ્તર રઝાખાં સાહબને સિલસિલએ ક઼ાદરિયા

બરકાતિયહ નૂરિયહની સર્વ ખિલાફત તથા ઈજાઝતથી સરફરાઝ કરે છે. પૂરો મજમો સાંભળી લે ! તમામ બરકાતી ભાઈ સાંભળી લે ! અને આ ઉલમાએ કિરામ (જેઓ ઉર્સમાં મૌજૂદ છે) આ વાતના ગવાહ રહે.'' ત્યારબાદ અહસનુલ ઉલમા મૌલાના સૈયદ હસનમિયાં બરકાતી એ હુઝૂર તાજુશ્શરીઅહ્ની દસ્તારબંદી કરી અને નઝર પણ પેશ કરી.

**સૈયદુલ ઉલમા** મૌલાના શાહ સૈયદ આલે મુસ્તફા બરકાતી મારહરવી رحمۃ اللہ علیہ (વાલિદે મોહતરમ હઝરત નઝમી મિયાં رحمۃ اللہ علیہ)એ સર્વ સિલસિલાઓની ઈજાઝત તથા ખિલાફત અતા ફર્માવી અને ખલીફાએ આ'લા હઝરત **બુરહાને મિલ્લત** હઝરત મૌલાના બુરહાનુલ હક્ક રઝવી જબલપુરી رحمۃ اللہ علیہએ પણ તમામ સિલસિલાઓ તથા હદીષ શરીફની ઈજાઝતથી નવાઝયા.

વાલિદ માજિદ **મુફસ્સિરે આ'ઝમે હિંદ** હઝરત ઈબ્રાહીમ રઝાખાં رحمۃ اللہ علیہએ ફરઝંદે અર્ઝમંદને ફારિગ થતાં પહેલાં જ આ'લા હઝરત رضی اللہ عنہના જાનશીન બનાવ્યા અને એક લખાણ પણ અર્પણ કર્યું.

રયહાને મિલ્લત મૌલાના રયહાન રઝા બરેલ્વી મોહતમિમ્ મન્ઝરે ઈસ્લામ પોતાના તંત્રીપદ હેઠળ પ્રસિદ્ધ થનારા ''માહનામા આ'લા હઝરત''માં ''કવાઈફે દારુલ ઉલૂમ'' હેડિંગ હેઠળ લખે છે : (યાદ રાખશો કે આ લખાણ એ જમાનાનું છે જ્યારે મુફસ્સિરે આ'ઝમે હિંદ અલ્લામા ઈબ્રાહીમ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہની તબીઅત ખૂબ જ પ્રમાણમાં ખરાબ હતી, અને સર્વ લોકોને એ ઉમ્મીદ હતી કે હવે મુફસ્સિરે આ'ઝમે હિંદ જીલાનીમિયાં رحمۃ اللہ علیہ જાહેરી દુનિયાથી વિદાય લઈ લેશે.

''બીમારીની હાલતના કારણે હવે ખાત્રી નથી કે હવે અધિક જિંદગી હોય, જેથી જરૂરત હતી કે અન્ય અનુગામી (કાઈમ મકામ) બને. જેથી અખ્તર રઝા સલ્લમહૂને કાઈમ મકામ તથા જાનશીને આ'લા હઝરત બનાવી દેવામાં આવ્યા. જાનશીનીનો અમામો બાંધવામાં આવ્યો અને અબા (કુરતો) પહેરાવવામાં આવી. આ દસ્તાર તથા અબા, અને અન્ય તલબાની દસ્તાર તથા અબા બનારસવાળાઓ તરફથી થઈ.''

*(માહનામા આ'લા હઝરત–બરેલી, ડિસે. ૧૯૬૨, હિ.સ. ૧૩૮૨)*

જેથી જાણવા મળ્યું કે નીચે દર્શાવેલ મશાઈખે કિરામ આપના રૂહાની મુરબ્બી છે :–

૦૧. મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મૌલાના મુફતી મુહમ્મદ મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہ બરેલી.

૦૨. મુફસ્સિરે આ'ઝમે હિંદ હઝરત મૌલાના મુહમ્મદ ઈબ્રાહીમ રઝાખાં જીલાનીમિયાં બરેલી.

૦૩. બુરાહને મિલ્લત હઝરત મૌલાના બુરહાનુલ હક્ક રઝવી رحمۃ اللہ علیہ જબલપુર.

૦૪. સૈયદુલ ઉલમા હઝરત મૌલાના સૈયદ આલે મુસ્તફા બરકાતી મારહરવી رحمۃ اللہ علیہ.

૦૫. અહસનુલ ઉલમા હઝરત મૌલાના સૈયદ હસનમિયાં બરકાતી મારહરવી رحمۃ اللہ علیہ.

હઝરતના મુરીદો તથા તાલિબો લગભગ પૂરા અખંડ ભારતમાં તથા વિશ્વમાં જોવા મળે છે. સિલસિલએ કાદરિયાનો વ્યાપ જેટલો આ દૌરમાં હઝરતથી થયો તેટલો કોઈ અન્ય શયખથી નથી થયો. હઝરતના મુરીદો કરોડોની સંખ્યામાં છે. જે દેશો તથા શહેરોમાં આપના મુરીદોની અધિક્તર સંખ્યા છે તે નીચે મુજબ છે :–

હિંદુસ્તાન, પાકિસ્તાન, નેપાલ, બ્રિટન, તાન્ઝાનિયા, ઓસ્ટ્રેલિયા, મદીના મુનવ્વરા, મક્કા મોઅઝ્ઝમા, બંગ્લાદેશ, મોરિશિયસ, શ્રીલંકા, હોલેન્ડ, સા. આફ્રિકા, જાંબિયા, અમેરિકા, ઈરાક, ઈરાન, તુર્કી, મલાવી, જર્મની, યુનાઈટે અરબ અમીરાત, લબનાન, મિસર, સીરિયા, કેનેડા, તરાબુલ્સ, તબરાન, લીબિયા વગેરે. મુરીદોમાં મોટા મોટા ઉલમા, મશાઈખ, સાલેહ લોકો તથા શાઈરો તથા સાહિત્યકારો, મુફક્કિરો તથા સરદારો, લેખકો, રિસર્ચ સ્કોલરો, પ્રોફેસરો, ડોકટરો તથા સંશોધકો છે જેઓ આપની ગુલામી પર ગર્વ અનુભવે છે.

હુઝૂર તાજુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہના ખલીફાઓની સંખ્યા પણ લખાણમાં

Web : www.barkatekhwaja.net

સમાવવી એક મોટુ કામ છે. સેંકડોની સંખ્યામાં વિવિધ દેશોમાં દીને મતીનની ખિદમત તથા પ્રચારમાં વ્યસ્ત છે. અમુક ખલીફાઓનાં નામો ''હયાતે તાજુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہ'' (અઝ : મૌલાના શહાબુદ્દીન રઝવી) તથા ''તજલ્લિયાતે તાજુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہ'' (અઝ : મૌલાના શાહિદુલ કૃાદરી)માં જોઈ શકાય છે.

૧ જમાદિયુલ આખર હિ.સ. ૧૪૩૪ (તા. ૧૧–૪–૨૦૧૩) શબે જુમ્આ ૧૦ વાગીને ૩૮ મિનિટ પર હઝરતના ઘર પર ડો. મુહમ્મદ ઈર્શાદ અહમદ રઝવી ''સાહિલ' શહસરામીના આગ્રહ પર એક જ ખાસ દર્સનું આયોજન થયું. જેમાં હુઝૂર તાજુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہએ હદીષ મુસલસલ બિલ અવ્વલિયતની તા'લીમ આપી અને અમલી રીતે એની ઈજાઝત પણ અતા ફર્માવી. એમાં નીચે મુજબની વ્યક્તિઓ હતી :–

**૦૧.** શાહઝાદા તાજુશ્શરીઅહ્ મૌલાના અસ્જદ રઝાખાં સાહબ.

**૦૨.** ડો. મુફ્તી મુહમ્મદ ઈર્શાદ અહમદ રઝવી, સાહિલ શહસરામી સાહબ

**૦૩.** હઝરત મુફ્તી મુહમ્મદ મતીઉર્રહમાન નિઝામી ઉસ્તાઝે જામિઅતુર્રઝા

**૦૪.** હાફિઝ મુહમ્મદ અસ્લમ રઝવી–કરાંચી

**૦૫.** હઝરત મુફ્તી મુઝફ્ફર હુસૈન–ફતહપુર, ગયા

**૦૬.** હઝરત મૌલાના તબારક હુસૈન–ગયા

**૦૭.** હઝરત મુફ્તી યૂનુસ રઝા ઉવૈસી (આ કિતાબના લેખક)

એના બાદ લેખકની ગુઝારિશ પર તે સર્વ ઈજાઝતો જે હઝરતને મશાઈખથી મળી હતી તથા સર્વ સિલસિલાઓ મુઅમ્મરિયહ મુનવ્વરિયહ તથા મુસાફે તેમજ અન્નૂર વલ બહામાં જે નોંધાયેલ છે તે નીચેના હઝરાતને અર્પણ કરી :–

**૦૧.** શહઝાદા તાજુશ્શરીઅહ મૌલાના અસ્જદ રઝા સાહબ

**૦૨.** ડો. ઈર્શાદ અહમદ રઝવી, સાહિલ શહસરામી સાહબ

**૦૩.** મુફ્તી મતીઉર્રહમાન નિઝામી સાહબ

૦૪. મૌલાના આશિક હુસૈન કશ્મીરી સાહબ

૦૫. (લખનાર) મૌલાના મુહમ્મદ યૂનુસ રઝા

## ★ હરમૈન શરીફૈનની ઝિયારત ★

દરેક મુસલમાનની ખાસ કરીને આશિકે સાદિક્ની તમન્ના હોય છે કે હરમૈન શરીફૈન (મક્કા–મદીના)ની ઝિયારતથી પોતાને મુશર્રફ કરે. અલ્લાહ તઆલાએ હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہને આ શરફ (બુઝુર્ગી)થી પણ ખૂબ નવાઝયા. આપે છ હજ્જ કર્યા. પ્રથમ હજ હિ.સ. ૧૪૦૩, ઈ.સ. ૪–૯–૧૯૮૩, બીજો હજ હિ.સ. ૧૪૦૬, ઈ.સ. ૧૯૮૫, ત્રીજો હજ હિ.સ. ૧૪૦૫, ઈ.સ. ૧૯૮૬, ચોથો હજ હિ.સ. ૧૪૨૯, ઈ.સ. ૨૦૦૮, પાંચમો હજ હિ.સ. ૧૪૩૦, ઈ.સ. ૨૦૦૯, છઠ્ઠો હજ હિ.સ. ૧૪૩૧, ઈ.સ. ૨૦૧૦માં કર્યો. એ ઉપરાંત અગણિતવાર આપે ઉમરા કર્યા અને મદીના મુનવ્વરાની હાજરી આપી. કદી કદી વરસમાં બે ચાર વાર મદીના મુનવ્વરામાં હાજર થઈ જતા હતા. આપનામાં એક વિશિષ્ટતા એ હતી કે આપ કોઈ લીડર, ગવર્નમેન્ટના રોઅબ તથા દબદબાથી ડરતા ન હતા. હક્ક્ મસાઈલનો ઈઝહાર અલલ એલાન કરી આપતા હતા. અંજામની પરવા કરતા ન હતા. બીજા હજના મોક્ા પર હઝરતને કેટલીક મુશ્કેલીઓનો પણ સામનો કરવો પડયો. હુઝૂર તાજુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہ પોતાનાં પત્ની સાહેબાની સાથે હજ તથા ઝિયારતના માટે તશરીફ લઈ ગયા હતા. અરફાતથી પરત થયા બાદ સઊદી હુકૂમતે રાતના સમયે મક્કા મોઅઝ્ઝમામાં આપને ક્યામગાહથી ગિરફતાર કરી લીધા. વિના કારણે અગીયાર દિવસ જેલમાં રાખીને મદીના શરીફની ઝિયારત કરાવ્યા વિના હિંદુસ્તાન મોકલી આપ્યા.

મે ૧૩ સપ્ટેમ્બર ૧૯૮૬, હિ.સ. ૧૪૦૭માં ઈબ્રાહીમ મરચન્ટ રોડ મીનારા મસ્જિદની પાસે રઝા એકેડેમી મુંબઈના આયોજન હેઠળ હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہની મક્કા મુકર્રમામાં નિરર્થક ગિરફતારી પર સઊદી હુકૂમતની વિરૂધ્ધ એક શાનદાર ઈજલાસ ગોઠવ્યો હતો. તેની સદારત મુહદ્દિષે ક્બીર સાહબે કરી. મુંબઈના સ્થાનિક ઉલમા અઈમ્મા ઉપરાંત



Web: www.barkatekhwaja.net

બહારથી આવેલ અગ્રગણ્ય ઉલમાએ પણ હાજરી આપી હતી. પચાસ હજારની મેદની એમાં જમા થઈ ગઈ હતી. મજમો વિરોધ પ્રદર્શિત કરવાના જોશમાં સઊદી ગવર્નમેન્ટ વિરૂધ્ધ નારા બુલંદ કરતો રહ્યો. છેવટમાં હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہએ સઊદી ગવર્નમેન્ટમાં પોતાની ધરપકડ તથા ઝિયારતે મદીના મુનવ્વરા વિના પરત કરી દેવાના સંબંધે પોતાનું આ સંક્ષિપ્ત બયાન આપ્યુ :–

"૩૧ ઓગષ્ટ ઈ.સ. ૧૯૮૬ રાતમાં ત્રણ વાગ્યે અચાનક સઊદી ગવર્નમેન્ટના સી.આઈ.ડી. પોલીસના લોકો મારી કયામગાહ (ઉતારા) પર આવ્યા અને મને જગાડીને પાસપોર્ટ માગી. પછી મારા સામાનની તલાશીની માગણી કરી. મારી સાથે મારી પર્દાનશીન બીવી હતી. મેં તેણીને બાથરૂમમાં મોકલી દીધી. પછી સી.આઈ.ડી.એ બાથરૂમને બહારથી તાળુ મારી દીધું અને તે લોકો પોલીસોની સાથે મારા રૂમમાં દાખલ થયા. મને રિવોલ્વર તાકીને હરકત ન કરવાની ચેતવણી આપી મારા સામાનની તલાશી લીધી. મારી પાસે હઝરત મૌલાના સૈયદ અલ્વી માલિકી રઝવી رحمۃ اللہ علیہની આપેલી અમુક કિતાબો હતી અને કેટલીક કિતાબો આ'લા હઝરતની અને દલાઈલુલ ખૈરાત હતી. એ સર્વ કિતાબોને પોતાના કબજામાં લીધી. મારી પાસે ટેલીફોનની ડાયરી માગી જે મારી પાસે ન હતી. મારો મારી પત્નીનો તથા મારા સાથીઓના પાસપોર્ટ, ટિકિટ તથા પેલી કિતાબો સાથે લઈને મને સી.આઈ.ડી. ઓફીસ લાવ્યા અને એક પછી એક મારા સાથીઓ ચાહકોને પણ ઉઠાવી લાવ્યા.

મારી સાથે રાતની ઔપચારિક ચર્ચા પછી પ્રથમ સવાલ એ કર્યો કે આપે જુમ્આ કયાં પઢયો ? મેં કહ્યું, હું મુસાફિર છું જેથી મારા પર જુમ્આની નમાઝ ફર્ઝ નથી જેથી મેં મારા રૂમમાં ઝોહર પઢી. મને પૂછયું, તમે હરમમાં નમાઝ નથી પઢતા ? મેં કહ્યું, હું હરમથી દૂર રહું છું જેથી હરમમાં નમાઝ નથી પઢી શકતો. હરમમાં તવાફ માટે જઉં છું. મને કહ્યું, તમે કેમ તમારા મહોલ્લાની મસ્જિદમાં નમાઝ નથી પઢતા ? મેં કહ્યું, ઘણા બધા લોકો છે જેમને હું જોઉં છું કે તેઓ મહોલ્લાની મસ્જિદમાં નમાઝ નથી પઢતા અને

Web: www.barkatekhwaja.net

ઘણા લોકો વિશે હું મેહસૂસ કરું છું કે તેઓ મુદ્દલે નમાઝ જ નથી પઢતા, તો પછી મને જ શા માટે પૂછતાછ કરો છો ?! મને છતાં આગ્રહ કરવામાં આવ્યો તો મેં કહ્યું કે મારા મઝહબમાં તથા આપ લોકોના મઝહબમાં મતભેદ છે. આપ હંબલી કહેવાઓ છો અને હું હનફી છું અને હનફી મુક઼તદીની રિઆયત (ખયાલ, કાળજી) ગૈર હનફી ઈમામ જો ન કરે તો હનફીની નમાઝ સહીહ થશે નહીં, એટલા માટે હું નમાઝ અલગ પઢું છું. મને હઝરત અલ્લામા સૈયદ અલ્વી માલિકી رحمۃ اللہ علیہની કિતાબોના વિશે પૂછયું કે તમને એ કેવી રીતે મળી ? મેં કહ્યું કે મને આ કિતાબો તેમણે થોડાક દિવસો પહેલા આપી છે જ્યારે હું તેમને મળવા ગયો હતો. મને સવાલ કરવામાં આવ્યો કે શું એ પ્રથમ મુલાકાત હતી ? મેં કહ્યું, હા ! પ્રથમ મુલાકાત હતી. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہની અમુક કિતાબો જોઈને જે નઅત તથા હજના મસાઈલના સંબંધી હતી, પૂછયું : આમની સાથે તમારે શું સગાઈ છે ? મેં કહ્યું, એ મારા દાદા હતા. આ ટૂંકી ઈન્કવાયરી પછી મને રાત પસાર થઈ ગયા બાદ ફજરના સમયે જેલ મોકલી દેવામાં આવ્યો.

દસ વાગે ફરી સી.આઈ.ડી. સાથે વાતચીત થઈ. તેણે મને પૂછયું કે હિંદુસ્તાનમાં કેટલા ફિર્કા છે ? મેં શીઆ, ક઼ાદયાની વગેરે અમુક ફિર્કા ગણાવ્યા અને મેં સ્પષ્ટ કર્યું કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہએ ક઼ાદયાનીઓની રદ કરી છે અને તેમની રદમાં છ કિતાબો જઝાઉલ્લાહ અદુવ્વહૂ, કહરુદય્યાન, અસ્સુઉલ્એક઼ાબ વગેરે લખી છે. અમારા પર કેટલાક લોકો એવો આક્ષેપ લગાડે છે અને તમને એ બતાવ્યું છે કે અમે તથા ક઼ાદયાની એક છીએ, પણ એ ગલત છે, અને એ જ લોકો અમને "બરેલ્વી" કહે છે, જેનાથી એ વહેમ થાય છે કે "બરેલ્વી" કોઈ નવા મઝહબનું નામ છે, પણ એવું નથી, બલ્કે અમો "અહલે સુન્નત વ જમાઅત" છીએ.

સી.આઈ.ડી.ના પૂછવા પર મેં બતાવ્યું કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہએ કોઈ નવા ધર્મનો પાયો નથી નાખ્યો બલ્કે તેમનો મઝહબ એ જ હતો જે સરકાર મુહમ્મદ મુસ્તફા علیہ الصلوٰۃ والسلامનો અને સહાબા તથા તાબઈન رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَનો અને દરેક

જમાનાના સાલેહીનનો મઝહબ છે. અને એ કે અમો અમને પોતાને "અહલે સુન્નત વ જમાઅત" કહેવડાવવાનું જ પસંદ કરીએ છીએ. અને અમને એ અર્થમાં "બરેલ્વી" કહેવા કે અમો કોઈ નવા મઝહબના અનુયાયી છીએ એ અમારા પર આક્ષેપ છે. સી.આઈ.ડીના પૂછવા પર મેં "વહાબી" તથા "સુન્ની"નો ફરક સ્પષ્ટ કર્યો. મેં કહ્યું કે વહાબી, હુઝૂર علیہ الصلوٰۃ والسلامના ઈલ્મે ગયબ, તથા તેમની શફાઅત અને તેમના વસીલા તથા તેમનાથી મદદ ચાહવું તથા તેમને પોકારવાના મુન્કિર છે, અને એ બાબતોને શિર્ક બતાવે છે, જ્યારે કે અમારો એ અક઼ીદો છે કે હુઝૂર ﷺથી વસીલો પકડવો જાઈઝ છે અને તેમને પોકારવા પણ જાઈઝ છે, અને એ કે આપ સાંભળે પણ છે. અને અલ્લાહના બતાવવાથી ગયબને પણ જાણે છે અને અલ્લાહે તેમને શફાઅતનો હોદ્દો અપર્ણ કર્યો છે. સી.આઈ.ડી.ના પૂછવા પર કુર્આની આયતોથી મેં દલીલ રજૂ કરીને એ સાબિત કર્યું કે નબુવ્વત એ ગયબથી માહિતગારીનું જ નામ છે, અને નબી તે જ છે જે અલ્લાહના બતાવવાથી ગયબની ખબર આપે. અને એ કે નબીના વાસ્તાથી દરેક મો'મિન ગયબ જાણે છે. જેમ કે કુર્આને મુક઼દ્દસમાં નસો (આયતો) છે.

સી.આઈ.ડી.ના પૂછવા પર મેં બતાવ્યું કે સરકારે દો આલમ ﷺને વિસાલ બાદ પણ ગયબની ખબર છે, એટલા માટે કે સરકાર ﷺની નબુવ્વત બાકી છે, અને નબુવ્વત ગયબ જાણવાને જ કહે છે. વળી એ કે આયતોમાં કોઈ એવી શર્ત નથી કે જેનાથી એ જાહેર થાય કે વિસાલ બાદ સરકાર ﷺ ઈલ્મે ગયબ જાણતા ન હતા.

એક અન્ય બેઠકમાં સી.આઈ.ડી.ના પૂછવા પર મેં તવસ્સુલ (વસીલો પકડવા)ની દલીલમાં : وَابْتَغُوْٓا اِلَيْهِ الْوَسِيْلَةَ "અલ્લાહની રાહમાં વસીલો શોધો" *(સૂ. માઈદહ્, ૫/૩૫)* આયત પઢી અને એ બતાવ્યું કે સરકાર ﷺથી તવસ્સુલ (વસીલો) એ નેક અમલોમાંથી છે. અને એ કે કોઈ અમલનુ સાલેહ (નેક) હોવું અને વસીલો હોવું એ શર્ત પર આધારિત છે કે તે મક઼બૂલ હોય. અને સરકાર રિસાલત ﷺ વિના શંકાએ રબની બારગાહના મક઼બૂલ છે, બલ્કે સૈયદુલ મક઼બૂલીન છે, જેથી એમનો વસીલો લેવો અધિક કક્ષાએ જાઈઝ છે અને તવસ્સુલ (વસીલો લેવું) શિર્ક નથી.

સી.આઈ.ડી.ના કહેવા પર મેં વધુમાં કહ્યું કે કોઈની પાસેથી એ રીતે મદદ માગવી કે અલ્લાહના સિવાય એને મુસ્તકિ઼લ (રબની અતા વિના) તથા ફાઈલ (કર્તા) સમજવો શિર્ક છે. અને અમો આ રીતે કોઈનાથી મદદ માગવાને માનતા નથી. હા ! અલ્લાહની મદદનો વસીલો જાણીને કોઈ રબની બારગાહના મક઼બૂલ બંદાથી મદદ માગવી હરગિઝ શિર્ક નથી. સી.આઈ.ડી.ના એક સવાલના જવાબમાં કહ્યું કે, અમારામાં અને વહાબીમાં એ ફરક઼ છે કે તેઓ અમને તવસ્સુલ વગેરેના કારણે કાફિર મુશ્રિક બતાવે છે, પરંતુ અમો તેમને કેવળ એ જ કારણે ક઼ાફિર મુશ્રિક નથી કહેતા. (એટલે એનાં કારણો અલગ છે)

બીજા દિવસે મારો એ બયાનોની રોશનીમાં સી.આઈ.ડી.એ મારા માટે એક ક઼બૂલાતનામુ તેણે ખુદ લખીને મને સંભળાવ્યું, જે આ પ્રમાણે હતું :

''હું ફલાણાનો પુત્ર ફલાણો બરેલ્વી મઝહબનો અનુયાયી છું.'' મેં વાંધો ઉઠાવ્યો કે હું વારંવાર કહી ચૂક્યો છું કે બરેલ્વી કોઈ મઝહબ નથી, અને જો કોઈ નવો ધર્મ બરેલ્વી નામથી છે તો હું તેનાથી અલિપ્ત છું. આગળ કબૂલાતનામામાં તેણે એવું લખ્યું કે, આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો અનુયાયી છું અને બરેલ્વીઓમાંથી એક છું અને અમારો અકી઼દો છે કે સરકાર صلی اللہ علیہ وسلمથી તવસ્સુલ (વસીલો), મદદ ચાહવું અને તેમને પોકારવું જાઈઝ છે અને સરકાર صلی اللہ علیہ وسلم ગયબ જાણવા હતા, અને વહાબી એ બાબતોને શિર્ક બતાવે છે. અને એ કે હું તેમની પાછળ એ કારણે નમાઝ નથી પઢતો કે તેઓ અમને સુન્નીઓને મુશ્રિક બતાવે છે. ક઼બૂલાતનામાના છેવટમાં મારી માગણી પર તેણે એ વધારો કર્યો કે ''બરેલ્વિયત'' કોઈ નવો મઝહબ નથી અને અમો લોકો પોતે પોતાને ''અહલે સુન્નત વ જમાઅત'' કહેવડાવવાનું જ પસંદ કરીએ છીએ. પછી વિવિધ બેઠકોમાં વારંવાર એ જ સવાલો દોહરાવ્યા. બાદમાં મને મારા લંડનના સફર વિશે પૂછયું અને કહ્યું કે શું ત્યાં તમે કોઈ કોન્ફ્રન્સમાં શિર્કત કરી હતી ? મેં જવાબ આપ્યો કે કોન્ફ્રન્સ ગવર્નમેન્ટના નિયંત્રણ અને રાજનૈતિક કક્ષાએ થાય છે. અમે લોકો ન રાજકારણી છીએ ન કોઈ ગવર્નમેન્ટ સાથે અમારે સંબંધ છે.

સી.આઈ.ડી.ના પૂછવા પર મેં જણાવ્યું કે લંડન એ ઈજલાસમાં જેમાં શરીક થયો હતો ત્યાં બરેલ્વિયતના નામે મસાઈલ પર ચર્ચા ન થઈ હતી, બલ્કે ઈત્તેહાદે ઈસ્લામ અને તન્ઝીમુલ મુસ્લિમીન પર તક઼રીરો થઈ હતી. અને એ જલસાનો ખર્ચ ત્યાંના સુન્ની મુસલમાનોએ ઉઠાવ્યો હતો. અને એમાં એ માગણી કરવામાં આવી કે ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہના અનુયાયી અહલે સુન્નત વ જમાઅતને ઈલ્મી જગતના સંપર્કમાં પ્રતિનિધિત્વ આપવામાં આવે, જેવી રીતે "નદવીઓ" વગેરેને સંપર્કમાં પ્રતિનિધિત્વ હાંસલ છે.

સી.આઈ.ડી.ના પૂછવા પર મેં બતાવ્યું કે આ તજવીઝ એકમતિએ પાસ થઈ ગઈ હતી. ત્રીજી બેઠકમાં જ્યારે બે બેઠકોની તપાસ ખત્મ થઈ ચૂકી અને મારું ક઼બૂલાતનામુ ખુદ તૈયાર કરી ચૂક્યા તો મને એક મોટા સી.આઈ.ડી. ઓફિસરે કહ્યું કે હું આપનો આપના ઈલ્મ, ઉમર તથા શખ્સિયતના કારણે એહતેરામ કરું છું અને આપનાથી ખાસ સમયોમાં દુઆઓનો તાલિબ છું. ધરપકડના સબબ વિશે મારા પૂછવા પર તેમણે બતાવ્યું કે આપનો કેસ મામૂલી છે, નહીં તો તે સમયે જ્યારે પોલીસ હાથકડી નાખીને આપને લાવ્યો હતો, તો હું આપની હાથકડી ન ખોલાવતો.

ટૂંકમાં એ કે સતત સવાલો છતાં મારો જુર્મ વારંવાર પૂછવા છતાં પણ મને ન બતાવ્યું, બલ્કે એ જ કહેતા રહ્યા કે મારો કેસ બહુ મહત્વ નથી ધરાવતો તેમ છતાં મારા છૂટકારામાં મોડુ કર્યું અને જુર્મ પ્રદર્શિત કર્યા વિના મને મદીના મુનવ્વરાની હાજરીથી વંચિત રાખ્યો, અને અગીયાર દિવસો પછી જ્યારે મને જિદ્દા રવાના કરવામાં આવ્યો તો મારા હાથોમાં જિદ્દા એરપોર્ટ સુધી હાથકડી પહેરાવી રાખી અને રસ્તામાં ઝોહરની નમાઝ માટે મોક઼ો પણ આપવામાં ન આવ્યો, એના કારણે મારી ઝોહરની નમાઝ પણ ક઼ઝા થઈ ગઈ."

*(રોઝનામા અલ્એહરામ, કાહિરા, ૧૨–રબીઉલ અવ્વલ, હિ. ૧૪૦૭, ઈ.સ. ૧૯૮૭ રોઝનામા જંગ–લંડન, તા. ૩–૩–૧૯૮૭, હિ.સ. ૧૪૦૭)*

## ★ આંતર રાષ્ટ્રીય વિરોધ પ્રદર્શન ★

ઈ.સ. ૧૯૮૬, હિ.સ. ૧૪૦૭માં હજ દરમ્યાન હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہને સઊદી અરબની હુકૂમતે મક્કા મુકર્રમામાં જુર્મ વિના કેવળ નજદિયતના પ્રભાવની ખાતર ગિરફતાર કરીને અગીયાર દિવસો સુધી કેદમાં બંધ રાખ્યા. અને ઉપરથી સિતમ એ કે તેમને હબીબે પાક ﷺના દયારે પાકની હાજરીથી પણ મેહરૂમ કરી આપ્યા, પરંતું હઝરત પોતાના મૌક઼ફ઼ તથા મસ્લક પર ક઼ાઈમ રહ્યા અને તેમની અડગતામાં ફરક ન પડયો.

આપની ગિરફતારીથી ઈસ્લામી જગતમાં બેચૈની તથા ગુસ્સાની લહેર દોડી ગઈ હતી. અને કેવળ હિંદુસ્તાન નહીં બલ્કે હિંદ બહાર મોટાભાગના ઈસ્લામી તથા ગૈર ઈસ્લામી દેશોમાં પણ સવાદે આ'ઝમ અહલે સુન્નતના વિરોધ પ્રદર્શનોનો લાંબો ક્રમ શરૂ થઈ ગયો. અખ્બારો તથા મેગેઝિનોએ પણ જાનશીને મુફ્તીએ આ'ઝમ હુઝૂર તાજુશ્શરીઅહની અયોગ્ય રીતે ગિરફતારીની આલોચના કરી. વર્લ્ડ ઈસ્લામિક મિશન–બ્રિટન, રઝા એકેડમી–મુંબઈ, સુન્ની જમિયતુલ ઉલમા, જમિઅતુલ ઉલમાએ ઈસ્લામ પાકિસ્તાન તથા નાની મોટી અંજુમનો તથા જમાઅતોએ જબરદસ્ત વિરોધ પ્રદર્શનો પૂરા અખંડ ભારતમાં કર્યા અને સઊદિયા હુકૂમતથી માફીની માગણી કરી.

## ★ શાહ ફહદ, શહઝાદા અબ્દુલ્લાહ તથા તર્કી બિન અબ્દુલ અઝીઝથી મુલાકાત ★

હઝરતની ગિરફતારીના પ્રખ્યાઘાત રૂપે મિલ્લતના લીડરોએ લંડનમાં સઊદી હુકૂમતના રાજા શાહ ફહદ, શહઝાદા અબ્દુલ્લાહ તથા તર્કી બિન અબ્દુલ અઝીઝ રાજ્ય મંત્રીથી લાંબી મુલાકાતો કરી. જેમાં અલ્લામા અર્શદુલ ક઼ાદરી, મૌલાના અબ્દુસ્સત્તારખાન નિયાઝી, મૌલાના શાહ અહમદ નૂરાની, મૌલાના સૈયદ ગુલામ સૈયદૈન, મૌલાના શાહિદ રઝા નઈમી, શાહ મુહમ્મદ જીલાની સિદીક઼ી, મૌલાના યૂનુસ કાશ્મીરી, મૌલાના અબ્દુલવહાબ સિદીક઼ી તથા શાહ ફરીદુલ હક઼્ક઼ તથા અન્ય ઉલમાએ અહલે સુન્નતે સઊદી

સત્તાવાળાઓનો પુરજોર અંદાઝમાં ગિરફતારી પર વિરોધ નોંધાવ્યો અને હરમૈન શરીફૈનમાં દરેક મસ્લકના લોકોને પોતાના અક઼ીદા પ્રમાણે નમાઝ પઢવા અને અન્ય અરકાન અદા કરવા દેવાની માગણી કરી. જેના પર એ સત્તાધારી આગેવાનોએ તરત મંજૂર કરી લીધું અને મુસ્લિમ ઉમ્મત માટે સઊદી હુકૂમતે એ એલાન બહાર પાડયું કે :

હરમૈન શરીફૈનમાં દરેક મસ્લક તથા મઝહબના લોકો હવે સ્વતંત્ર રીતે ઈબાદત કરશે. કન્ઝુલ ઈમાન પર પાબંદી મારા હુકમથી નથી લગાડવામાં આવી. મને એનો ઈલ્મ પણ નથી. હવે મીલાદની મેહફિલો આઝાદાના તરીક઼ા પર થશે. કોઈના પર કોઈ જબરદસ્તી ન થશે. સુન્ની હાજીઓ સાથે કોઈ જબરદસ્તી થશે નહીં.

*(રોઝનામા અલ એહરામ, કાહિરા, ૧૨–રબીઉલ અવ્વર હિ. ૧૪૦૭, ઈ.સ. ૧૯૮૭, રોઝનામા જંગ–લંડન, ૩–માર્ચ, ઈ.સ. ૧૯૮૭, હિ. ૧૪૦૭)*

છેવટે કુર્બાની રંગ લાવી. અહલે સુન્નતના વિરોધોએ સઊદી હુકૂમતને એ વિચારવા મજબૂર કરી દીધી તથા લંડનમાં સઊદી સત્તાધીશ શાહ ફહદે એ એલાન કરવું પડયું કે હરમૈન શરીફૈનમાં દરેક મસ્લકના લોકોએ તેમના તરીક઼ાઓ પર ઈબાદતો કરવાની આઝાદી રહેશે. વર્લ્ડ ઈસ્લામિક મિશન બ્રિટનના કાર્યકર્તાઓએ લંડનમાં શાહ ફહદ તથા તેમના ભાઈ પ્રિન્સ તર્કી ઈબ્ને અબ્દુલ અઝીઝ, શહઝાદા અબ્દુલ્લાહથી મુલાકાત કરીને વિવાદાસ્પદ મસાઈલ બાબતે ચર્ચા કરી. અલ્લામા અર્શદુલ ક઼ાદરીએ સઊદી સફીરને અરબી ભાષામાં એક મેમોરેન્ડમ પણ આપ્યું.

૨૧–મે ઈ.સ. ૧૯૮૭ હિ.સ. ૧૪૦૭ના સઊદી એલચી કચેરી દિલ્હીથી હઝરતના ઘરે એક ફોન આવ્યો અને ખુદ હિંદના સઊદી એમ્બેસેડર મિસ્ટર ફવાદ સાદિક઼ મુફતીએ આપને એ ખબર આપી કે સઊદી અરબની હુકૂમતે આપને મદીના મુનવ્વરાની ઝિયારત તથા ઉમરાના માટે એક મહિનાની ખાસ વિઝા આપી અને અમે આપની સાથે થઈ ગયેલ પાછલા મામલાથી માફી ચાહીએ છીએ.

હઝરત ૨૪ મે ઈ.સ. ૧૯૮૭ હિ.સ. ૧૪૦૭ હિજરીના સઊદી

ફલાઈટથી વાયા જિદ્દા મદીના મુનવ્વરા પહોંચ્યા. સઊદી એલચી કચેરીએ આપના આગમનની ખબર જિદ્દા તથા મદીના એરપોર્ટ પર આપી દીધી હતી. સઊદી એલચી મિ. ફવાદ સાદિકે આ મામલામાં ઘણી દિલચસ્પી લીધી. મૌલાના અઝહરી (હુઝૂર તાજુશ્શરીઅહ) ઉમરા તથા મદીના મુનવ્વરાની ઝિયારતથી મુશર્રફ થઈને સઊદીમાં ૧૬ દિવસના રોકાણ બાદ વતન પરત આવ્યા. દિલ્હી એરપોર્ટ પર, બરેલી જંકશન પર હજારો અકીદતમંદો તથા મુરીદોએ આપનુ ઉષ્માભેર સ્વાગત કર્યું. (આપને પાછળથી કા'બા શરીફની અંદર પણ હાજરીનો શરફ મળ્યો હતો. –*અનુવાદક*)

## ★ ઈલ્મી તથા રૂહાની હોદ્દાઓ ★

હઝરત મુફસ્સિરે આ'ઝમે હિંદ તથા હઝરત મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના વિસાલ ફર્માવ્યા પછી જાનશીને આ'લા હઝરત, જાનશીને મુફતીએ આ'ઝમે હિંદ, કાઝીયુલ કુઝાત ફિલ હિંદ, અરબ તથા અજમમાં એ જ હેસિયતથી આપની ઓળખ છે. ઈલ્મી તથા રૂહાની બંનેવ કમાલોના એતબારથી ઈસ્લામના દાનિશ્વરોએ આપને "તાજુશ્શરીઅહ" તથા "તાજુલ ઈસ્લામ"ના લકબોથી યાદ કર્યા. તાજુશ્શરીઅહ આપનો એવો લકબ છે જે વર્તમાનકાળમાં આપના ઈલ્મી કમાલની હૈસિયત દર્શાવે છે. ઉલમાએ અહલે સુન્નત તથા મુફક્કિરીને ઈસ્લામ નીચે મુજબના લકબો વડે પણ આપને યાદ કરે છે : મરજઉલ ઉલમા વલ્ફુઝલા, જામિઉલ ઉલૂમ વલ ફુનૂન, વારિષે ઉલૂમે આ'લા હઝરત, શયખુલ મુહદ્દિષીન, સિરાજુલ મુફસ્સિરીન, ઉસ્તાઝુલ ફુકહા, સુલ્તાનુલ ફુકહા, ફકીહે આ'ઝમ, ફકીહે અસ્ર, ફખ્રે અહલે સુનન, સનદુલ મુફતિય્યીન, બદરે તરીકત, જામેએ શરીઅતો તરીકત, આરિફે હકીકતો મઅરેફત, અમીરુલ હિંદ, શૈખુલ કુલ, મુર્શિદે કામિલ, આબરૂએ અહલે સુન્નત વગેરે.

## ★ હુઝૂર તાજુશ્શરીઅહની રોજનીશી ★

હઝરત સમયના ઘણા પાબંદ હતા. જ્યારે બરેલી શરીફમાં હોતા તો નીચે પ્રમાણે કામોમાં સમય પસાર કરતા :

**શનિવાર** : ફજરની નમાઝ બાદ તિલાવત, વઝીફા. નાશ્તાથી પરવારીને કિતાબો સાંભળતા અથવા ફતવા લખાવતા અથવા ફતવા સાંભળીને તસ્દીક્ કરતા. બપોરના એક વાગ્યા સુધી ડ્રોઈંગ રૂમમાં બેસતા. તખસ્સૂસ ફિલ ફિક્હના તલબાને ૧૧ કે ૧૨ વાગ્યા બાદ દર્સ આપતા. ખાણુ ખાઈને કૈલૂલા કરતા. ઝહોરની નમાઝ બાદ કિતાબો સાંભળતા અથવા કિતાબો લખાવતા. અસરની નમાઝ બાદ દલાઈલુલ ખૈરાત પઢતા. મગરિબની નમાઝ બાદ વઝીફાથી ફારિગ થઈને ફરી કિતાબો સાંભળતાં કે કિતાબો લખાવતા. પછી ઈશા બાદ ખાવા ખાતા. ત્યાર બાદ થોડીવાર ટહેલતા (ચાલતા) પછી કિતાબો સાંભળતા અથવા લખાવતા. રાતના ૧૧ થી ૧૨ વાગ્યા સુધી આ ક્રમ ચાલુ રહેતો. એ દરમિયાન મુલાકાતી મુલાકાત પણ કરતા, મુરીદ થનારા સિલસિલામાં દાખલ થતા, પછી આરામ કરતા.

**રવિવાર** : એ દિવસે ઈશાની નમાઝ બાદ ઈન્ટરનેટ પર ઓન લાઈન સવાલોના જવાબો આપતા. ઈંગ્લિશ સવાલનો ઈંગ્લિશમાં, અરબીનો અરબીમાં, ઉર્દૂનો ઉર્દૂમાં જવાબ આપતા. બાકીનો ક્રમ શનિવાર જેમ.

**પીર (સોમવાર)** : શનિવાર જેમ પસાર કરતા.

**મંગળવાર** : શનિવાર જેમ પસાર કરતા.

**બુધવાર** : શનિવાર જેમ પસાર કરતા.

**જુમેરાત** : બપોરના દૌરએ હદીષના તલબાને બુખારી શરીફનો દર્સ આપતા. મગરિબની નમાઝ બાદ અઝહરી ગેસ્ટ હાઉસના હોલમાં (જ્યાં હાલ આપનો મઝાર છે) એહલે સુન્નતની અવામના સવાલોના જવાબો આપતા. આસપાસ ઉપરાંત દૂર દૂરથી લોકો હઝરતની ''મેહફિલે સવાલો જવાબ''માં હાજર થતા. બાકીની રોજનીશી શનિવાર જેમ રહેતી.

**જુમ્આ** : એ દિવસે મોડેથી ડ્રોઈંગ રૂમમાં તશરીફ લાવતા. લગભગ ૧૦ કે અગીયાર વાગે આવી જતા. મુલાકાતીઓ સાથે મુલાકાત બાદ લેખન કામ કરાવતા. એક વાગ્યે ઘરની અંદર તશરીફ લઈ જતા પછી જુમ્આના સમયે તૈયાર થઈને બહાર આવતા. મસ્જિદમાં ખુત્બો આપતા, નમાઝ પઢાવતા. મગરિબની નમાઝ બાદ શહેરની કોઈ મસ્જિદમાં સવાલ જવાબનો પ્રોગ્રામ

રાખવામાં આવતો તો ત્યાં તશરીફ લઈ જતા. પછી પરત આવ્યા બાદ બાકી રાબેતા મુજબ રોજનીશી રહેતી.

તદ્ઉપરાંત કોઈ વખતે જનાઝાની નમાઝ માટે અથવા તાઝીયત તથા અયાદતના માટે અથવા આસપાસના પ્રોગ્રામોમાં પણ તશરીફ લઈ જતા. સફર તથા ઉતારા પર શક્ય ત્યાં સુધી હુઝૂર તાજુશ્શરીઅહ આ મામૂલાતમાં ફરક આવવા દેતા ન હતા. તે સમય જે સ્ટેજ અથવા મુલાકાતમાં વપરાય છે તે આનાથી અલગ છે. ઉપરોક્ત લખાણમાં જે રોજનીશી વર્ણન થઈ તે આપના બીમાર થતા અગાઉ હતી. બીમાર થયા બાદ બરેલીમાં રહેતા તો દિવસના ૧૦ વાગ્યાથી દોઢ વાગ્યા સુધી અને મગરિબ બાદથી ઈશા સુધી મુલાકાતીઓથી મુલાકાત કરતા અને કિતાબના લેખન સંપાદનનું કામ કરતા રહેતા.

## ★ અવલિયાએ કિરામ رحمۃ اللہ علیہم اجمعین થી અક઼ીદત ★

અલ્લાહવાળાઓ, અલ્લાહના મહબૂબ બંદાઓથી ઘણી અક઼ીદત તથા મહોબ્બત ધરાવે છે. તેમનો અદબ કરે છે, તેમની બારગાહમાં હાજરીઓ આપે છે. તેમના વસીલાથી દુઆઓ માગે છે. તેમની રવિશ અપનાવે છે. તેમનો દુનિયાભરમાં ખુત્બો પઢે છે. તેમના દરથી નિસ્બતને દીન તથા દુનિયામાં કામયાબીનો ઝરીયો સમજે છે. સારાંશ કે એક અલ્લાહવાળાને અલ્લાહવાળાઓથી ઘણો જ લગાવ હોય છે, અક઼ીદત તથા મહોબ્બત રહે છે. હઝરત તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ વલી ઈબ્ને વલી ઈબ્ને વલી ઈબ્ને વલી છે કે તેમને જોવાથી ખુદા યાદ આવી જાય છે, જેથી તેમનામાં અવલિયા અલ્લાહથી અક઼ીદત તથા મહોબ્બત હોવું એ ફિતરી વાત છે. જેમ કે આપે વિવિધ અવલિયાએ કિરામ મશાઈખે એઝામ, ઉલમાએ ઝી એહતેરામના મઝારો પર હાજરી આપી છે. બરેલી શરીફમાં સિટી ક઼બ્રસતાનમાં આરામફર્મા ખાનવાદએ રઝવિય્યહની હસ્તીઓ, ખાસ કરીને ઈમામુલ ઉલમા મૌલાના રઝાઅલી, રઈસુલ મુતકલ્લિમીન અલ્લામા નક઼ી અલી, ઉસ્તાદે ઝમન અલ્લામા હસન રઝા, દરગાહે આ'લા હઝરત, દરગાહે શાહ દાનાવલી, દરગાહે અલ્લામા તેહસીન રઝાખાં رحمۃ اللہ علیہم اجمعین માં જ્યારે પણ મોક઼ો મળતો હાજરી આપ્યા કરતા હતા.

બદાયૂંમાં છોટે સરકાર, બળે સરકાર, હઝરત નિઝામુદ્દીન અવલિયાના વાલિદ માજિદ, મારહરા મુતહ્હરામાં મારહરાના બુઝુર્ગો, બેલગ્રામ શરીફના બુઝુર્ગો, કાલ્પી શરીફના સાદાતે કિરામ, સદરુશ્શરીઅહ્, હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہم اجمعین ખાસ કરીને ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી, શયખ અબ્દુલહક્ક્ મુહદ્દિષે દહેલ્વી, હઝરત નિઝામુદ્દીન અવલિયા, બુઝુર્ગાને દહેલી, બુઝુર્ગાને મુંબઈ, બુઝુર્ગાને અહમદાબાદ, સૈયદના રિઝકુલ્લાહ શાહ દાતા–કોડીનાર, અજમેર શરીફમાં સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہم اجمعین ની બારગાહોમાં હાજરી આપ્યા કરતા હતા. આપ બુઝુર્ગાને પાકિસ્તાન, બુઝુર્ગાને મિસ્ર, દમિશ્ક્, જોર્ડન, ઉર્દૂન, ઈરાક્ ખાસ કરીને સરકાર ગૌષે પાક, ઈમામે આ'ઝમ, કર્બલા શરીફ ઉપરાંત મક્કા મોઅઝ્ઝમા મદીના મુનવ્વરાના બુઝુર્ગોની બારગાહમાં હાજરી આપતા રહ્યા.

## ★ સાદાતે કિરામની તા'ઝીમ ★

સાદાતે કિરામને જે પણ ફઝાઈલ તથા બઝુર્ગીઓ હાંસલ છે તે હઝરત ખાતૂને જન્નત ફાતિમતુઝ્ ઝહરા رضی اللہ عنہا ની એ ઉચ્ચ નિસ્બતના તુફૈલ છે કે જેના ગવાહ કુર્આન તથા સુન્નત છે. ઉમ્મતના ઉલમાએ આ પ્રકરણમાં પૂરી પૂરી કિતાબો લખી દિલકશ ખિદમતો પેશ કરી છે. સૈયદના આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં કાદરી બરકાતી قُدِّسَ سِرَّہُ الْعَزِیْز લખાણ તથા બયાનની સાથોસાથ અમલી તૌર પર પણ સાદાતના એહતેરામમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. એ જ પ્રમાણે હુઝૂર મુફતીએ આ'ઝમ હઝરત મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہ તેમજ આજે પણ આપનો ખાનવાદો એના પર અમલ કરી રહેલ છે. ખાસ કરીને તે વ્યક્તિઓ જેમને આ'લા હઝરતની જાનશીનીનો શરફ હાંસલ છે નજીકના ભૂતકાળ માં આ'લા હઝરતના ઈલ્મી તથા રૂહાની જાનશીનની હૈસિયતથી બદરે કામિલ સ્વીકારવામાં આવી તે ઝાત ઉસ્તાઝુનલ કરીમ, સિરાજુલ મુફસ્સિરીન, ફખ્રુલ મુહદ્દિષીન, ઈમામુલ કામિલીન, સુલ્તાનુલ ફુકહા, તાજુશ્શરીઅહ, બદરુત્તરીકહ, શયખુલ ઈસ્લામ વલ્મુસ્લિમીન, કુત્બુલ

ઈર્શાદ હઝરત અલ્લામા, મુફ્તી હાફિઝો ક઼ારી **મુહમ્મદ અખ્તર રઝા ક઼ાદરી અઝહરી** عَلَیۡہِ الرَّحۡمَۃُ وَالرِّضۡوَان માજી કાઝીયુલ કુઝાત ફિલ્ હિંદ બરેલી શરીફની હતી. આપના અખ્લાક઼ તથા કિરદાર અને આદતો તથા તૌર તરીક઼ા સૈયદના આ'લા હઝરતની વિવિધ પાસાની પ્રશંસનીય ખૂબીઓના જલ્વા જણાતા હતા. સાદાતે કિરામની ઈજ્જત તથા તા'ઝીમ જે અંદાઝમાં આપ કરતા હતા તેવો કોઈ આજ સુધી મારી આંખોએ નથી જોયો. વિવિધ બનાવો મારા દિમાગમાં સુરક્ષિત છે. આપ અહલે બયતે અત્હાર સાદાતે એઝામના વિશે આયતો તથા હદીષોની એવી તશ્રીહ કરતા અને એવા દીવાનગીભર્યા અંદાઝમાં વર્ણન કરતા કે સાંભળનારા તથા જોનારાઓના ઈમાન તથા અક઼ીદામાં મહબ્બત તથા ઉલ્ફતના જલ્વા જગમગી ઉઠતા. આપ ઉલમાએ કિરામ તથા સાદાતે એઝામનો હદ દરજાનો એઝાઝ તથા ઈકરામ (તાઝીમ) કરતા. તેમની સારી એવી મહેમાનનવાઝી કરતા અને નઝરો નિયાઝ પેશ કરતા હતા.

૧. મક્કતુલ મુકર્રમાના ફઝીલતુશ્શયખ હઝરત અલ્લામા સૈયદ મુહમ્મદ બિન અલ્વી માલિકી عَلَیۡہِ الرَّحۡمَۃُ وَالرِّضۡوَانની જાત ઓળખની મોહતાજ નથી. આપ બરેલી શરીફ લગભગ ૨૦૦૩ કે ૨૦૦૪ ઈસ્વીમાં તશરીફ લાવ્યા. હુઝૂર તાજુશ્શરીઅહ عَلَیۡہِ الرَّحۡمَۃُ وَالرِّضۡوَانએ ઘણી જ ઈજ્જત તથા તકરીમની સાથે આપની શાદાર મહેમાનનવાઝી કરી. મુહદ્દિષુલ હરમ અલ્લામા માલિકી عَلَیۡہِ الرَّحۡمَۃُ وَالرِّضۡوَانનો ઉતારો હોટલ ઓબેરોય બરેલીમાં કર્યો અને આપ તેમના સ્વાગતના માટે તશરીફ લઈ ગયા. જ્યારે બંનેવ બુઝુર્ગોની મુલાકાત થઈ તો તે મન્ઝર ઘણો જ જોવા લાયક હતો. હઝરતે દસ્તબોસી કરી તો અલ્વી સાહબે પણ હઝરતની દસ્તબોસી કરી અને આપસમાં ગળે મળ્યા પછી હઝરતે દસ્તબોસી કરી અને અલ્વી સાહબે આપની પેશાની ચૂમી લીધી. પછી એ કે હઝરતે કહ્યું, તશરીફ રાખો. અલ્વી સાહબે હઝરતને ફર્માવ્યું કે તશરીફ રાખો. પણ કોઈ ખુરશી પર બેસી રહ્યું ન હતું. કેટલીકવાર એકબીજાએ એકબીજાને બેસવા માટે કહ્યું. પછી હઝરતે ફર્માવ્યું, આપ પહેલા બેસો!

તો અલ્વી સાહબે કહ્યું, પ્રથમ આપ બેસો ! ત્યારે અલ્વી સાહબને હઝરત અલ્લામા મુફતી શમ્સુલહુદા મિસ્બાહી ઝૈદ મજદહૂએ અલ્વી સાહબને અર્ઝ કરી કે આ ખાનવાદો સાદાતના એહતેરામમાં અજોડ છે, આપ પ્રથમ તશરીફ રાખશો ત્યારે જ અલ્લામા અઝહરી ખુરશી પર બેસશે ! એનાથી અલ્વી સાહબ ખૂબ જ ખુશ થયા. પછી બંનેવ બુઝુર્ગોમાં મોડે સુધી વાતચીત ચાલી. અરબી લેહજામાં બંનેવની ચર્ચા અધિક લુત્ફ પેદા કરી રહી હતી.

કેટલીક વાર પછી હઝરતે ઈજાઝત લીધી અને ઘરે તશરીફ લઈ ગયા. મગરિબ બાદ ઘરે લાવવા માટે જાતે પોતે હોટલ પર તશરીફ લઈ ગયા. સાથોસાથ સૈયદના આ'લા હઝરતના મઝાર પર હાજરી આપી. અલ્વી સાહબ મઝારે અક્દસના સિરહાને બેસી ગયા અને ઘણીવાર સુધી પઢતા રહ્યા. આ હાજરી અને હઝરતનાં અદબનો અંદાઝ જોવા જેવો તથા ઐતિહાસિક હતો ! ''જામિઅતુ ર્રઝા'' સાથો સાથે તશરીફ લઈ ગયા. જામિઆને જોઈને અલ્વી સાહબે હઝરતની ખિદમતોને દાદ આપી. હઝરતે સૈયદના આ'લા હઝરતના કેટલાય રિસાલા અને પોતાની કિતાબો અર્પણ કરવાનો હુકમ આપ્યો. ફકીરે (મુફતી યૂનુસ રઝા ઉવૈસીએ) તે સર્વ કિતાબો હઝરતના હાથમાં આપી અને હઝરતે ખૂબ જ આદરપૂર્વક તે કિતાબો અલ્વી સાહબને પેશ કરી. આ મોકા પર હઝરત અલ્વી સાહબે ફર્માવ્યું, શયખ અઝહરી પૂરા અદબ છે, કામિલ અદબ છે.

વિદાયગીરીનો પ્રસંગ પણ ઘણો જ મહત્વનો હતો. હઝરતે નઝરાણા તથા તોહફા અર્પણ કર્યા અને તશરીફ આવરી (આગમન)નો શુક્રિયા અદા કરતાં કાંઈ તકલીફ પડી હોય તેની માફી તલબ કરી. એના પર અલ્વી સાહબની આંખો ભરાઈ આવી. પછી બંનેવ બુઝુર્ગોએ મુઆનિકા (ગળે મળ્યા) બાદ દસ્ત બોસી કરી અને અલ્વી સાહબ દિલ્હી જવા રવાના થઈ ગયા.

**૨.** સદરુશ્શરીઅહ (બહારે શરીઅતના લેખક) હઝરત અલ્લામા અમજદ અલી رحمۃ اللہ علیہ ના શાગિર્દ હઝરત અલ્લામા મુફતી સૈયદ

Web : www.barkatekhwaja.net

ઝહીરુદીન મુહમ્મદ ઝૈદી અલીગઢી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان મારી (લેખકની) હાજરીમાં વિવિધ વખતે બરેલી શરીફ તશરીફ લાવ્યા. હઝરત તેમનો તથા તે હઝરતનો ખૂબ જ અધિક પ્રમાણમાં એહતેરામ કરતા હતા. બંનેવ એકબીજાની દસ્તબોસી કરતા અને જ્યાં સુધી સૈયદ સાહબ ન બેસી જતા ત્યાં સુધી હઝરત પણ ન બેસતા. પછી આપસમાં વિવિધ રિસાલા (કિતાબો) પર ચર્ચા વિચારણા થતી. મહેમાનનવાઝી બાદ જ્યારે આપ તશરીફ લઈ જતા તો હઝરત નઝર પેશ કરતા હતા. ઘણીવાર કહેતા કે આપ સૈયદ સાહબ છે ! મારા દાદાની યાદગાર છે, સદરુશ્શરીઅહની યાદગાર છે.

એકવાર આપ દર્સે બુખારીના દરમિયાન તશરીફ લઈ આવ્યા. આપ દર્સ આપવામાં વ્યસ્ત હતા અને અલ્લામા સૈયદ ઝહીરુદીન ઝૈદી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان ઉભા રહીને સાંભળવા લાગ્યા. જેવી હઝરતની નજર આપના પર પડી તો તરત જ ઉભા થઈ ગયા ! અને કહેવા લાવ્યા, અરે ! સૈયદ સાહબે ન કહ્યું પણ તમો લોકો તો બતાવી શકતા હતા ! માફી ચાહીને મુલાકાત કરી, બેસાડયા. તો સૈયદ સાહબ કહેવા લાગ્યા, કેટલુ સારું થાત કે હું આખો દર્સ સાંભળતો ! આજે આપનો દર્સ સાંભળીને મને મારા શયખ યાદ આવવા લાગ્યા. અને દર્સે બુખારીની આપે ખૂબ જ પ્રશંસા કરી. ચાય નાશ્તા બાદ ઘણી વાર સુધી ટાઈના મસ્અલા પર ચર્ચા થતી રહી.

(આ સિવાય અન્ય બનાવો છે પણ લખાણ ટૂંકાવવાના હિસાબે આટલેથી જ અટકીએ છીએ. –*પ્રકાશક*)

### ★ હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہની હક્ગોઈ ★

હઝરત એક મજબૂત દિલ, ખૌફે ખુદાથી ચૂર નફ્સ ધરાવતા હતા. બુઝુર્ગો તથા અસ્લાફના નકશે કદમ પર ચાલતા હતા. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે હઝરતને જે ખૂબીઓના ભરમારથી નવાઝયા છે એ સિફતોમાં એક હક્ગોઈ તથા બેબાકી પણ છે. આપે કદી સદાકત તથા સચ્ચાઈનો દામન

હાથથી નથી છોડયો, ચાહે કેટલાયે મસ્લહેતના તક઼ાઝા કેમ ન હોય. ચાહે કેટલીય કેદો બંદની મુસીબતો તથા તકલીફો કે હાથોમાં હાથકડીઓ પહેરવી કેમ ન પડે ! કદી કોઈને ખુશ કરવા માટે તેની ઈચ્છાનુસારનો ફત્વો નથી લખ્યો. જયારે કદી ફત્વો લખ્યો તો પોતાના પૂર્વજ બુઝુર્ગો, પોતાના બાપદાદાઓના ક઼દમ બ ક઼દમ લખ્યો. જેવી રીતે જદ્દે અમજદ (દાદા) ઈમામે અહલે સુન્નત સૈયદી સરકાર આ'લા હઝરત رحمۃ اللہ علیہ તથા હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ કશાય ડર કે ખચકાટ વિના ફત્વા લખ્યા. આ રીતે આપ પોતાના બાપદાદાઓના નક઼્શે ક઼દમ પર ચાલતા જોવા મળ્યા. આ હક઼્ક઼ગોઈના સાક્ષી આપના હજારો ફત્વા અને બનાવો છે જે દેશ વિદેશમાં ફેલાયેલા છે.

## ★ ફત્વો આપવામાં સમય તથા સંજોગનો લેહાઝ ★

એક મુફતીના માટે જરૂરી છે કે જમાનાના હાલાત તથા સંજોગો પર નજર રાખીને શરઈ તથા દીની કાનૂનમાં માર્ગદર્શન પૂરુ પાડે. ઈ.સ. ૧૯૯૫માં હિંદની ગવર્નમેન્ટના ઈલેકશન કમીશન વિભાગે સર્વ દેશવાસીઓના માટે ''ઓળખ પત્ર'' (ID) રાખવું અને વાપરવું જરૂરી ઠરાવ્યું. આ ઓળખ પત્રમાં નામ, પિતાનુ નામ, પૂરું સરનામુ, જ.તા. નોંધેલ હોય છે, સાથોસાથ ફોટો ચોંટાડવામાં આવે છે. ફોટો હરામ હોવાના કારણે આસ્તાના આલિયા રઝવિય્યહના મર્કઝી દારુલ ઈફતામાં ઓળખપત્ર બનાવવા ન બનાવવાના વિશે સવાલોનો ઢગલો થઈ ગયો. બીજી બાજુ ઈલેકશન કમીશને પણ સખ્તી કરવી શરૂ કરી આપી કે દરેક કામમાં દા.ત. બેંક એકાઉન્ટ, ખરીદ વેચાણ, નોકરી, શિક્ષણ શેત્ર, તથા વોટિંગ વગેરેમાં આ ઓળખપત્રને અનિવાર્ય ઠરાવી દીધું. એ દરમ્યાન ''અલ જામિઅતુલ અશ્રફિયહ–મુબારકપુર''માં ''મજલિસે શરઈ''માં સેમીનાર યોજાયો. હઝરત તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہએ તેની સદારત ફર્માવી. રઈસુત્તહરીર અલ્લામા અર્શદુલ ક઼ાદરી رحمۃ اللہ علیہની તજવીઝ પર આપે ''ઓળખ પત્ર'' બનાવવાની આ શબ્દો સાથે ઈજાઝત આપી કે, ''આ સ્થિતિમાં ઈન્દત્તલબિ ઝરૂરતે મલ્જીહ યા હાજતે શદીદા મોતહક્ક઼ક઼ થશે (તલબના સમયે એટલે અનિવાર્ય હોય ત્યારે ઝરૂરતે મુલ્જિયહ એટલે જેનો આધાર લેવો પડે એવી

જરૂરત અને સખત હાજત પામવામાં આવશે✪) જેથી ખાસ ઓળખપત્રના માટે ફોટો પડાવવાની ઈજાઝત રહેશે.'' *(સેમીનાર, ફેબ્રુ. ૧૯૯૫, મજલિસે શરઈ–જામિઆ અશ્રફિયા–મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.)*

પબ્લિક અતિ સખત જરૂરતના હેઠળ હઝરતે શર્તી ઈજાઝત આપી તો એક તબક઼ામાં ટીકા ટીપ્પણ શરૂ થઈ. જ્યારે એની ખબર હઝરતને થઈ તો આપે એક ખુલાસો આપતુ બયાન જારી કરીને ચર્ચાને બંધ કરી દીધી. લખે છે :

''એવા નવા મસ્અલા જે ખરેખર ફુરુઈ અમલ સંબંધી હોય અને એના સંબંધે કોઈ સ્પષ્ટ જુઝઈય્યહ (હદીષની દલીલ) ન મળી શકે તો દરેક આલિમની તરફ નહીં બલ્કે નિષ્ણાત અનુભવી મુફ્તીની તરફ રજૂઆત કરવામાં આવે. અને એ મુફ્તી પર લાઝિમ છે કે શરઈ ઉસૂલોને લક્ષમાં રાખીને તેનો હુકમ બહાર પાડે. શરઈ ઉસૂલોથી હટીને ફત્વો આપવો હરગિઝ જાઈઝ નથી. જો તેણે જેને દલીલ ઠરાવી અને પછી સ્પષ્ટ થયું કે એ દલીલ શરઈ દલીલ નથી તો તરત તેને પાછુ લેવું (રુજૂઅ કરવું) તેના માટે લાઝિમ છે અને હક્ક઼નું એલાન કરવું જોઈએ. કોઈ હરામ ચીજને મુબાહ હોવાનો ફત્વો તે વખતે આપવામાં આવશે જ્યારે કે ત્યાં આ ઝાબ્તો (નિયમ) લાગુ પડે. الضرورات تبيح المحظورات અને મુફ્તીને યક઼ીન થઈ જાય કે આ શરઈ જરૂરતના વિરુદ્ધમાં કોઈ અન્ય શરઈ ક઼ાયદો નથી.''

*(ક઼લમી ફત્વો, રજીસ્ટર મર્કઝી દારુલ ઈફ્તા–બરેલી શરીફ)*

---

*✪ **ઝરૂરત** : એ બાબત જેના પર દીન, અક઼લ, નસબ, જાન, માલ આ પાંચ ચીજોનો આધાર હોય કે એના ન હોવાથી આ પાંચ ચીજો ખત્મ થઈ જાય અથવા ખત્મ થવાનો સંપૂર્ણ ભય હોય તેને શરીઅતની બોલીમાં 'ઝરૂરત' કહેવામાં આવે છે. જેમ કે દીન માટે અક઼ાઈદ તથા જરૂરી વાતોનો ઈલ્મ પ્રાપ્ત કરવો, અક઼લ તથા નસબ માટે શરાબ અને ઝિનાથી બચવું, જાન માટે જીવવા પૂરતું ખાવું, માલ માટે કમાવવું, અને માલને બચાવવું.*

***હાજત** : એ બાબત જેના પર પાંચ ચીજોનો આધાર ન હોય, પરંતુ તેના વિના જીવન વીતાવવામાં સખત તકલીફ અને મુશ્કેલી ઉભી થતી હોય તેને 'હાજત' કહેવામાં આવે. જેમ કે જીવન વીતાવવામાં અજવાળુ.*



Web: www.barkatekhwaja.net

હઝરત તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہએ અનેક દીની ઈદારાઓ, દારુલ ઈફતા, માહનામા, વર્તમાન પત્રો, લાયબ્રેરીઓ, ઈસ્લામિક રિસર્ચ સેન્ટર્સ વગેરેની સ્થાપ્ના તેમજ સરપરસ્તી કરી દીનો સુન્નિયતની બેનમૂન ખિદમત અંજામ આપી છે. *(વધુ વિગત માટે વાંચો કિતાબ : સવાનેહે તાજુશ્શરીઅહ, અઝ : મુફતી મુહમ્મદ યૂનુસ રઝા મૂનિસ ઉવૈસી)*

એ ઉપરાંત હઝરત તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہએ દેશ પરદેશના અનેક તબ્લીગી દૌરા કર્યા છે. હિંદુસ્તાન તથા વિદેશોમાં કરોડોની સંખ્યામાં મુરીદો તથા અક઼ીદતમંદો, સેંકડોની સંખ્યામાં ખલીફાઓ, હજારોની સંખ્યામાં શાગિર્દો જેઓ વિશ્વના વિવિધ દેશોમાં મસ્લકે આ'લા હઝરતના પ્રચાર પ્રસારમાં વ્યસ્ત છે. આપે એશિયાખંડ, યૂરોપ, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, આફ્રિકા વગેરેના વિવિધ દેશોમાં તબ્લીગી દૌરા કર્યા. પાકિસ્તાન, મિસર, સિરીયા વગેરે અરબના દેશોમાં આપે કોન્ફ્રન્સો તથા મહત્વની મીટિંગો એટેન્ડ કરી જ્યાં આપની ત્યાંના ઉચ્ચ કોટીના ઉલમાએ ખૂબ જ ઈજ્જત કરી.

## ★ તાજુશ્શરીઅહ તથા એવોર્ડો ★

આપની દીની તથા મિલ્લી ખિદમતો ચમકતા સૂરજની જેમ જાહેર છે. જ્યારે આપ જામેઅ અઝહર–મિસરમાં કુલ્લિયા ઉસૂલુદ્દીન ક઼િસ્મુત્તફસીર વલ હદીષમાં પ્રથમ નંબર પર આવ્યા તો ત્યાં કર્નલ જમાલ અબ્દુન્નાસીરે એવોર્ડ આપ્યો હતો. ઈ.સ. ૨૦૦૯માં જ્યારે આપે મિસરનો દોરો કર્યો તો જામેઅ અઝહર તશરીફ લઈ ગયા. ત્યાં આપના સન્માનમાં જલસો રાખવામાં આવ્યો. શૈખુલ જામિઆ મુહમ્મદ તન્તાવી–જામેઅ અઝહર કાહિરા તેમના ઉપરાંત જામિઆના અન્ય હોદ્દેદારોની મૌજૂદગીમાં જામેઅ અઝહરની તરફ الدرع الفخری (ફખ્રે અઝહર) નામનો એવોર્ડ આપવામાં આવ્યો.

તદ્ઉપરાંત વિવિધ જલસાઓ, પ્રોગ્રામોમાં હિંદ તથા હિંદ બહારથી લોકોએ એવોર્ડો પેશ કર્યા. ચાંદી, રૂપિયા વગેરેથી તોલવાની વાત પણ મુરીદો તથા અક઼ીદતમંદોએ કરી પણ હઝરત તાજુશ્શરીઅહ્એ તેનાથી મના કર્યું. તદ્ઉપરાંત પૂરા વિશ્વના વિવિધ ક્ષેત્રની પ્રભાવશાળી વ્યક્તિઓની

જ્યોર્જ ટાઉન યુનિવર્સિટીના ઈસ્લામિક ક્રિશ્ચ્યન અંડર સ્ટીંગ સેન્ટરે ગણત્રી કરી તો એમાં ૫૦૦ પ્રભાવશાળી વ્યક્તિઓની યાદીમાં હુઝૂર તાજુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہને ૨૮મા નંબર પર રાખ્યા. *(દૈનિક ઈન્કિલાબ, ૧૪–૧૨–૨૦૧૧, પેજ–૧)*

## ★ આપની લખેલી કિતાબો તથા અનુવાદો ★

હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہએ પોતાની એકદમ વ્યસ્તતા હોવા છતાં કલમ સાથે અતૂટ સંબંધ જોડી રાખ્યો. આપે વિવિધ વિષયો પર કિતાબો લખી છે અને ઘણી કિતાબોનો અનુવાદ પણ કર્યો છે. નીચેના લખાણમાં અમો એની સંક્ષિપ્ત યાદી રજૂ કરીએ છીએ :–

**ઉર્દૂ કિતાબો :** (૧) શરહે હદીષે નિયત (૨) હિજરતે રસૂલ ﷺ (૩) આષારે કયામત (૪) સુનો ! ચુપ રહો ! (૫) ટાઈ કા મસ્અલા (૬) તીન તલાકોં કા શરઈ હુકમ (૭) તસ્વીર કા હુકમ (૮) દિફાએ કન્ઝુલ ઈમાન (૯) અલ્હક્કુલ મુબીન (૧૦) ટી.વી. ઔર વીડિયો કા ઓપરેશન મઅ શરઈ હુકમ (૧૧) અલ્કૌલુલ ફાઈક બહુકમે ઈક્તેદા ઈલ ફાસિક (૧૩) કયા દીન કી મુહિમ પૂરી હો ચુકી–મકાલા (૧૪) મુતઅદ્દિદ ફિક્હી મકાલાત (વિવિધ લેખો) (૧૫) જશ્ને ઈદે મીલાદુન્નબી–મકાલા (૧૬) સરદી મઝાલિમ કી કહાની અખ્તર રઝા કી ઝબાની (૧૭) અલ્મવાહિબુર્રઝવિય્યહ ફિલ્ફતાવલ્અઝહરિય્યહ (૧૮) મિન્હતુલ બારી ફી શરહુલ બુખારી (૧૯) તરાજિમે કુર્આનમેં કન્ઝુલ ઈમાન કી ફૌકિયત (૨૦) નૂહ હા મીમ કેલરકે કે સવાલાતે જવાબાત (કુફ્ર, ઈમાન, તકફીર) (૨૧) હાશિયા મોઅતકદુલ મુસ્તનદ (૨૨) અન્વારુલ મન્નાન ફી તૌહીદિલ કુર્આન (૨૩) અલ્ મોઅતકદુલ્ મુન્તકદ મઉલ અલ્મોઅતમદિલ મુસ્તનદ (તર્જુમો) (૨૪) અઝ્ઝુલાલુલ અન્કા અન બહરિલ સબકહુલ અત્કા (૨૫) મલ્ફૂઝાતે તાજુશ્શરીઅહ (૨૬) તકદીમે તજલ્લિયતુસ્સલમ ફી મસાઈલે નિસ્ફુલ ઈલમ (૨૭) તર્જુમા કસીદતાને રાઈઅ્તાન (૨૮) ફઝીલતે નસબ (તર્જુમા ઈરાઅતુલ અદબ લિ ફાઝિલુન્નસબ) (૨૯) એક ગલતફહમી કા ઈઝાલા (૩૦) હાશિયા અન્વારુલ મન્નાન (૩૧) રુયતે હિલાલ (૩૨) ચલતી ટ્રેન

૫ર નમાઝ કા હુકમ (૩૩) ફઝીલતે સિદ્દીકે અકબર વ ફારૂકે આ'ઝમ (૩૪) તઅરીબે ફતાવર્રઝવિય્યહ (જિલ્દ : ૧)

**અરબી કિતાબો :** (૩૫) અલ્હક્કુલ મુબીન (૩૬) અસ્સહાબતુ નુજૂમુલ ઈહતિદા (૩૭) શરહો હદીષિલ ઈખ્લાસ (૩૮) સદ્દુલ મશારિઅ અલા મન્યકૂલુ અન્નદીન યસ્તગ્ની અનિશશારિઅ (૩૯) તહકીક અન અબા ઈબ્રાહીમ તારુખ લા આઝર (૪૦) નબ્ઝતિ હમાતિલ ઈમામ અહમદ રઝા (૪૧) મિર્અતુન્નજદિયહ બિ જવાબિલ્ બરેલ્વિયહ (હકીકતુલ બરેલ્વિયહ) (૪૨) હાશિયતુલ અઝહરી અલા સહીહુલ બુખારી (૪૩) સફીનએ બખ્શિશ (દીવાન : અરબી / ઉર્દૂ) (૪૪) ઈહલાકુલ વહાબિય્યીન અલા તૌહીનિલ કુબૂરિલ મુસ્લિમીન (તઅરીબ) (૪૫) શમૂલુલ ઈસ્લામ લિ ઉસૂલિર્રસૂલિલ્ કિરામ (તઅરીબ) (૪૬) અલ્હાદિલ કાફફે ફી હુક્મિઝ્ ઝિઆફ (તઅરીબ) (૪૭) બરકાતુલ ઈમ્દાદ લિ અહલિલ્ ઈસ્તિમ્દાદ (તઅરીબ) (૪૮) અતાયલ્ કદીર ફી હુક્મિત્તસ્વીર (તઅરીબ) (૪૯) તયસીરુલ મારન લિસ્ સકનિ ફિત્તારન (તઅબીર) (૫૦) કવારિઉલ કહહાર ફી રદ્દિલ મુજસ્સતિલ ફુજ્જાર (તઅરીબ) (૫૧) સુબ્હાનસ્સુબ્બૂહ (તઅરીબ) (૫૨) અલ્કમઉલ મુબીન લિ અમાલુલ મુકઝ્ઝિબીન (૫૩) અન્નહયુલ અકીદ (તઅરીબ) (૫૪) હાજીઝૂલ બહરૈન (તઅરીબ) (૫૫) ફિક્હો શહન્શાહ અન્નલ કુલૂબ બિયદિલ મહબૂબે અતા ઈલ્લાહ (તઅરીબ) (૫૬) અલ ફરદા ફી શરહે કસીદાતુલ બુર્દા (૫૭) નગ્માતુલ અખ્તર

**અંગ્રેજી કિતાબો :** (૫૮) **Few English Fatawa** (૫૯) ટાઈ કા મસ્અલા (૬૦) અઝહરુલ ફતાવા (૬૧) **A just answer to the blased author**

**નોંધ :** ઉપરોક્ત કિતાબો ઉપરાંત ઓડીયોના રૂપે અમૂલ્ય વાતો, બુખારી શરીફનો ઉર્દૂમાં દર્સ, ઈન્ટરનેટ પર દર રવિવારે ઈશા બાદ ઓન લાઈન અરબી સવાલના અરબીમાં, ઈંગ્લિશના ઈંગ્લિશમાં, ઉર્દૂના ઉર્દૂમાં જવાબ, ઈન્ટરનેટ પર મૌજૂદ છે. અલ્લાહ તઆલા ઈલ્મવાળા અકીદતમંદોમાંથી કોઈને તૌફીક બખ્શે અને તેને લખાણ સ્વરૂપમાં લાવે.

Web. :www.barkatehlwaja.net

જે કિતાબોનો આપે અનુવાદ કર્યો છે, ચાહે તે અરબીમાં હોય કે ઉર્દૂમાં, તેના પર આપનો હાશિયો પણ છે. મેં કેવળ "અલ્મોઅતકદ મઅલ મુઅતમદુલ મુસ્તનદ" તથા "અન્વારુલ મન્નાન"ના હાશિયાનો કિતાબોમાં ઉલ્લેખ કર્યો છે. આ હાશિયાઓની પણ આપની કિતાબોમાં ગણના થઈ શકે છે. અભ્યાસ દરમ્યાન મર્કઝી દારુલ ઈફતામાં મેં જોયું કે તે કિતાબો જે મૌલાના અઝહરીના અભ્યાસ હેઠળ રહી છે તેમાંથી અમુક કિતાબો પર આપની તઅલીકાત તથા હાશિયા છે, તેને મેં "તહરીરાતે મૌલાના અઝહરી"માં ગણેલ છે. આપે જે પત્રો લખ્યા છે, તેમાંથી અમુકની કોપીઓ દારુલ ઈફતામાં હતી તેમને મેં વાંચ્યા છે. તે જબરદસ્ત ઈલ્મી ખજાનો છે. જો હઝરતના પત્રો મળી જાય અને તેને એકત્ર કરીને છાપવામાં આવે તો એક સંપૂર્ણ કિતાબની હૈસિયત ધરાવે. આપે ઉલમાએ અહલે સુન્નતની કિતાબો પર જે તકરીઝો (પ્રશંસાઓ) લખી છે તે મોટી સંખ્યામાં છે, તેમને પણ એક જગાએ ભેગી કરવામાં આવે તો ઉર્દૂ સાહિત્યમાં વધારો થઈ જાય. મદ્રસાઓ, મસ્જિદો, મક્તબો, તન્ઝીમ, તેહરીક જેનો સંબંધ અહલે સુન્નતથી છે તેમનું નિરીક્ષણ બાબતે અથવા તેમની સરપરસ્તી સ્વીકાર કરતાં લખાણો અથવા સહાય કરવાના માટેની હઝરતનાં બાબરકત લખાણો પણ એટલા પ્રમાણમાં છે કે તેને એકત્ર કરવામાં આવે તો ઉર્દૂ સાહિત્યનો ઉમદા નમૂનો પુરવાર થાય.

Web.:www.barkatekhwaja.net

## હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہની કરામતો

હુઝૂર તાજુશ્શરીઅહ હઝરત અલ્લામા મુફ્તી અખ્તર રઝાખાં ક઼ાદરી رحمۃ اللہ علیہની કેટલીક કરામતો પણ જાહેર થયેલ છે. યક઼ીનન ! આપ વલીએ કામિલ હતા, કેમ કે વલીની સૌથી મોટી કરામત એ "શરીઅત પર પાબંદી" છે. અને આ વિષયમાં હુઝૂર તાજુશ્શરીઅનું દૃષ્ટાંત તે પણ હાલના દૌરમાં દુર્લભ છે. આપે આ બાબતે આ'લા હઝરત તથા હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ તેમજ આપના વડવાઓની જાનશીનીનો હક્ક઼ અદા કરી આપ્યો. શરીઅત વિરૂધ્ધ કોઈ વાત સહન ન કરતા. ન ખુદ શરીઅતનું ઉલ્લંઘન કરતા ન બીજાને કરતો જોઈ દરગુઝર કરતા, બલ્કે કશાય ખચકાટ વિના ટોકી દેતા. એવા પ્રસંગો આપ આ કિતાબમાં વાંચી ચૂક્યા. જો કે આપના થકી કેટલીક અન્ય કરામતો જાહેર થઈ જેમાંથી અમુકને વર્ણવીએ છીએ.

**નાબીના દેખતો થઈ ગયો** : મૌલાના મુહમ્મદ અજમલ રઝા ક઼ાદરી (પાક.) વર્ણવે છે કે હું ત્યારે બરેલી શરીફમાં હતો. મેં જાતે જોયું છે કે એક વૃધ્ધ શખ્સ આવ્યો અને અર્ઝ કરી કે હુઝૂર ! મારો એક પુત્ર છે, તે મા'ઝૂર છે, તેને આંખોથી દેખાતુ નથી. હુઝૂર ! દુઆ કરી દો ! મહેરબાની કરી દો ! મહેરબાની કરી દો ! હઝરતે ફર્માવ્યું કે અલ્લાહ મહેરબાની કરશે અને સબ્ર કરવા કહ્યું. કહેવા લાગ્યો, હુઝૂર ! મારો એક જ સહારો છે, મહેરબાની કરો ! હઝરતે ફરીથી તેને સબ્રની તલ્ક઼ીન કરી. બે ત્રણ ચાર વખતે એ જ થયું. હઝરતે સબ્રની તલ્ક઼ીન કરી. તો તે રડવા લાગ્યો અને અર્ઝ કરી કે હુઝૂર ! એક જ પુત્ર છે, મહેરબાની થઈ જાય ! હઝરત ફર્માવવા લાગ્યા કે એક વાયદો તું કરીશ ?! તેણે અર્ઝ કરી, જી હુઝૂર ! ફર્માવ્યું, તેને અલ્લાહ વ રસૂલનો દીન પઢાવીશ ? તેણે કહ્યું કે પઢાવીશ. તો હુઝૂર તેને થાબડયો, માથુ ચૂમ્યું, ચહેરા પર હાથ ફેરવ્યો પછી કહ્યું કે ચાલ જા ! તારું કામ થઈ ગયું, હવે અહીંથી નીકળ ! તેના પુત્રની આંખો સારી થઈ ગઈ તો તે કહેવા લાગ્યો કે મેં ગૌષ પાક رحمۃ اللہ علیہની ઘણી કરામતો સાંભળી છે,

સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہની ઘણી કરામતો સાંભળી છે. અરે ! અહીં (બરેલી) આવી જાવ ! ગૌષ પાક તથા ખ્વાજા સાહબનો એક જાનશીન અહીંયાં બેઠેલો છે.

**હઝરતને જોતાં જ હજરે અસ્વદ પાસેથી સૌ હટી ગયા :** એ જ મૌલાના જણાવે છે કે મારા પીર ભાઈ હઝરત સાહબના એક મુરીદ એક MBBS ડોક્ટર હતા. તે કહેવા લાગ્યા કે એકવાર હું હઝરતની સાથે હજ પર ગયો. મારાં બીવી બચ્ચાં પણ સાથે હતાં. હઝરત ઝઈફીના કારણે વ્હિલચેર પર હતા. એમની સાથે હું તવાફમાં હતો ઘણી જ ભીડ હતી. હઝરત અચાનક કહેવા લાગ્યા કે ડોક્ટર સાહબ ! હજરે અસ્વદનો બોસો લેવો છે ! હું પરેશાન થઈ ગયો કે એકદમ સખત ભીડમાં હજરે અસ્વદનો બોસો લેવો એ કોઈ સહેલુ કામ છે, તે પણ આવી કમજોરી તથા બીમારીની હાલતમાં ?! (જે લોકો હજ ઉમરામાં ગયા હશે તેમને અનુભવ હશે કે હજના મોકા પર કે ઉમરામાં ભીડભાડના સમયે. શક્તિશાળી યુવાનો બોસો આપવાની હિંમત નથી કરતા એવો ધસારો ત્યાં હોય છે.) કોઈ આસાન કામ ન હતું. હઝરતે કહ્યું કે આ મારો આખરી ફેરો છે તો હવે મારે હજરે અસ્વદનો બોસો લેવો છે. પણ તેમ છતાં હું હઝરતને ભીડ ચીરતો હજરે અસ્વદની તરફ લઈ ગયો. જેવા હઝરત હજરે અસ્વદ સામે પહોંચ્યા અને આપે ચશ્મો ઉતાર્યો અને જેવા આપ ઉભા થયા તો જેટલો મજમો હતો તે બધા જ લોકો અડધા એકબાજુ તો અડધા બીજી બાજુ હટી ગયા ! અને એક જણ પણ હજરે અસ્વદ સામે હાજર ન રહ્યો. કહે છે કે બે પોલીસવાળા દોડી આવ્યા અને હઝરત પાસે ઉભા થઈ ગયા અને હઝરતે પોતાની મરજીથી હજરે અસ્વદને બોસા લીધા અને બોસા લીધા પછી જેવા વ્હિરચેર પર બેઠા તો ધસારો ફરીથી રાબેતા મુજબ થઈ ગયો. અને નિશ્ચિત છે કે હજરે અસ્વદ પાસેથી હટી જનારી ભીડ કોઈ હઝરતના મુરીદોની કે પહેચાનવાળાઓની ન હતી, બલ્કે એ હઝરતની કરામત જ હતી કે, આપના રૂહાની દબદબાની અસર હતી.

મૌલાના મુહમ્મદ અજમલ રઝા કાદરી જણાવે છે કે મેં પણ હઝરતની



Web.: www.barkatekhwaja.net

સાથે હજના સફરનો શરફ હાંસલ કર્યો છે. અમે હઝરતને લઈને જ્યારે વ્હિલચેર પર બેસાડીને નીકળતા તો ચારેવ બાજુથી અરબી પણ દોડીને દોડીને આવતા હતા. પૂછતા હતા કે શયખનું નામ શું છે ? તો હું કહેતો કે તું ધરાઈને ઝિયારત કરી લે, તારા માટે ઝિયારત જ પૂરતી છે. મારા હઝરતને આ અઝમત, આ શાન, આ મર્તબો અલ્લાહે આપ્યો હતો.

મૌલાના સાહબ બયાન કરે છે કે એક મુફતી શરફુદ્દીન સાહબ કહે છે કે હજારોનો મજમો હતો તેમાં હઝરતનો હું મુરીદ થયો. બયઅત થઈ ગયા પછી એક સાહબ મને કહેવા લાગ્યા કે યાર ! ભર્યા મજમાંમાં મુરીદ થઈ ગયા, ન પીર સાહબના હાથમાં હાથ મિલાવીને મુરીદ કર્યા, ન ઓળખ થઈ ન વાત થઈ ! પણ અલ્લાહવાળાઓની નિસ્બત મહાન ચીજ છે, ખુદાની આપેલી આ દૌલત મહાન ચીજ છે. એ તો ગૌષ આ'ઝમ رضی اللہ عنہ ફર્માવી ગયા કે કયામત સુધી મારા કાદરી સિલસિલામાં જે મુરીદ થયો તે મારો જ મુરીદ છે, અને ફર્માવ્યું કે કયામતમાં હું તેનો હાથ પકડીને તેનો સિફારશી બનીશ. અને હું કહીશ, હે અલ્લાહ ! એને મરતી વખતે તૌબાની તૌફીક અતા ફર્માવી દે. તો કહેવા લાગ્યા કે મને એક આદમી ગુમરાહ કરવા લાગ્યો કે યાર ! તું ક્યાં મુરીદ થયો ?! ન જઈ શકે ન આવી શકે ન કાંઈ કરી શકે ! રાતે મેં વિચાર્યું કે સવારે જોઈશું કે બયઅત રાખવી છે કે નથી રાખવી ?! કહે છે હું રાતમાં સૂતો તો મને હઝરતનો દીદાર નસીબ થયો. ફર્માવવા લાગ્યા કે મૌલાના ! બતાવું તમે ક્યાં મુરીદ થયા હતા ? બતાવું કઈ જગાએ બેઠા હતા ? તમે કઈ જગાએ રસ્સી પર હાથ રાખ્યો હતો ?! ફર્માવ્યું, છોડો ! મુરીદ થઈ ગયા તો તમો જાણો અને હું જાણુ, લોકોની વાતો કેમ સાંભળો છો ?! હા ! જો વાત કરવાનો શોખ છે તો મારા બેટા અસ્જદ રઝા સાહબનો ફોન નંબર લઈ લો કદી કદી ફોન કર્યા કરજો. કહે છે કે એવામાં મારા દરવાજા પર ટકોરા પડયા અને મારી આંખ ઉઘડી ગઈ. હું પરેશાન થયો કે નંબર આપ્યો નથી અને વાત ખત્મ થઈ ગઈ ! તો કહે છે મારા મહોલ્લાના એક એંજિનિયર હતા જે કેટલાક અરસા સુધી બરેલી શરીફમાં કામ કરતા રહ્યા હતા. તે અચાનક આવ્યા અને મારા

દરવાજો ખખડાવ્યો. મેં ખોલ્યુ તો કહેવા લાગ્યા, મૌલાના ! સાંભળ્યું છે કે આપ બરેલી શરીફમાં હુઝૂર તાજુશ્શરીઅહથી મુરીદ થયા. કહેવા લાગ્યા કે એમના પુત્ર અસ્જદ રઝાનો નંબર મારી પાસે છે તે જોઈએ છે ?! તો કહે છે કે તે નંબર લીધો અને હું હઝરતની ઝિયારત કરવા માટે આવ્યો તો પહોંચતાં જ મારા દિલમાં પહેલો એ ખયાલ આવ્યો કે હઝરત ! ખ્વાબમાં જો આવ્યા હતા તો નંબર પણ આપી જતા. સામે જ બેઠા હતા. તિર્મિઝીની હદીષ સંભળાવું, ''મો'મિનના દિલની ફરાશતથી ડર્યા કરો તે તો અલ્લાહના નૂરથી જુએ છે.'' તે કેવળ માથાની આંખ વડે નથી જોતો. હઝરત ફર્માવવા લાગ્યા, મૌલાના ! હું તો નંબર આપવાનો જ હતો પણ આપના દરવાજા પર ટકોરા પડયા અને તમો જાગી ગયા !

મૌલાના સૈયદ અમીન અલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ) બયાન કરે છે કે હુઝૂર તાજુશ્શરીઅહ એકવાર કાશ્મીરના દૌરા પર ગયા હતા. તે વખતે આપની ઉમર આટલી ન હતી. લોકોએ અર્ઝ કરી કે હુઝૂર ! અહીં એક મસ્જિદ બંધ પડેલી છે તેના પર વરસોથી તાળુ છે. અને જ્યારે કોઈ એ મસ્જિદની નજીક જાય છે તો તેને કોઈ ગયબી તાકત ફેંકી દે છે. હઝરતે ફર્માવ્યું કે ચાલો ! હું આવું છું ! તો એવા સમયે કેટલાક લોકો ગભરાય ગયા, કે અહલે સુન્નતના આટલા મહાન બુઝુર્ગ છે અને ગયબી તાકત બધાને ફેંકી દે છે તો કોની પરવા ત્યાં થશે ?! હઝરતને તો તમોએ જોયા જ હશે. શું પ્રભાવ હતો ! અલ્લાહે શું ખૂબસૂરતી આપી હતી ! ઈલ્મનો જલાલ હતો, ઈશ્કનો જમાલ હતો, ચહેરો પુરનૂર હતો. અંદાઝ નિરાલો હતો. સાદગીમાં પણ અલ્લાહે આપને ખૂબ બુલંદી અતા કરી હતી. આપે કહ્યું કે ચાલો ! હું આવું છું. ત્યાં ગયા તો પહેલી વાત લોકોએ જોયી કે કોઈએ ફેંક્યા નહીં. જે સાથે હતા તેમના પર પણ કોઈ અસર ન થઈ ! હઝરતે મસ્જિદના દરવાજા પર ઉભા રહીને આપે ત્યાં અઝાન પઢી. ચાવી માગી અને તાળુ ખોલ્યું તો કચરો વગેરે હતું જેથી લોકોને કહ્યું કે સાફ કરો. કોઈના અંદર જતા પહેલાં હઝરતે જોરથી ફર્માવ્યું કે જેટલા અંદર છે સૌ બહાર નીકળો ! તે કાશ્મીરી ભાઈ જેણે મને આ કરામત

વર્ણવી તેમનું કહેવું છે કે અમો સૌ આશ્ચર્યમાં પડી ગયા કે અંદર તો કોઈ છે નથી તો કોને કહેવામાં આવી રહ્યું છે ?! પણ અમે અનુભવ્યું કે બહાર નીકળતુ કોઈ દેખાતુ તો નથી પણ એહસાસ થતો હતો કે કોઈ નીકળી નીકળીને બહાર જઈ રહેલ છે. પછી મસ્જિદ સાફ કરવામાં આવી અને હઝરતે ત્યાં બે રકાત નફલ પઢી. કહ્યું, ત્યારથી આજ સુધી એ મસ્જિદમાં નમાઝ ચાલુ છે. આ છે વલીઓનો કમાલ !

**તાવીઝની અસરથી ઔલાદ નસીબ થઈ** : મુફ્તી આબિદ હુસૈન રઝવી સદર મુદર્રિસીન ફૈઝુલ ઉલૂમ જમશેદપુર વર્ણવે છે કે એક સાહબ હઝરતની પાસે આવ્યા અને અર્ઝ કરી કે, હુઝૂર ! મારી પત્નીને ગર્ભ પડી જાય છે, ગર્ભ રોકાતો નથી. થોડા દિવસો કે થોડા મહિના બાદ પડી જાય છે. હઝરતે ફર્માવ્યું કે સાત સોય લઈને આવો. હું સાત સોયો લઈને હાજર થયો. હઝરતે તાવીઝ બનાવીને આપ્યું એ તાવીઝ એટલુ અસરકારક રહ્યું કે ગર્ભ પડવાની બીમારી જતી રહી અને તે ઔલાદવાળા થઈ ગયા.

**હઝરતે દુઆ કરતાં જ ધોધમાર વરસાદ !** : ૨૨ જૂન ૨૦૦૮ મુહિબ્બે મોહતરમ જનાબ કારી અબ્દુલ જલીલ સાહબ શોઅબએ કિરાઅત મદ્રસા ફૈઝુલ ઉલૂમ જમશેદપુરે ફકીર (લેખક)ને ફર્માવ્યું કે પાંચ વરસ પહેલાં હઝરત અઝહરીમિયાં કિબ્લા દારુલ ઉલૂમ હનફિયા ઝિયાઉલ કુર્આન લખનૌની દસ્તારબંદીની એક કોન્ફ્રંસમાં તકરીર માટે આવેલા હતા. એ દિવસોમાં ત્યાં વરસાદ ન થતો હતો. સખત દુકાળના દિવસો ગુજરી રહ્યા હતા. લોકોએ હઝરતને અર્ઝ કરી કે, હુઝૂર ! વરસાદ માટે દુઆ કરો ! હઝરતે નમાઝે ઈસ્તિસ્કા પઢી અને દુઆ કરી. હજી દુઆ કરી જ રહ્યા હતા એવામાં ત્યાં ધોધમાર વરસાદ પડવા લાગ્યો અને સર્વ લોકો પલળી ગયા.

*(કરામાતે તાજુશ્શરીઅહ, અઝ : મૌલાના શાહબુદ્દીન રઝવી)*

**નમાઝ માટે ટ્રેનનું રોકાવું** : ૧૧ માર્ચ ૨૦૧૫ના રોજ હુઝૂર તાજુશ્શરીઅહ્ બનારસ જવા માટે કાશી વિશ્વનાથ એક્સપ્રેસથી રવાના થયા. ઈશા વખતે ટ્રેન લખનૌ પહોંચી સ્ટેશન પહોંચતા પહેલાં હઝરત

Web. : www.barkatekhwaja.net

બયતુલ ખલા ગયા. અને જ્યારે બહાર નીકળ્યા તો ટ્રેન ઉપડવાની તૈયારી હતી. થોડીક ક્ષણોમાં ટ્રેન ચાલવા લાગી. હઝરતે ઈશા અદા કરવા જા નમાઝ કાઢવા કહ્યું. જા નમાઝ કાઢવામાં આવી તો હઝરતે મુસલ્લો બિછાવવા કહ્યું તો યૂસુફ રઝવીએ કહ્યું કે હઝરત ! ટ્રેન ચાલવા લાગી છે. છતાં હઝરતના હુકમ પર મુસલ્લો બિછાવી દેવામાં આવ્યો. જેવો મુસલ્લા પર હઝરત કદમ રાખ્યો કે ટ્રેન થોભી ગઈ અને હઝરતે ઈત્મિનાનથી ઉભા રહીને ઈશાની નમાઝ પઢી. જેવી હઝરતે છેલ્લી સલામ ફેરવી કે ટ્રેન ચાલવા લાગી. હઝરતે કહ્યું, અલ્હમ્દુલિલ્લાહ ! નમાઝ સમયસર અદા થઈ ગઈ. આ કરામતના સમયે મૌલાના આશિકહુસૈન કશ્મીરી, અલ્હાજ મુહમ્મદ યૂસુફ નૂરી (પોરબંદર), અલ્હાજ શાહનવાઝ હુસૈન રઝવી (દુબઈ) હાજર હતા.

*(કરામાતે તાજુશ્શરીઅહ્)*

**નમાઝે જનાઝા પછી વરસાદ :** શેર બેશએ અહલે સુન્નત મૌલાના હશ્મત અલીખાં પીલીભીતી رحمۃ اللہ علیہના સાહબઝાદા મૌલાના અહમદ મશહૂદ રઝાનો તા. ૧૯–૧૨–૨૦૧૫ના રોજ ઈન્તેકાલ થઈ ગયો. ઈન્તેકાલની ખબર હઝરત તાજુશ્શરીઅહ્‌ને કરવામાં આવી કે મૌલાના અહમદ મશહૂદ રઝા સાહબે નમાઝે જનાઝા પઢાવવા માટે હઝરતના નામે વસિયત કરી છે. પીલીભીતનો રસ્તો તે સમયે ખરાબ હોવા છતાં હઝરતે નમાઝે જનાઝા પઢાવવાની મંજૂરી આપી.

તે જ ખાનવાદાના યુવાન બરકાત રઝા કાદરી બરકાતી બિન મૌલાના મુહમ્મદ મિયાં રઝવી બિન મુલ્લા લિયાકત હુસૈનખાન રઝવી મર્હૂમ મુહલ્લા સર્ખા (બરેલી શરીફ) નમાઝે જનાઝામાં શરીક હતા. બરેલી પરત થતાં તેમણે વર્ણવ્યું કે મેં કોઈ હદીષની કિતાબમાં પઢ્યું હતું કે નમાઝે જનાઝા બાદ જો વરસાદ થઈ જાય છે તો સાહિબ મૈયતની બખ્શિશ થઈ જાય છે. મેં હઝરત તાજુશ્શરીઅહ્‌થી અર્ઝ કરી, હુઝૂર ! નમાઝ આપ પઢાવશો તો સાથોસાથ વરસાદની દુઆ પણ કરી આપો જેથી એ રહમતની બરકતથી મારા મામુ મશહૂદ રઝા સાહબ મર્હૂમની બખ્શિશનો સામાન ઉપલબ્ધ થઈ જાય. હઝરતે ૨૫ હજાર જેટલા લોકોની ઈમામત કરી અને પછી જોત

જોતામાં આકાશમાં વર્ષાનાં ચિન્હો જણાયાં અને પછી તરત વરસાદ પડવા લાગ્યો આ છે હઝરતની દુઆની મુસ્તિજાબિયત ! અને સાહિબે મૈયતની નેકીની દલીલ. અલ્લાહ તઆલા મર્હૂમની કબ્ર પર રહમતોની વર્ષા કરે. (આમીન) *(કરામાતે તાજુશ્શરીઅહ્, તા. ૨૨–૯–૨૦૨૧૫)*

**પુત્રના જન્મ માટે દુઆ** : હુઝૂર મુફતીયે આ'ઝમ رحمۃ اللہ علیہ ના ખલીફા તથા નવાસા હઝરત મૌલાના અશ્શાહ ખાલિદઅલી ખાન બરેલ્વીના જમાઈ મૌલાના અશ્શાહ મોહતશિમ રઝાખાં કાદરી મહોલ્લા સૌદાગ્રાન રહેતા હતા. એકવાર વાતચીતમાં કહેવા લાગ્યા કે મારે ત્રણ પુત્રીઓ તથા એક પુત્ર છે જે હઝરત તાજુશ્શરીઅહ્ની દુઆઓનુ ફળ છે. મેં (લેખકે) સવાલ કર્યો કે તે કેવી રીતે ?! જણાવ્યું કે અમારે ત્રણ પુત્રીઓ જ હતી તો મારી પત્નીએ કહ્યું કે તમે હઝરતની પાસે જાવ છો તો પુત્ર જન્મ માટે દુઆ કરાવો. એના પર તેમણે કહ્યું કે મને મારા અંગત મામલા વિશે કાંઈ કહેતાં શરમ આવે છે. એના પર પત્ની સાહેબાએ કહ્યું કે બુઝુર્ગોથી દુઆ તો કરાવવામાં આવે છે ! તેમની દુઆઓમાં એ તાષીર હોય છે જેનાથી તકદીર તથા તદબીર બદલાય જાય છે.

આપનું બયાન છે કે આ શબ્દોથી હિંમત આવી અને હઝરતને દુઆની ગુઝારિશ કરી કે હઝરત ! મારી પત્નીએ પુત્ર માટે દરખાસ્ત કરી છે કે ત્રણ પુત્રીઓ છે. હઝરતે હાથ ઉઠાવીને દુઆ કરીને ફર્માવ્યું કે ઈન્શા અલ્લાહુ તઆલા ! પુત્ર જન્મશે ! અલ્હમ્દુલિલ્લાહ ! થોડાક મહિનાઓ બાદ પુત્ર જ જન્મ્યો જેનું નામ હઝરતે ઝકવાન રઝાખાં (તા. ૨૨–૧૨–૨૦૧૩) તજવીઝ કરી આપ્યું. ત્યાર બાદ ફર્માવ્યું કે ઝકવાન હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ના ખાસ શાગિર્દનું નામ છે. *(કરામાતે તાજુશ્શરીઅહ્, પેજ : ૯૮)*

(આ સિવાય પણ હઝરતની કરામતો હશે પણ અમારી જાણમાં આ વાતો જ આવી છે. જે કોઈ ભાઈને સત્તાવાર રીતે અન્ય કરામતોની ખબર હોય તે અમને જાણ કરે એવી વિનંતિ છે.)

❑ ❑ ❑

Web: www.barkatekhwaja.net

## હુઝૂર તાજુશ્શરીઅહ ! رحمۃ اللہ علیہ આપે મુફતીએ આ'ઝમની જાનશીનીનો હક્ક઼ અદા કરી આપ્યો !

*(તંત્રી લેખ : મંથલી બરકાતે ખ્વાજાનો 'તાજુશ્શરીઅહ વિશેષાંક', તા. ૧ સપ્ટેમ્બર ૨૦૧૮)*

**જન્મ : ૧૪ ઝી ક઼અદા હિ.સ. ૧૩૬૧, અં.તા. ૨૩-૧૧-૧૯૪૨**

**વફાત : ૭ ઝી ક઼અદા, હિ.સ. ૧૪૩૯, અં.તા. ૨૧-૦૭-૨૦૧૮**

૭ ઝિલકઅદ હિ.સ. ૧૪૩૯ ઈ.સ. મુજબ ૨૦–૭–૨૦૧૮ના રોજ જુમ્આના મગરિબના સમયે જાનશીને હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હુઝૂર તાજુશ્શરીઅહ હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ અખ્તર રઝા અઝહરી رحمۃ اللہ علیہનો વિસાલ દરેક સુન્ની માટે એક અતિ ગમઅંગેઝ સદમો તથા એવી દર્દ અંગેઝ ખબર છે કે જેનું શબ્દો થકી વર્ણન શક્ય નથી. દિલની કૈફિયત અલ્લાહ બેહતર જાણવાવાળો છે. બસ ! એટલું જ કહીશું કે અલ્લાહ કરીમ આ હુઝૂર મુફતીએ આ'ઝમના સાચા જાનશીનની ક઼બ્ર પર રહમતોની અનહદ વર્ષા સદા વરસાવે અને આપણને અહલે સુન્નતને તેમના રૂહાની ફયઝાનથી નવાઝતો રહે અને રબ્બે કરીમ તેના હબીબ صلی اللہ علیہ وسلمના સદક઼ામાં આ'લા હઝરત رحمۃ اللہ علیہના ઈલ્મોના આ વારિસની જગાએ એમનો નેઅમલ બદલ ઈલ્મી રૂહાની શખ્સિયતના રૂપમાં અતા કરે કે જેનાથી સર્વ સુન્નીઓની આંખોને તથા દિલોને ઠંડક મયસ્સર થાય, નહીં તો અહલે સુન્નતમાં આ મહાન ઈલ્મી રૂહાની હસ્તીના જવાથી જાણે સન્નાટો છવાય ગયો હોય એવું મેહસૂસ થઈ રહ્યું છે.

### ★ કેવળ દીદાર કરતાં જ લોકો મુરીદ થઈ જતા ! ★

અલ્હમ્દુલિલ્લાહ ! ઈ.સ. ૧૯૮૨થી ફક઼ીર નાચીઝ, હઝરત ક઼િબ્લા હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہથી બયઅતનો શરફ ધરાવે છે. મને યાદ છે જ્યારે હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہ (વિસાલ : ૧૩ મુહર્રમ, હિ.સ. ૧૪૦૨, અં. તા. ૧૧–૧૦–૧૯૮૧)ના વિસાલનો સમય નજીક હતો તે અરસામાં મદ્રસા મઝાહેરુલ ઉલૂમ–દયાદરા

(તા.જિ. ભરૂચ) ખાતે ખલીફાએ મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મૌલાના અબુલ કલામ રઝવી, હાફિઝ હસન રઝવી હલદરવી સાહબ, મર્હૂમ હાજી વલીભાઈ ગોરજી (માજી નાઝિમે આ'લા તથા બાની દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ–થામ) તેમજ વડોદરા, જંબુસર, હલદરવા, દયાદરા વગેરે ગામોના જિમ્મેદારોની એક મીટિંગ થઈ જેમાં આ ફક઼ીર પણ હાજર હતો અને ઠરાવવામાં આવ્યું કે હુઝૂર મુફતીએ આ'ઝમ મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہને ભરૂચ જિલ્લાના દૌરા માટે ''ફલાઈટ''થી બોલાવીએ! પણ ક઼િસ્મતની વાત કે હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ ખૂબ જ બીમાર હતા અને છેવટે અલ્લાહને પ્યારા થઈ ગયા. ક઼ાશ! એક દૌરો હઝરતનો થઈ ગયો હોત તો ભરૂચ જિલ્લાનો નકશો કાંઈક અલગ જ હોત ! ખૈર, એ જ થાય છે જે અલ્લાહને મંઝૂર હોય છે. પણ ત્યારબાદ સૌની સહમતિએ જાનશીને હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہનો દૌરો ગોઠવાયો અને ૧૯૮૨ ફેબ્રુઆરીમાં લગભગ આ દૌરો થયો જેમાં હઝરત સૂરતથી દયાદરા, થામ, હલદરવા વગેરે ગામોએ તશરીફ લાવ્યા હતા. ચો તરફ સમાચાર ફેલાય ગયા કે બરેલી શરીફથી આ'લા હઝરત رحمۃ اللہ علیہની ઔલાદમાંથી મહાન ઈલ્મી રૂહાની હસ્તી તશરીફ લાવેલ છે તો જેને જ્યાં મોક઼ો મળ્યો સૂરત, હલદરવા, દયાદરા, થામ, ભરૂચ, જંબુસર વગેરેએ દૂર દૂરથી દીદાર માટે તથા મુરીદ થવા લોકોનાં ટોળે ટોળાં તૂટી પડયાં અને આ એક જ દૌરામાં ભરૂચ, વડોદરા, સૂરત તથા અન્ય જિલ્લાના હજારો સ્ત્રી પુરૂષો મુરીદ બની ગયા. કેટલાક લોકો તો કેવળ ઝિયારત માટે આવતા પણ આપના નૂરાની તાબનાક ખુશનુમા રૂહાનિયતથી ભરપુર તક઼વો ટપકાવતા ચહેરાના જમાલને જોઈને મુરીદ થવા જાણે મજબૂર થઈ જતા કે જો આજે મુરીદ ન થયા તો ખબર નહીં ફરી આવી હસ્તી જીવનમાં મળશે કે નહીં મળે ! મારી જાણમાં એવા કેટલાય લોકો છે કે આપના જમાલ તથા રૂહાની પ્રભાવને ફક્ત જોઈને જ મુરીદ થઈ ગયા. આ આકર્ષણ આપના તક઼વા તથા રૂહાનિયતનું હતું એમાં કોઈ બેમત નથી.

## ★ કાંઈક હકીરના દિલની વાત પણ સાંભળી લો ! ★

હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ ના ૧૯૮૨ના પ્રથમ દૌરા બાદ અલ્હમ્દુલિલ્લાહ ! કેટલીયે વાર સૂરત, ભરૂચ, વડોદરા, અમદાવાદ, આણંદ, પેટલાદ તથા સૌરાષ્ટ્રના દૌરા પર આવી ચૂક્યા અને હજારો લાખો સુન્નીઓ ગુજરાતભરમાં આપનાથી બયઅતનો શરફ પામ્યા અને સૂરતથી સૌરાષ્ટ્ર સુધી નાચીઝથી જ્યાં સુધી શક્ય બનતુ હઝરત સાથે રહેલો છે. હઝરતની સોહબત, શફક઼ત તથા દુઆઓથી ફયઝ ઉઠાવ્યો છે. ખાસ કરીને દયાદરામાં હઝરત નાચીઝના ગરીબખાના પર ઘણીવાર આવેલા છે અને બે દિવસોનો ક઼યામ પણ એક દૌરામાં નાચીઝને ત્યાં કર્યો છે. શરૂઆતમાં ક઼લમકાર મર્હૂમ મૌલાના અબ્દુન્નઈમ અઝીઝી (બરેલ્વી) હઝરત સાથે ખાદિમની હૈસિયતથી રહેતા હતા, ઉપરાંત કેટલીકવાર હઝરત સાથે મુફ્તીએ મહારાષ્ટ્ર હઝરત મુફ્તી મુજીબ અશરફ સાહબ مدظلہ العالی પણ સાથે રહેતા. છેવટમાં મર્હૂમ મૌલાના શોએબ રઝા رحمۃ اللہ علیہ (દામાદે તાજુશ્શરીઅહ), સૈયદ આ'લે રસૂલ ઝયનુલ આબેદીન સાહબ નડિયાદવાળા તથા અબ્દુલ લતીફભાઈ (મુંબઈ), યૂસુફ નૂરી પોરબંદરવાળા વગેરે પણ હઝરત સાથે રહેતા હતા. અને લગભગ ઈ.સ. ૨૦૦૭ના દૌરામાં હઝરત સાથે મર્હૂમ અલી મુહમ્મદ ખત્રી (માજી નાઝિમે આ'લા : દારુલ ઉલૂમ ગૌષે આ'ઝમ–પોરબંદર) તથા અન્ય ઉપલેટાના સાથી આવેલા તેમણે નાચીઝને હઝરતની ખિલાફત સ્વીકારવા ઓફર કરેલી પણ મેં પોતાને હરગિઝ એના પાત્ર ન હોવાનું જણાવીને મઅઝેરત કરેલી. પણ લગભગ દયાદરાના લાસ્ટ દૌરામાં ઈ.સ. ૨૦૧૨માં મારા ઘરમાં મૌલાના શોએબ રઝા رحمۃ اللہ علیہની હાજરીમાં અચાનક હઝરતે મને હાથોને લંબાવવા કહ્યું અને સર્વ સિલસિલાઓની ખિલાફત તથા ઈજાઝતથી નવાઝી આપ્યો. આ હઝરતની ઝર્રાનવાઝી હતી, નહીં તો ક્યાં હું નાચીઝ અને ક્યાં હઝરતની મહાન હસ્તી ! પણ હું કાંઈ બોલી ન શક્યો. અને હઝરતે ખૂબ દિલથી દુઆઓ પણ આપી. નાચીઝે એ દૌરામાં સ્ટેજ પરથી તેમજ મસ્જિદમાં દયાદરા ખાતે તથા ભરૂચ બાદશાહી મસ્જિદમાં માદરી ઝબાનમાં હઝરતની

Web: www.barkatekhwaja.net

ટૂંકી ઓળખ આપી મુરીદ થવા, તાલિબ થવા અવામને ઓફર કરેલી તો હજારો યુવાનો વડીલો, બહેનો હઝરતથી બયઅત પામ્યાં હતાં. એ વાતની મને આજેય ખુશી છે કે હું આ નેક કામનો નિમિત્ત બનતો રહ્યો. ત્યારબાદ પણ છેવટ સુધી ભરૂચ, સૂરત, વડોદરા જિલ્લાના દૌરામાં તથા છેલ્લે છેલ્લે એક દોરામાં હઝરત હલદરવા તથા થામ આવ્યા હતા તો વડોદરા એરપોર્ટ હોટલ પર ઈત્મિનાનથી હઝરતના કમરામાં હઝરતથી તથા હઝરત અસ્જદમિયાંથી મુલાકાતનો નાચીઝને શરફ મળ્યો હતો. ત્યારબાદ બરેલી શરીફ પહોંચીને ફકીર હઝરતથી મુલાકાત તથા દુઆનો શરફ પામતો રહ્યો. મને એ પણ યાદ છે કે મુરીદ થયા બાદ પ્રથમવાર ઉર્સે રઝવીમાં હું નાચીઝ પોતે હઝરત મૌલાના ક઼ારી અબુલકલામ રઝવી مدظلہ العالی સાથે ગયો હતો ત્યારે અમારા રહેવાના ઈન્તેઝામ માટે હઝરત ખુદ ગલીમાં નીકળી જાતે સ્થળ બતાવવા આવેલા અને ત્યારે રસ્તામાં કોઈ હાથ ચૂમતુ તો કોઈ પીઠ પર હાથ મૂકીને ચૂમતુ, કોઈ દામનને બોસો દેતું, છતાં આવી મહાન હસ્તીની સાદગી જુઓ કે અમારા જેવા નાચીઝોના માટે જેહમત ઉઠાવી રહ્યા હતા. આજે એ શફીક઼ હઝરતના વિસાલ પર એ બધુ માનસ પટ પર ફરી રહ્યું છે અને દિલ રડી રહ્યું છે, આંખો આંસૂ વેરી રહી છે.

## ★ હુઝૂરના તક઼વા પરહેઝગારીનો કોઈ જવાબ નથી ! ★

અલ્હમ્દુલિલ્લાહ ! હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ નો ખૂબસૂરત નૂરાની તાબનાક જમાલવાળો ચહેરો જ આપની રૂહાનિયતને જાણે છલકાવતો હતો. સાથોસાથ આપે જીવનભર તક઼વો અપનાવીને હુઝૂર મુફ્તીએ આ'ઝમ, મુત્તક઼ીએ આ'ઝમ હઝરત મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہ ની જાનશીનીનો હક્ક઼ અદા કરી આપ્યો. ઝુહદો તક઼વા તથા સુન્નતની પાબંદીમાં હુઝૂર તાજુશ્શરીઅહની જાત હુઝૂર મુફ્તીએ આ'ઝમ رحمۃ اللہ علیہ નો અમલી નમૂનો હતા. અનેક મેહફિલોમાં હઝરત સાથે રહેવાનો મોક઼ો મળ્યો. અનેક પુરૂષો સ્ત્રીઓ હઝરતના હાથે સિલસિલએ ક઼ાદરી રઝવીમાં દાખલ થતાં પણ કદી કોઈ બેપર્દા સ્ત્રીની મિજાલ ન હતી કે હઝરત સામે આવીને બેસે કે ઉભી રહે ! હમેશાં પર્દામાં રહીને, દીવાલ ઓથે રહીને સ્ત્રીઓ મુરીદ થતી હતી.

શરીઅતનુ ઉલ્લંઘન થતુ જોતા તો હઝરત જલાલમાં આવી જતા અને જલાલમાં કહેતા *લાઈલાહ ઈલ્લલ્લાહ ! અલ્લાહુ અકબર ! અસ્તગફિરુલ્લાહ !* ભૂલથી સ્ત્રીઓ અચાનક કદી આવી પડી તો કહી દીધું, "ભગાઓ ! ઈન કમ્બખ્તોંકો !" પછી શાંત પડીને પર્દામાં રાખી મુરીદ કરતા, નસીહત કરતા, દુઆઓ આપતા. સ્ત્રીઓની ભીડમાંથી કદી વચ્ચે પસાર ન થતા બલ્કે પ્રથમ આડ કરવામાં આવતી. જાણે મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہના તક્વાની હરતી ફરતી આપ તસ્વીર હતા. સુબ્હાનલ્લાહ !

બિહમ્દિહી તઆલા હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہની જાતમાં તક્વાની જે હક્રીક્રી સિફતો છે તે સર્વ ઉત્તમ કક્ષાની મૌજૂદ હતી. આપે તક્વા તથા શરીઅતની પાબંદીને પોતાના માટે લાઝિમ કરી લીધી તો પરવરદિગારે આલમનો આપ પર તે ખાસ ફઝ્લો કરમ થયો કે આજે આપની જાત ઈસ્લામી જગતના મુસલમાનો માટે રુશ્દો હિદાયતનો મિનારો બની છે. આપની તક્વા શિઆરી તથા શરીઅતની પાબંદીના સંબંધે મૌલાના મુહમ્મદ શહાબુદ્દીન રઝવી પોતાનો અનુભવ વર્ણવતાં જણાવે છે : હિ.સ. ૧૪૦૭ની વાત છે કે ઝનાનખાનામાં સ્ત્રીઓ ઝિયારત તથા બયઅતના માટે હાજર છે. જ્યારે આપ ઝનાનખાનામાં તશરીફ લઈ ગયા તો અમુક સ્ત્રીઓના નકાબ ઉલટાવેલા હતા અને ચહેરા ખુલ્લા હતા, તો આપે તુરત જ પોતાની આંખો બીજી તરફ ફેરવી લીધી અને ફર્માવ્યું, "પર્દો કરો ! બેપર્દા ઘૂમવું ફરવું સખ્ત મના છે. નિક્રાબ નાખો !" સૌ સ્ત્રીઓએ નિક્રાબો નાખી લીધા પછી બયઅત કરવામાં આવી. સુબ્હાનલ્લાહ ! તક્વો હોય તો આવો હોય."

*(મુફતીએ આ'ઝમ ઔર ઉન્કે ખુલફા, ૧/૧૫૯)*

હઝરતની ચાહતના દાવેદારો માટે આ બાબત ખાસ વિચારવા જેવી છે કે શું પોતે આના પર આમિલ છે ? કે પછી મોબાઈલ પર ક્યાંથી ક્યાં નીકળી ગયા છે ? અલ્લાહ હઝરતના સદક્રામાં આપણને નેક બનાવે. (આમીન)

આપને નમાઝથી બેહદ મહોબ્બત હતી. સફરમાં હોય કે ઉતારા પર, નમાઝના સમયમાં પ્રથમ નમાઝ પઢતા પછી અન્ય કામકાજમાં વ્યસ્ત થતા. સફર ચાહે જેવો પણ હોય પ્લેનથી ટ્રેનથી કે ગાડીથી, પણ નમાઝનો સમય

થતાં જ નમાઝની અદાયગીના માટે બેચૈન થઈ જતા. (જેમ કે હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના બનાવો આ વિશે છે) એરપોર્ટ હોય કે સ્ટેશન નમાઝ કદી કઝા થવા ન દીધી. અને સૌને નમાઝની તાકીદ કરતા, દાઢીની તાકીદ કરતા, શરીઅતની પાબંદીની તાકીદ કરતા. કોઈ મસ્જિદમાં શર્ટના ઉપલા બટન ખોલી આવતો તો છાતીનાં હાડકા પર હાથ રાખી કહેતા કે, "બટન લગાઓ, નમાઝમેં યહ ખુલા રહેગા તો નમાઝ મકરૂહે તહરીમી હોગી દોહરાના વાજિબ હોગા !" હોટની નીચે દાઢી છોલાવનારને તથા મુટ્ટીથી ઓછી કરનારને તે જગાએ હાથ રાખી કહેતા કે, "ઈસે મત છીલવાઓ ઔર એક મુશ્ત દાળ્હી રખો, કમ મત કરો !" અને આપની વાણીની અસર એ થતી કે ફરી તે નસીહત સાંભળનાર તે કામ ન કરતો.

## ★ આજે ક્યાં છે આવા તક્વાવાળા લોકો કે જે કહે તે કરી બતાવે ? ★

હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ જે ઘરમાં જાનદારની તસ્વીર લટકતી હોય તે ઘરમાં પ્રવેશતા પણ ન હતા જ્યાં સુધી તેને ન હટાવે ! તો જાનશીને મુફતીએ આ'ઝમે હિંદ હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہએ પણ તસ્વીરને હરામ જાણી અને કદી કોઈ તસ્વીર લેવા ચાહતો તો રોકી દેતા કે, "ઈસ્લામમાં જાનદારની તસ્વીર હરામ છે." એટલુ જ નહીં પણ કદી કોઈ વ્યક્તિને શોખના ફોટા લેવાની કે યાદગારીના ફોટા પાડવાની કોઈ રીતે ઈજાઝત આપી કે ન પોતે ફોટાનો શોખ રાખ્યો. બલ્કે આપે પોતે જાહેરાત કરી છે કે :

"મૈં ઉન લોગોંસે જિન્હોંને કિસી તૌર પર મેરી તસ્વીર ખીંચી ઔર ઉસ્કી નુમાઈશ કરતે હૈં, અપને પાસ રખ્ખે હુએ હૈં, મૈં ઉનસે ભી કહતા હૂં ઔર જિન લોગોંને ઈન્ટરનેટ પર મેરી તસ્વીર ડાલી હૈ, મૈં ઉનસે ભી અપની બરહમીકા ઔર "નારાઝગી"કા ઈઝહાર કરતા હૂં. ઔર સબસે મેરા યહ મુતાલબા હૈ કે મેરી તસ્વીર વો યકલખ્ત ડીલેટ કરેં વરના મુવાખઝા ઉનકે ઉપર હોગા. મુઝે જો કહના થા ઔર જો મેરી જિમ્મેદારી થી અલ્હમ્દુલિલ્લાહ ! વો મૈં કહ ચુકા ઔર પૂરી કર ચુકા." *(ઓન લાઈન સવાલો જવાબ ઓડીયો ક્લિપ)*

આજે હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ ની અતિ મહોબ્બતનો દાવો કરનારા અને અન્યો પર આક્ષેપો મૂકીને તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ ના વિરોધી બતાવનારા કેટલાયને અમે જોઈ રહ્યા છીએ કે હુઝૂરના આ ફર્માનથી વિમુખ છે અને પોતે પણ તસ્વીરો શોખથી પડાવે છે તથા વીડીયો પણ કરાવે ને અખ્બારોમાં પણ ફોટા છપાવે છે ! ફેસબુક પ્રોફાઈલ પર મૂકે છે ! એવા ચાહતનો દેખાડો કરનારાઓએ આ પરથી બોધ લઈ તૌબા કરવી જોઈએ.

એ જ પ્રમાણે હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ એ સુન્નીને ત્યાં શાદીમાં જવા વિશે એક સવાલના જવાબમાં શું ફર્માવ્યું છે તે સાંભળો ?! આ'લા હઝરત તથા હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہما ની જેમ આપની બદમઝહબથી નફરત જુઓ :

**સવાલ** : અકષર શાદિયોંમેં બદ મઝહબ ભી ઈન્વાઈટ (આમંત્રિત) કીએ જાતે હૈં. ક્યા ઐસી શાદિયોં મેં શરીક હોના ચાહિયે જબ કે માલૂમ હો કે વહાં બદમઝહબ ભી આયેંગે. ઔર વહાં ચલે ગયે ઔર દેખા કે વહાં બદમઝહબ ભી હૈં, તો ક્યા વાપસ ચલે જાના ચાહિયે ? *(હઝરતની બદ્મઝહબોથી બેઝારી જુઓ !)*

**જવાબ** : જબ કે ઈલ્મ હૈ કે વહાં બદમઝહબ આયેંગેં, ઉનકી ઈઝ્ઝત હોગી. અગર પહેલેસે ઈલ્મ હૈ તો **"જાના હી જાઈઝ નહીં હૈ"** જાનેકે બાદ ઈલ્મ હુવા તો અગર ખાસ ઉસી જગહ પર જહાં યહ બૈઠા હૈ વહાં કિસી બદમઝહબકી શિર્કત હૈ તો ઉસકો વહાંસે ઉઠકર ભી આના ઝરૂરી હૈ. ઔર અગર તાકૃત રખતા હૈ તો ઉસ પર ભી ઈન્કાર કરે ખુસૂસન જબ કે વો મુકૃતદા (પેશવા, આલિમ) હો, તો ઉસકો વહાં પર બૈઠના જાઈઝ નહીં હૈ........."*(ઓન લાઈન સવાલો જવાબ ઓડિયો ક્લિપ)*

આના પરથી વાંચકો એ પણ સમજી શકે છે કે જે લોકો મૈયતમાં પણ પોતાના દેવબંદી સગાઓને, દોસ્તોને ખબર કરીને બોલાવે છે તો પછી ત્યાં પણ આ જ હુકમ લાગુ થશે !

**એક અધિક સવાલ સાંભળી લો !** પૂછવામાં આવ્યું કે, **સવાલ :** એક મોઅતબર સુન્ની આલિમને યહ મસ્અલા બતાયા "વહાબીકે

હોટલમેં'' પૈસે દેકર ચાય પી સકતે હૈં. ઈસ પર એક શખ્સને કહા કે યહ મુફતી ''સુલેહકુલ્લી'' હૈ ! ઈસ પર કયા હુકમ હૈ ? *(હઝરતનો હદ દરજા એહતેયાત જુઓ !)*

**જવાબ :** સુન્ની આલિમકા યહ મસ્અલા બતાના સહીહ નહીં હૈ ઔર યહ સુલેહ કુલ્લિયતકી તરફ એક કદમ હૈ. ઔર વહાબિયોં કે સાથ મામલાત નાજાઈઝ નાદુરુસ્ત હૈ, ઈસ લિયે કે જિસકી બદમઝહબી હદ્દે કુફ્ર તક પહુંચ ચુકી ઉસસે મામલાત દુરૂસ્ત નહીં હૈ જબ તક કે કોઈ શરઈ મજબૂરી ન હો, ઉનસે મામલાત કી ઈજાઝત નહીં હૈ. ઉનકા યહ મસ્અલા બતાના નાદુરુસ્ત હૈ ઔર વહાબિયોં કે સાથ મામલાત ઔર તાલ્લુકાત કા દરવાજા ખોલના હૈ.'' *(ઓન લાઈન સવાલો જવાબ ઓડિયો ક્લિપ)*

આમાં સૌના માટે, ખાસ કરીને પોતાને જબદરસ્ત આશિક઼ કહેવડાવનારાઓ માટે ખૂબ જ લાભદાયી તથા મહત્વનો સંદેશ સમાયેલો છે જેના પર તેમણે અમલ કરવો અતિ આવશ્યક છે. આથી પણ ચુસ્ત તક઼વાવાળા અન્ય સવાલો છે, લખાણ લાંબુ થવાના લીધે આટલે જ અટકુ છું. બસ એક આખરી સવાલ જવાબ પેશ કરું છું કે વાંચકો સમજી શકે કે હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની જેમ તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہનો તક઼વો કેટલો ઉચ્ચ હતો અને આપણે ક્યાં ઉભા છીએ ?! શું કરીએ છીએ ! બહુ ઉગ્ર રીતે મહોબ્બતનો દાવો કરનારાઓને જણાવીશું કે કેવળ નારા મારીને મહોબ્બત જાહેર ન થઈ શકે બલ્કે જરા હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہનાં ફર્માનો પર પણ ચાલી બતાવો ! સાંભળો !

*દૈનિક જાગરણ–હિન્દી* તા. ૨૧–૬–૨૦૧૭માં પણ આ સવાલ જવાબ પ્રસિધ્ધ થયેલા છે જે ઓનલાઈન હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہને પૂછવામાં આવેલા :

**સવાલ : (૧)** ''ફેસબુક પર કુછ લોગ તસ્વીર અપલોડ કર દેતે હૈં. ઉસે દેખકર ફ્રેન્ડસ માશાઅલ્લાહ ! સુબ્હાનલ્લાહ ! લિખતે હૈં. ક્યા ઐસા કરના સહીહ હૈ ?

**જવાબ** : ઐસા કરના **નાજાઈઝ** ઔર **હરામ** હૈ. ફૌરન તૌબા કર લેના ચાહિયે. જબ તક તૌબા નહીં કર લેતા ગુનેહગાર હોગા.

**સવાલ** : મોબાઈલ પર તસ્વીર દેખને ઔર ડાઉનલોડ કરનેવાલે ઈમામકે બારેમેં ક્યા હુકમ હૈ ?

**જવાબ** : **(૨)** મોબાઈલ મેં કિસી જાનદારકી **તસ્વીર દેખને** ઔર **ડાઉનલોડ** કરનેવાલે **ઈમામકે પીછે નમાઝ નહીં હોગી.** અગર ઉસકા યહ અમલ સાબિત હો જાએ તો ઉસે **ઈમામ બનાના હી નાજાઈઝ ઔર ગુનાહકા સબબ** હોગા. *(જાગરણ દૈનિક હિન્દી, ૨૧–૬–૨૦૧૭ના હવાલાથી ઓન લાઈન સવાલ જવાબ)*

બસ ! કોઈ ટીપ્પણી વિના જણાવી દઈએ કે હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہએ આપેલ આદેશો પર આપે જાતે પોતે પણ સખ્તીથી અમલ કરી બતાવ્યો છે. હવેના દૌરમાં આવો તક્વાવાળો આલિમ, મુફ્તી, પીર મળવો અતિ મુશ્કેલ કામ છે. ઈલ્લા માશાઅલ્લાહ ! અને આપે હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની જાનશીનીનો હક્ક઼ દરેક ક્ષેત્રે તક્વો પરહેઝગારી વગેરેમાં અદા કરી બતાવ્યો.

Web.:www.barkatekhwaja.net

## હુઝૂર તાજુશ્શરીઅહ યાદોના ઝરૂખેથી

અઝ : મૌલાના અખ્તરુલ ઈસ્લામ અલીમી-ચિરૈયાકોટ
અનુવાદક : મૌલાના ઈમરાનરઝા મિસ્બાહી
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)*

અમને ગર્વ છે કે અમે એવા યુગમાં જીવન વિતાવ્યું કે જેમાં તાજુશ્શરીઅહ જેવી સમયની અજોડ હસ્તી મૌજૂદ રહી. આપણી નસ્લો ગર્વ કરશે અને આપણી આંખોને ચુમશે કે આપણે તાજુશ્શરીઅહ જેવી પાકીઝા શખ્સિયતની ઝિયારત કરી છે. આમ તો મને ઘણીવાર સૈયદી સરકાર તાજુશ્શરીઅહની ઝિયારતે બાકરામતનો સુઅવસર મળ્યો, પરંતુ જીવનમાં એકવાર એવો પણ મોકો આવ્યો જ્યારે મેં રૂબરૂ હઝરતથી મુલાકાતનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું. આપની મુબારક બારગાહમાં બેસવાનો મોકો નસીબ થયો અને નજીકથી આપની ઝિયારતથી દિલ અને નિગાહને ઠંડક પહોંચાડવાનો સોનેરી અવસર હાથ લાગ્યો. આપના હિકમતથી ભરપૂર અવાજ થકી પોતાના કાનોમાં રસ ઘોળ્યો. આ કોઈ ઈ.સ. ૨૦૦૦ના પ્રારંભિક વરસોની વાત છે જ્યારે હઝરત નોઅમાની સાહબ કિબ્લાની સાથે માલેગાંવમાં કન્ઝુલ ઈમાનની તસ્હીહના સંબંધે રહેવાનું થયું, જે કામ રઝા એકેડમી માલેગાંવ હેઠળ થઈ રહ્યું હતું. તે દરમિયાન હુઝૂર તાજુશ્શરીઅહ મુંબઈમાં આવેલા હતા. મારે એક સંબંધીને મળવા મુંબઈ પણ જવાનુ હતું જેના માટે હું મુંબઈ જવા માટે તૈયાર થઈ ગયો. રઝા એકેડમીના સાથીઓએ જ્યારે સાંભળ્યું તો કહ્યું કે હુઝૂર તાજુશ્શરીઅહ મુંબઈમાં છે, આપ હઝરતની બારગાહમાં પણ જઈ આવશો અને સાથે જ કિબ્લા હુઝૂર નોઅમાની સાહબે અમુક પેજ તસ્હીહ થયેલા કન્ઝુલ ઈમાનના અથવા અન્ય કાંઈ મેટરના હતા હમણા યાદ નથી, હુઝૂર તાજુશ્શરીઅહની બારગાહમાં રજૂ કરવા માટે

Web : www.barkatekhwaja.net

અતા ફર્માવ્યાં. અલ્લાહ ! અલ્લાહ ! હું તે ક્ષણને કઈ રીતે ભૂલી શકું જ્યારે પહેલીવાર સાંતાક્રુઝમાં કોઈ અક઼ીદતમંદને ત્યાં હઝરત રોકાયા હતા અને હું પોતાના દોસ્ત બદરે આલમ ચિરૈયાકોટી સાથે બારગાહે તાજુશ્શરીઅ્હમાં હાજર થયો.

સાંજનો સમય હતો. હઝરત એક રૂમમાં આરામ ફર્માવી રહ્યા હતા. અમુક લોકો બહાર મુલકાતની તમન્ના સાથે ઈન્તેઝારમાં બેઠા હતા, પરંતુ અમુક હવાલાઓથી મને જલ્દી જ હાજરીની ઈજાઝત મળી ગઈ. ડરતાં ડરતાં અંદર દાખલ થયો. હઝરત એક તખ્ત પર બેઠેલા હતા. સલામ અને દસ્તબોસી બાદ મેં આવવાનું કારણ બતાવ્યું અને સાથે લાવેલ મેટરને રજૂ કરી. હઝરતે દુઆઓથી નવાઝ્યો. પછી મેં પોતાના સાથી બદરે આલમને હુઝૂરથી બયઅત કરવાની દરખાસ્ત કરી જે હુઝૂર તાજુશ્શરીઅ્હએ કબૂલ ફર્માવી અને હાથમાં લઈ મુરીદ કર્યો જેના પર મારો દોસ્ત આજે પણ ગર્વ કરે છે. પછી હઝરતની બારગાહથી રૂખ્સત થઈ અમો નીકળી આવ્યા.

આ હતી તે મુલાકાત જે કદાચ મને જીવનભર યાદ રહેશે અને પોતાની લિજ્જતોથી ખુશ કરતી રહેશે. તે મેહફિલ શું હતી બસ એમ લાગ્યું કે કોઈ અલ્લાહવાળાની બારગાહમાં બેઠા છીએ ! ન કોઈ લપ્પન છપ્પન, ન જરૂરત વિનાની લાંબી લાંબી તક઼રીરી મેહફિલ, બસ જરૂર જણાઈ તો શબ્દોના ફૂલ ઝર્યાં, નહીં તો ખામોશી અને ઊંડુ ચિંતન ! હુઝૂર તાજુશ્શરીઅ્હ બહુ ઓછુ બોલનાર પરંતુ હક્ક઼ બોલનાર અને શરીઅતને અનુરૂપ વાત કરનારા હતા. આપની જાત પોતાનામાં એક અંજુમન હતી. આપ ઈલ્મો અમલની કહકશાં (આકાશગંગા) હતા જેનાથી દુનિયા પ્રકાશ મેળવતી રહી. આપને જોઈને પૂર્વજ બુઝુર્ગોની દુનિયાથી દૂરી અને શાને બેનિયાઝી યાદ આવી જતી હતી. તાજુશ્શરીઅ્હ ચાહતા તો દુનિયા આપના ક઼દમોની દાસી બની જાત, પરંતુ આપે તો અલ્લાહવાળાઓની જિંદગીઓને પોતાના જીવનનું કેન્દ્ર બનાવ્યું હતું એટલા માટે દુનિયાદાર ચાહવા છતાં આપનાથી નજીક ન થઈ શક્યા. આજે જ્યારે તાજુશ્શરીઅ્હ આપણી નિગાહોથી પર્દો ફર્માવી ગયા તો આ કઠિન ક્ષણોમાં તે જ અકસીર ઘડીઓ દર્દનો ઈલાજ બની રહી છે. હુઝૂર

તાજુશ્શરીઅ્હને અલ્લાહ કરીમે અનહદ બુલંદીઓથી નવાઝયા જેનું દષ્ટાંત નજીકના જમાનામાં નથી મળતું, બલ્કે સૈયદી મુફતીએ આ'ઝમે હિંદ قُدِّسَ سِرُّہُ الْعَزِیْز પછી આવું કોઈ દેખાતું નથી.

આપણે જોઈએ છીએ કે જમાનામાં મક્બૂલિયત મેળવવા બે વાતો અગત્યની છે, ક્યાં તો માણસ ફસીહો બલીગ (ઉમદા સ્પીચવાળો) મુકર્રિર હોય અથવા અનોખા અંદાઝમાં લખનારો સાહિત્યકાર હોય. જો આ દષ્ટિકોણથી જોવામાં આવે તો હુઝૂર તાજુશ્શરીઅ્હ ન તો મોટા મુકર્રિર હતા ન તો મોટા સાહિત્યકાર, છતાં પણ અલ્લાહ તઆલાએ આપને જે મક્બૂલિયત અતા ફર્માવી, જે મોટા મોટાઓની ટોપીઓ સીધી કરવા માટે પૂરતી છે. આપની તો એ શાન જોઈ જે કોઈની ન જોઈ ! જેમનાથી આપનો જીવનભર મતભેદ રહ્યો, જેમના વિરુદ્ધ આપે ફત્વા આપ્યા અથવા તેમના પર કોઈ હુકમ લગાવ્યો તેઓ પણ આપની શાનમાં ગીતો ગાય રહ્યા છે અને આપની શાનમાં કાંઈક લખવાનો પોતાની સઆદત (સદ્‌નસીબી) સમજી રહ્યા છે ! આ વિના શંકાએ આપના પર રબ્બુલ આલમીનની ખાસ નવાઝિશ છે અને અલ્લાહની બારગાહમાં આપની નિકટતાનું સબૂત છે.

હુઝૂર તાજુશ્શરીઅહના જીવનનું સૌથી ઉજ્જવળ પાસુ એ છે કે આપે હમેશાં એ જ કહ્યું જેને આપે હક્ સમજ્યું, જેના કારણે આપ એક વર્ગના તરફથી મહેણા ટોણાનો શિકાર રહ્યા, જેમણે આપની જાત પર જાત જાતના આક્ષેપ લગાડયા, આપની ઈજ્જત અને આબરૂ પાછળ પડયા. પરંતુ આ તે બદરે કમાલ હતું જેના આસપાસ જેટલાં પણ વાદળો આવતાં રહ્યાં, તેની રોશની એટલી જ નિખરતી રહી અને ગુમરાહીઓની અંધકારમય રાતમાં પ્રકાશ વેરતી રહી. લોકોએ વિચાર્યું કે તાજુશ્શરીઅહને હક્ બોલવાથી રોકી દેવામાં આવશે, પરંતુ બુરૂ બોલનારાઓના ડર વિના આપે શરીઅતની પાબંદીનો હક્ અદા કર્યો. અને જ્યારે જ્યારે આપની જરૂરત મેહસૂસ થઈ ત્યારે ત્યારે આપે પોતાની જવાબદારીઓને સારી રીતે નિભાવી. આપ નિઃશંક ! મઝહરે મુફતીએ આ'ઝમ અને તેમના સાચા જાનશીન હતા. કદમ કદમ પર સૈયદી મુર્શિદી મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ ની પૈરવી કરતા રહીને

આપની નિયાબતનો હક્ અદા કરી દીધો. આપે શરીઅત અને શરીઅતના હુકમ બારામાં પોતાની તબીઅ્તને કદી ગવારા ન કરી, ભલે પોતાનાં નારાઝ થાય કે પરાયાં, આપની જાત આ શેઅરને પાત્ર હતી :

*અપને ભી ખફા મુઝ સે હૈં બેગાને ભી નાખુશ*
*મૈં ઝહરે હલાહલકો કભી કેહ ન સકા કંદ*

આપની આ જ ખૂબી હતી જેણે આપને દરેકથી વિશિષ્ટ કરી દીધા અને પોતાનાં તો પોતાનાં પારકા પણ આપની એ જ ખૂબીના પ્રશંસક બન્યા અને આપના વિસાલ બાદ આપની તા'ઝિયતના શબ્દો કહ્યા. આ આપની આસપાસ રહેનારા અને આપની બારગાહમાં હાજર રહેનારાઓનો સંયુક્ત અભિપ્રાય છે જે પોતાનામાં હક્ અને સત્યતાનું પ્રતિબિંબ દર્શાવે છે.

એક આધારે આપની શખ્સિયત અધિક વિશિષ્ટ નજર આવે છે કે જેવી રીતે આમ પબ્લિક આપની દીવાની તથા શયદા નજર આવે છે તેવી જ રીતે પોતાના સમયના મહાન ઉલમા તથા મશાઈખ પણ આપની બારગાહમાં અદબનું નઝરાણુ, પેશ કરવાને પોતાની સઆદત (સદનસીબી) સમજતા રહ્યા. મેં જોયું કે આપની બારગાહમાં ઉલમા અને અવામની મોટી ભીડ લાગેલી છે પરંતુ શું મજાલ કે કોઈ અવાજ ઊંચી થતી જણાય અથવા કોઈના કોઈ અમલથી કોઈ પ્રકારની બેઅદબી થતી દેખાય ! લોકો આપની બારગાહમાં અત્યંત ખામોશી સાથે બેસીને બસ આપની ઝિયારતથી જ પોતાની નિગાહોને રોશની પ્રદાન કરતા રહેતા. આપનું હુસ્ન અને સુંદરતા દરેકને આશ્ચર્યમાં પાડી દેતી હતી. આપની બારગાહમાં બોલવાની હિંમત કોને થાય, નજરોથી જ આપ અકીદતમંદોની પ્યાસ બુજાવી દેતા હતા.

ઘણા પીરોને જોવામાં આવે છે કે તેઓ પોતાના મુરીદો સાથે બિલ્કુલ દોસ્તાના અંદાઝમાં વાતો કરે છે અને એ બેતકલ્લુફીનો માહોલ બનાવેલ રાખે છે જાણે એમના વચ્ચે દોસ્તી હોય, કે જેથી મુરીદ એમનાથી રિસાયને અન્ય કોઈની જોલીમાં ન જઈ પડે ! પરંતું હુઝૂર તાજુશ્શરીઅહ આ બાબતે પણ વિશિષ્ટ જણાય છે કે આપના મુરીદો અને અકીદતમંદો આપના એક ઈશારા પર જાન દેવાથી પણ પાછા ન હટે, અને આપની બારગાહમાં હાજર થવાનો અંદાઝ એવો કે જાણે શરીરમાંથી કોઈએ પ્રાણ કાઢી લીધા હોય.

બુખારી શરીફમાં છે : કે સરકારે દો આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું : અલ્લાહ તઆલા જ્યારે કોઈ બંદાને મહેબૂબ બનાવી લે છે તો જિબ્રઈલ علیہ السلامથી ફર્માવે છે કે હું ફલાણા બંદાથી મહોબ્બત કરું છું તમે પણ તેનાથી મહોબ્બત કરો ! તો જિબ્રઈલ علیہ السلام પણ તેનાથી મહોબ્બત કરવા લાગે છે અને આસ્માનવાળાઓમાં એલાન કરે છે કે ફલાણા વ્યક્તિ સાથે અલ્લાહ તઆલા મહોબ્બત કરે છે તમે સૌ પણ તેની સાથે મહોબ્બત કરો ! તો આસ્માનવાળાઓ પણ તેનાથી મહોબ્બત કરવા લાગે છે, પછી જમીન ઉપર પણ તેની મક્બૂલિયત થઈ જાય છે.

જોવામાં આવે તો હુઝૂર તાજુશ્શરીઅહ આ હદીષે પાકના પાત્ર સંપૂર્ણપણે હતા. કારણ કે આપના જેવી મક્બૂલિયત મારી આંખોએ કોઈની ન જોઈ, ન આપની જિંદગીમાં ન આપના વિસાલ બાદ, બલ્કે વિસાલ બાદ તો સમસ્ત દુનિયામાં એવું દૃશ્ય દેખાયું કે કદાચ જ કોઈની આંખો આવુ દૃશ્ય જોઈ શકે. આપે વફાતથી વરસ પહેલાં જ પોતાના આખરી સફર પર રવાના થવાનો ઈશારો આપી દીધો હતો જેને સમજવાવાળાઓ સમજ્યા અને ન સમજવાવાળાઓ ન સમજ્યા :

*દેખને વાલો જી ભર કે દેખો હમેં*
*ફિર ન કહના કે અખ્તર મિયાં ચલ દીએ*

આપણે તો બસ દુઆ જ કરી શકીએ છીએ કે મૌલા ! ગૈબથી આપણને કોઈ નેઅમલ બદલ અતા ફર્માવ જે અમારી રહબરીનો ફર્ઝ અદા કરી શકે.

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, સપ્ટે. ૨૦૧૮)*



Web.:www.barkatekhwaja.net

# શરીઅત તથા તરીક઼તનો આફતાબ

અઝ : અલ્હાજ મુદ્દષ્ષિરહુસૈન હબીબી
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

હુઝૂર તાજુશ્શરીઅહ અખ્તર રઝાખાં અઝહરી رحمۃ اللہ علیہ સાથે મારી પ્રથમ મુલાક઼ાત ક્યારે અને ક્યાં થઈ એ તો બરાબર યાદ નથી, પરંતુ જ્યારે કદી ખિદમતમાં હાજર થવાનો મોક઼ો મળ્યો તો હઝરતે ઉષ્માભેર સ્વાગતથી નવાઝયો, દુઆઓથી નવાઝયો અને સંસ્થાકીય કામોમાં માર્ગદર્શન ફર્માવ્યું.

**ચાહવાવાળાઓના જઝબાતની ક઼દર** : ઈ.સ. ૧૯૭૭માં ઉર્સે ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના મોક઼ા પર અજમેર મુક઼દસમાં રઝવી મંઝિલમાં મુલાક઼ાત થઈ હતી ત્યાં હું ટેપ રેકોર્ડર લઈને ગયો હતો. (ત્યારે હાલના સ્માર્ટ ફોનનું અસ્તિત્વ ન હતું). મેં વિનંતિ કરી કે આપનું કલામ "ઉનકે દર કી ભીક અચ્છી સરવરી અચ્છી નહીં" આપના અવાજમાં રેકોર્ડ કરાવી દો. હસમુખા ચહેરે હઝરતે પોતાના ખાસ લહેજામાં લહનની સાથે (ગાવાના અંદાઝમાં) કેટલાય શેઅરો ટેપ કરાવ્યા હતા (અફસોસ કે તે ટેપ મહેફૂઝ ન રહી શકી).

એ દરમ્યાન એક અક઼ીદતમંદ હાજર થયા. વાતચીત દરમ્યાન હઝરત ટોપીવાલે બાબા (જે દર વર્ષે ઉર્સે ગરીબ નવાઝમાં હાજર થતા રહેતા હતા અને એવી ઈમારતમાં રોકતા હતા જ્યાંથી હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના મઝારનો ગુંબદ સ્પષ્ટ દેખાતો હતો. મુંબઈમાં દોટાંકીની પાસે એમની દુકાન હતી) વિશે પૂછયું. હઝરતે ફર્માવ્યું, તે સૂફી મલામતી છે. તે સાહબ લગભગ બાબા સાહબથી અક઼ીદત ધરાવતા હતા. અર્ઝ કરી, હુઝૂર ! મુજાહિદે મિલ્લતને તેમની સાથે ખૂબ અક઼ીદત છે. ફર્માવ્યું, બુઝુર્ગ આદમી

છે. તેને અધિક અસમંજસ થઈ કે હમણા તો મલામતી કહ્યા પછી કહે છે કે બુઝુર્ગ આદમી છે ! ખુલાસો કર્યો કે કેટલાક એવા નિસ્બતવાળા વલી અલ્લાહ હોય છે જેઓ પોતે ખલ્ક્ (લોકો)થી દૂર અને લોકોને પોતાનાથી દૂર રાખવા ચાહે છે. જાહેરી રીતે તેમની એક્ટિવિટીઝ નાપસંદીદા હોય છે અને લોકો એમના વિશે સારી રાય નથી ધરાવતા. તેમને ઈસ્તેલાહમાં ફિર્ક્એ મલામતિયા કહે છે. બાબા સાહબ એ ગૃપથી સંબંધ ધરાવે છે.

**ગલતી પર ઉલમા તથા અવામની ઈસ્લાહ**: મશહૂરો મઅરૂફ મુક્રિરે લગભગ ૪૦ વરસો પહેલાં બંગાલી બાઝાર, મેટિયા બુર્જના જલસામાં તક્રીર દરમ્યાન કહ્યું કે "સરકારે દો આલમ ﷺ અલ્લાહની જાતના નમૂના હતા." આપે તરત જ સુધારણા કરી કે સરકાર ﷺ અલ્લાહ તઆલાની જાતનો મઝહર છે નમૂનો નથી. અલ્લાહ તઆલાની જાતનો કોઈ નમૂનો હોઈ જ નથી શકતો.

એક મૌલાના સાહબને જે ખત બનાવીને આવ્યા હતા. હિદાયત કરી કે ચહેરા પર અસ્તરો ફેરવવો ન જોઈએ. વધેલા વાળોને કાતર વડે કટ કરી લેવા જોઈએ.

એકવાર આપ વુઝૂ કરી રહ્યા હતા. તો વુઝૂ દરમ્યાન જોયું કે એક માણસ ખોબામાં પાણી લઈને હાથ પર ઘસી રહ્યો છે. પછી ત્રણવાર ખોબામાં પાણી લઈને હાથને થોડા ઊંચા કર્યા, આ રીતે પાણી કોણીઓ સુધી નથી પહોંચતુ. અને જો ઉપરના હિસ્સામાં વહી પણ ગયું તો નીચલો હિસ્સો ધોવાથી રહી ગયો. તેને તાકીદ કરી કે કેવળ ત્રણવાર ખોબામાં પાણી લઈને હાથને થોડાક ઉપર નીચે કરી લેવા સહીહ નથી, બલ્કે બંનેવ હાથોને કોણીઓ સહિત સારી રીતે ધોવું (પાણી વહાવવું) ફર્ઝ છે, એના વિના વુઝૂ નથી થતું. અને જ્યારે વુઝૂ નથી થતુ તો નમાઝ કેવી ?!

એકવાર કલકત્તામાં રોકાણ દરમિયાન મારા સ્થાપિત કરેલા "મદ્રસા અરબિય્યહ ગૌષે આ'ઝમ"માં તશરીફ લાવ્યા. એ જમાનામાં મદ્રસાની મસ્જિદ બંધાયી ન હતી અને નજીકની મસ્જિદમાં આપણી જમાઅતના ઈમામ ન હતા. એટલા માટે અમે લોકો મદ્રસામાં બાજમાઅત નમાઝની

Web. www.barkatekhwaja.net

વ્યવસ્થા કરતા હતા. ઈશાની નમાઝનો સમય થયો તો હઝરતે ઈમામત ફર્માવી. મુસાફિર હોવાના કારણે કસર કરી અને બે રકાતમાં સલામ ફેરવી દીધી. મુક્તદીઓમાંથી એક સાહબ ન સમજી શક્યા અને લુક્મો આપી દીધો. ફર્માવ્યું, કેમ કે આપે ગલત લુક્મો આપ્યો છે જેથી આપની નમાઝ ફાસિદ થઈ ગઈ જેથી દોહરાવી લો.

**મારા પર ભરોસો તથા વિશ્વાસ :** લગભગ એ અરસામાં બરજુનાલા મેટિયા બુર્જમાં રાતે જલસો થયો. સવારે ફજરની નમાઝ બાદ જ્યારે ખાસ લોકો રહી ગયા તો મેં અર્ઝ કરી કે હુઝૂરના મુરીદ વર્તુળમાં દિન પ્રતિ દિન વધારો થતો જઈ રહ્યો છે એમનામાં અમુક લોકો એવા પણ છે જેઓ સિલસિલાની તાલીમ હાંસલ કરવા ચાહે છે, ઝિક્ર ફિક્રમાં પોતાનો અમુક સમય પસાર કરવા માટે તૈયાર છે, એવા કેટલાક લોકો મારી પાસે આવે છે. એ જમાનામાં મદ્રસા અરબિય્યહ ગૌષુલ આલમમાં જુમેરાત મગરિબની નમાઝ બાદ મેં ઝિક્રનો હલકો જારી કરી રાખ્યો હતો, જેમાં "ઝિક્રે નફી વ અષ્બાત, ઝિક્રે અષ્બાત, ઝિક્રે ઈસ્મે ઝાત"નો વિર્દ થતો હતો અને "પાસે અન્ફાસ" વગેરેના બારામાં બતાવવામાં આવતુ હતું. ખાસી સંખ્યામાં સિલસિલાવાળા ભાઈઓ શરીક થતા હતા. મેં અર્ઝ કરી કે આપના મુરીદોના વર્તુળમાં માશા અલ્લાહ ! ઉલમા તથા ઈમામોની મોટી સંખ્યા છે જેથી એમનામાંથી કોઈને નિયુક્ત કરી આપો જે હુઝૂરના મુરીદોની તાલીમો તર્બિયતની વ્યવસ્થા કરી શકે. ફર્માવ્યું, મુબારકબાદના પાત્ર છે એ લોકો જેમને આ જમાનામાં પણ ઝિક્ર તથા ફિક્રથી લગાવ છે અને એના માટે પોતાનો સમય કાઢે છે, નહીં તો આ જમાનામાં ફર્ઝો તથા વાજિબોથી પણ ગફલતની વબા ચાલી રહી છે. હવે કેમ કે આપે એનું આયોજન કરી રાખ્યું છે જેથી અલગથી કોઈને નિયુક્ત કરવાની જરૂરત નથી. ત્યાં હાજર લોકોને ફર્માવ્યું, આપ લોકો દસ્તૂર મુજબ આમની હેઠળ તમારુ શુગ્લ (ઝિક્ર ફિક્રની ક્રિયા) ચાલુ રાખો, આ આપણામાં માણસ છે.

લગભગ ઈ.સ. ૧૯૮૪ની વાત છે. એ જમાનામાં પખવાડિક "નવાએ હબીબ" મારી નિગરાનીમાં પ્રકાશિત થતુ હતું.



Web.: www.barkatekhwaja.net

એક પખવાડિક પત્ર પ્રેસમાં જવા માટે તૈયાર હતું પરંતું થોડી સરખી જગા ખાલી રહી ગઈ હતી. એ જમાનામાં કોમ્પ્યુટર સિસ્ટમ ચાલુ થયેલ ન હતી. તે સમયમાં ઓઈલ પેપર પર કાળી શાહી વડે લખતા હતા. કાતિબ વાજિદ જે પોતે પણ હબીબી છે. એમની નજર દૈનિક પત્ર આઝાદ હિંદ પર પડી જે મદ્રસામાં લાવવામાં આવતુ હતું. એમાં એક ખબર સૈયદી આ'લા હઝરત رحمۃاللہ علیہના સબંધે હતી. તો મારી રાહ જોયા વિના તેમણે એને નકલ કરી આપી. એમાં સરકાર આ'લા હઝરત رحمۃاللہ علیہનો ઉલ્લેખ આપની શાનને લાયક ન હતો. ખાલી જગા પૂરી કરીને મારી રાહ જોયા વિના તથા દેખાડયા વિના અખ્બાર પ્રેસમાં મોકલી આપ્યું અને અખ્બાર પ્રસિધ્ધ પણ થઈ ગયું. સંજોગોવસાત હુઝૂર અઝહરીમિયાં સાહબ કિ઼બ્લા رحمۃاللہ علیہ કલકત્તા આવેલા હતા. મહેરબાનોએ જઈને જોડી આપ્યું કે મુદ્દષ્ષિરે પોતાના અખ્બારમાં સરકાર આ'લા હઝરતનો અયોગ્ય ઢબનો બલ્કે ગુસ્તાખીપૂર્ણ અંદાઝમાં ઉલ્લેખ કર્યો છે. હઝરતે મને બોલવ્યો અને પૂછયું, તમો આના બારામાં શું કહો છો ?! મેં વાસ્તવિક પરિસ્થિતિથી માહિતગાર કર્યા. હઝરત મારા ખુલાસાથી સંતુષ્ઠ થઈ ગયા અને ભાવિ માટે સલાહ આપી કે, ''તમારા સ્ટાફને તાકીદ કરો કે તેઓ કોઈ એવું કામ ન કરે જેના સબબે કોઈને રાઈનો પહાડ બનાવવાનો મોકો મળે. અને દિલચસ્પી રાખવાવાળા તે લોકો જેઓ અત્યારે હાજર નથી તેમને પણ જણાવી દેશો.''

**ગુલામોના માટે દુઆઓ :** ધામનગર શરીફમાં ઉર્સે હુઝૂર મુજાહિદે મિલ્લત رحمۃاللہ علیہના મોકા઼ પર મુલાકા઼ત થઈ એ વખતે બંદાઝાદે અઝીઝી (મુફતી મુજાહિદ હુસૈન હબીબી તથા મુબશ્શિર હુસૈન હબીબી) પણ સાથે હતા તેમની હઝરતથી મુલાકાત કરાવી અને દુઆઓની દરખાસ્ત કરી, તો શફક઼તથી (હેત પૂર્વક) માથા પર હાથ રાખીને દુઆ ફર્માવી, નામ પૂછયું. નામ સાંભળીને ખુશી પ્રદર્શિત કરી અને અઝીઝી મુફતી મુજાહિદ હુસૈન હબીબીના સંબંધે દુઆ ફર્માવી કે અલ્લાહ તઆલા એમને ઈસ્મે બામુસમ્મા (નામ તેવા ગુણવાળા) બનાવે અને તેમને વધુથી વધુ દીનો સુન્નિયત, આ'લા હઝરત તથા મુજાહિદે મિલ્લતના મિશનને ફેલાવવાનો મોકા઼ અતા ફર્માવે.

એકવાર બંગલા બસ્તી, મેટિયા બુર્જમાં જીલાનીમાં આવેલા હતા. જ્યારે હું હાજર થયો તો વુઝૂ કરી રહ્યા હતા. એ વખતે આંખોમાં ચશ્મો ન હતો પણ અવાજથી ઓળખી ગયા. ત્યારબાદ સંસ્થાકીય બાબતોમાં લાભદાયી મશ્વરાઓથી નવાઝયો. લગભગ ૧૫ વરસો પહેલાં ખુર્શિદ આલમ રઝવીના દૌલતખાનામાં મુલાક઼ાત થઈ હતી તો શિકાયતી લહેજામાં ફર્માવ્યું, મુદ્દષ્ષિર ભાઈ ! આપની સાથે મુલાકાત નથી થતી. અર્ઝ કરી, હુઝૂર ! શું કરું ! લોકો ખબર પડવા નથી દેતા કે ક્યારે તશરીફ લાવશો, ક્યાં ક઼યામ (રોકાણ) હશે. છતાં જાણ મુજબ ક્યાંક પહોંચુ છું તો જાણવા મળે છે કે હઝરત તશરીફ લાવ્યા હતા પણ અત્યારે એમને બીજી જગાએ લઈ ગયા છે, ખબર નહીં ક્યાં તશરીફ લઈ ગયા ! અને ક્યારે તશરીફ લાવશે. જલસાના સ્ટેજ પર પહોંચુ છું તો જાણવા મળે છે કે મોડી રાતે તશરીફ લાવશે ! તો ભલા આવામાં કેવી રીતે મુલાક઼ાત થઈ શકે છે ?! ફર્માવ્યું, તમારો નંબર મને આપી દો, હું પોતે જ તમને બોલાવી લઈશ. સારાંશ એ કે વખાણ કર્તાઓની ભીડ અને મામૂલાત તથા વ્યસ્તતા અને તંદુરસ્તીની ખરાબી છતાં પણ યાદ શક્તિ ઈર્ષા ઉપજાવે તેવી હતી, અને પોતાનાઓને સારી રીતે ઓળખતા હતા. અફસોસ શરીઅત તથા તરીક઼તનો આ સૂરજ પોતાના ચાહનારાઓને રડતા ધ્રુસ્કાં લેતા છોડીને ખુદાને પ્યારો થઈ ગયો. اِنَّا لِلّٰہِ وَ اِنَّا اِلَیْہِ رَاجِعُوْنَ.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, સપ્ટે. ૨૦૧૮)*

Web.:www.barkatehwaja.net

## તાજુશ્શરીઅહના વિસાલ પર ઈસ્લામી જગત શોકમાં ડૂબ્યુ !

**અઝ : મૌલાના અબ્દુલ મુબીન નોઅમાની (ચિરૈયાકોટ)**

**અનુવાદક : મૌલાના અબ્દુર્રહમાન દાઊદ નક્શબંદી પારખેતી**

*(મુતઅલ્લિમ : જામિઆ અશ્રફિયા–મુબારકપુર)*

તા. ૨૦ જુલાઈ, ૨૦૧૮ જુમ્આના દિવસે ૬, ઝિલ્કાદા હિ.સ. ૧૪૩૯ મગરિબ પહેલાં આ'લા હઝરત ઈમામ અહમદ રઝાના ખાનદાનના મહાન વ્યક્તિ, જાનશીને મુફતીએ આ'ઝમ, કાઝિયુલ કુઝાત ફિલ હિન્દ (ચીફ કાઝી) તાજુશ્શરીઅહ હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ અખ્તર રઝા કાદરી અઝહરી ફાની દુનિયાથી હમેશાંની દુનિયા તરફ કૂચ કરી ગયા. اِنَّا لِلّٰهِ وَ اِنَّا اِلَیْهِ رَاجِعُوْنَ

*વો ક્યા ગએ કે સારા ઝમાના ઉદાસ હૈ !*

હઝરત વર્તમાનકાળમાં ફિકહ અને ફત્વામાં આ'લા હઝરતની યાદગાર અને તકવા પરહેઝગારીમાં મુફતીએ આ'ઝમે હિંદના પ્રતિબિંબ હતા. એકલા આખી જમાઅતે એહલે સુન્નતનુ કેન્દ્ર હતા, પીરે તરીકત એવા હતા કે આખા ભારતમાં જેમનું દષ્ટાંત નથી, ફિકહી મુદ્દાઓ પર પૂર્ણ નિપૂર્ણતા હતી, અઢળક ફિકહી મુદ્દાઓ મોઢે હતા. આપના વિસાલથી ફક્ત બરેલી નહીં, ફક્ત હિંદો–પાક નહીં બલ્કે આખુ ઈસ્લામી જગત સોગ તથા શોકમાં ડૂબલુ છે. મુરીદો તથા ચાહકો અને ખલીફાઓ તથા અનુયાયીઓ, આ'લા હઝરતના આશિકો અને એહલે સુન્નતના ચાહકો શોકની ઊંડી લહેરોમાં ડૂબેલા છે. બધા ફિકરમાં છે કે હવે આપણા દુખોનો સહારો કોણ બનશે, શરીઅતો તરીકતની રાહમાં આપણુ માર્ગદર્શન કોણ કરશે. અલ્લાહ તઆલા જ પોતાની ફઝ્લથી તેમની કમી પૂરી ફર્માવે. (આમીન)

આમ તો બધા સુન્નીઓ દુઃખી છે પણ તેમના માનનીય ખલીફા તથા

Web : www.barkatekhwaja.net

સાહબઝાદા હઝરત મૌલાના અસ્જદ રઝા ક઼ાદરી અને કુટુંબની બીજી વ્યક્તિઓ પર જે શોકનો પહાડ તૂટયો છે, તેને તો તેઓ જ મેહસૂસ કરી શકે છે. અલ્લાહ તઆલા સૌને સબ્રની તૌફીક઼ આપે અને તેમની રૂહાની બરકતોથી આપણને માલામાલ કરે.

હુઝૂર તાજુશ્શરીઅહનો જન્મ ૨૬ મુહર્રમ હિ.સ. ૧૩૬૨/૨, ફેબ્રુઆરી ઈ.સ. ૧૯૪૩ મંગળવારના દિવસે થયો. આ રીતે હિ.સ. પ્રમાણે જીવનની ૭૭ બહારો જોઈ, અને ઈ.સ.ના હિસાબે પંચોતેર વર્ષ થયાં. શરૂઆતની તાલીમ પિતા હઝરત અલ્લામા શાહ ઈબ્રાહીમ રઝા જીલાની મિયાં, (હુજ્જતુલ ઈસ્લામ મૌલાના હામિદ રઝા ખાનના પુત્ર) પાસેથી લીધી. પછી દારૂલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામ બરેલી શરીફના ઉસ્તાદો પાસેથી આલિમ કલાસમાં નિપૂણતા મેળવી. ત્યારબાદ જામિઅતુલ અઝહર કાહેરા (Cairo) મિસ્ર (Egypt) ગયા અને ત્યાંના ઉસ્તાદો પાસેથી તાલીમ હાંસલ કરી ઈ.સ. ૧૯૬૬માં એ ગ્રેડની સનદ સાથે પરત ફર્યા.

આપના ઉસ્તાદોમાં આ હઝરતોને વર્ણન કરવા જેવા છે :–

(૧) સરકાર મુફતીએ આ'ઝમે હિંદ અલ્લામા શાહ મુસ્તફા રઝા નૂરી رحمۃ اللہ علیہ

(૨) પિતાજી મુફસ્સિરે આ'ઝમ હઝરત અલ્લામા ઈબ્રાહીમ રઝા જીલાની મિયાં رحمۃ اللہ علیہ

(૩) બહરુલ ઉલૂમ મુફતી સૈયદ મુહમ્મદ અફઝલ હુસૈન મૂંગેરી رحمۃ اللہ علیہ ઉસ્તાદ મન્ઝરે ઈસ્લામ

(૪) રૈહાને મિલ્લત મૌલાના રૈહાન રઝાખાન رحمۃ اللہ علیہ (મોટા ભાઈ)

(૫) મૌલાના મુફતી હાફેઝ જહાંગીર અહમદ ખાન ફતેહપૂરી

(૬) મૌલાના બિલાલ અહમદ પૂર્નવી رحمۃ اللہ علیہ

હું પોતાની સંસ્થાઓ, દારુલ ઉલૂમ ક઼ાદરિય્યા ચિરય્યાકોટ, અલ મજમઉલ્ ઈસ્લામી–મુબારકપુર આઝમગઢ અને મર્કઝે ઈશાઅતે કન્ઝુલ ઈમાન નિશાને અખ્તર–મુંબઈ તથા તેના સ્થાપક અલ્હાજ ઈમરાન દાદાણી

રઝવી તરફથી સહકુટુંબ બધાને તસલ્લી તથા શાંતિના શબ્દો પેશ કરું છું, જો કે પોતેય શોકમાં ડૂબેલો છું.

લેખન તથા સંપાદનના મેદાનમાં પણ તેમણે ઘણા વિખ્યાત કારનામાં કર્યાં છે.

★ સહીહ બુખારી શરીફ પર અરબી ભાષામાં ટૂંકી સમજૂતી લખી છે, જે મજલિસે બરકાત અલ્ જામિઅતુલ અશ્રફિયા–મુબારકપુરથી હઝરતની પરવાનગી બાદ પ્રકાશિત થઈ છે.

★ ઈમામ બૂસૈરી رحمۃ اللہ علیہના પ્રસિધ્ધ કસીદા "બુર્દા"ની અરબી ભાષામાં શરહ "અલ્ ફરઈ"ના નામે લખી, જે રઝા એકેડમી મુંબઈથી છપાઈ ચૂકી છે.

★ અલ્લામા ફઝ્લે રસૂલ બદાયૂનીની પ્રખ્યાત કિતાબ المعتقد المنتقدનો ઉર્દૂ ભાષામાં શાનદાર અનુવાદ કર્યો, જે જામિઅતુર્રઝા, બરેલી શરીફથી પ્રકાશિત થયો છે.

★ "ફતાવા અઝહરીય્યહ"ના નામથી આપના ફતાવા બે ભાગોમાં છપાઈ ચૂક્યા છે, બીજા ભાગો પર કામ ચાલુ છે.

★ "શરહે હદીષે નિય્યત"ના નામથી انما الاعمال بلنيات ની બહુ સારી સમજૂતી લખી છે.

★ "દિફાએ કન્ઝુલ ઈમાન" નામથી કુર્આન શરીફના અનુવાદ કન્ઝુલ ઈમાન પર ઉઠાવવામાં આવેલા વાંધાઓનો ઈલ્મી તથા તેહકીકી જવાબ લખ્યો, આ કિતાબ પણ પ્રકાશિત થઈ ચૂકી છે.

★ ફિકહે હનફીના મહાન ઈન્સાયકલો પિડિયા "ફતાવા રઝવિય્યહ"ના કેટલાય ભાગોનો અરબી અનુવાદ કર્યો, જે (અત્યાર સુધી) છપાયો નથી.

★ "આષારે કયામત" (કયામતની નિશાનીઓ)ના નામથી પણ આપની એક કિતાબ છે. *(જે દયાદરાથી ગુજરાતી છપાઈ ચૂકી છે. –તંત્રી)*

★ તારીખે હિજરત ★ સુનો, ચુપ રહો ★ ટાઈ કા મસ્અલા ★ અશ્શોહદા.

Web: www.barkatekhwaja.net

આ સિવાય અરબી ભાષામાં લગભગ દસ કિતાબો છે :–

**(૧)** અલ્ હક્કુલ મુબીન. **(૨)** અસ્સહાબતુ નુજૂમુલ ઈહતેદા **(૩)** શરહુ હદીષિલ ઈખ્લાસ. **(૪)** નબ્ઝતુમ્મીન હયાતિલ્ ઈમામ અહમદ રઝા. **(૫)** સદુલ મશારેઅ **(૬)** હાશિયતુ અસ્સીદતિશ્શીદહ શરહુલ કસીદતિલ બુર્દા **(૭)** તહકીક્ અન્ન અબ સૈયિદિના ઈબ્રાહીમ તારૂખ લા આઝર. **(૮)** મિર્અતુન્નજદિય્યહ બિજવાબી અલ્ બરેલ્વિય્યહ (બે ભાગ) **(૯)** નિહાયતુઝ્ઝૈન ફી તહકીકી યૌમિલ ઈષ્નૈન. **(૧૦)** અન્વારૂલ મનાન ફી તૌહીદિલ્ કુર્આનનો ઉર્દૂ અનુવાદ **(૧૧)** અઝ્ઝુલાલુલ અન્કાનો ઉર્દૂ અનુવાદ, આ'લા હઝરતની કિતાબોના અરબી અનુવાદ **(૧૨)** બર્કાતુલ્ ઈમ્દાદ લિ અહલિલ્ ઈસ્તિમદાદ **(૧૩)** ફિક્હે શહેન્શાહ **(૧૪)** અતાયા અલ કદીર ફી હુકમિત્તસ્વીર **(૧૫)** ઈહલાકુલ વહાબિય્યીન અલા તૌહિની કુબૂરિલ મુસ્લેમીન **(૧૬)** તૌસીરુલ માઉન બિ–સુકુનીન ફિત્નાઉન **(૧૭)** શુમૂલુલ્ ઈસ્લામ લિ ઉસૂલિર્રસૂલિલ્ કિરામ. **(૧૮)** કવારિઉલ્ કહ્હાર ફી રદ્દિલ મુજસ્સિમતિલ ફુજ્જાર. **(૧૯)** અલ્ હાદુલ્ કાફ ફી હુકમિઝ્ઝિઆફ. **(૨૦)** અલ અમ્ન વલ્ ઉલા બિ નાઈતિલ્ મુસ્તફ બિદાફિઈલ બલા. **(૨૧)** સુબ્હાનસ્સુબ્બૂહ અન્ ઐબી કિઝ્બિમ્મકબૂહ. **(૨૨)** હાજિઝુલ બહરૈન અલ્વાકી અન્ જમઈસ્સલાતૈન.

આ રીતે અરબીમાં લગભગ ૯ કિતાબો છે. વધુ બે કિતાબો અરબીથી ઉર્દૂ અનુવાદ રૂપે છપાયેલી છે. લગભગ અગ્યાર કિતાબો તે છે, જેનો ઈમામ અહમદ રઝાની ઉર્દૂ કિતાબોથી અરબીમાં અનુવાદ કરવામાં આવ્યો છે. લગભગ પચાસ કિતાબો હુઝૂર તાજુશ્શરીઅહના સોનેરી કલમથી લખવામાં આવી, જેમાંથી વધુ પડતી પ્રકાશિત છે. (તેમના) પુસ્તકો પર (અલગથી) સંશોધન રૂપી લેખની જરૂર છે.

તેમના કલમમાં ઈસ્લામી ફકીહ (મસાઈલ નિષ્ણાત) આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના ફિક્હ તથા ફત્વાની ઝલક નજર આવે છે. જરૂરત એ વાતની છે કે તેમની કિતાબો વધુથી વધુ સારા રૂપમાં રીસર્ચ અને સુધારણા સાથે પ્રકાશિત કરવામાં આવે. અંગ્રેજીમાં પણ હુઝૂર

તાજુશ્શરીઅહ નિપૂણ હતા, અરબી અને ઉર્દૂ જેમ અંગ્રેજીમાં વગર તકલીફે વાતચી ત કરતા. અમુક લખાણો અને ફત્વા અંગ્રેજી ભાષામાં પણ છે.

તેમના મુરીદોની સંખ્યા લાખોમાં છે, જે આખા જગતમાં ફેલાયેલા છે. અરબ દેશોમાં પણ તેમના સિલસિલા સાથે જોડાયેલા લોકો મળે છે અને ઈંગ્લિશ દેશોમાં પણ. તે જ રીતે તેમના ખલીફા ઈન્ડિયા–પાકિસ્તાન ઉપરાંત અન્ય દેશોમાં પણ છે. તેમની સંખ્યા પણ ઘણી છે. આ રીતે તે સિલસિલા આલિયા ક઼ાદરિય્યાહ બરકાતિયાના આખા જગતમાં સૌથી મોટા પીર હતા. તેમના જનાઝામાં લાખોની સંખ્યામાં અક઼ીદતમંદોએ હાજરી આપી. બરેલી શરીફની બધી ગલીઓ, રોડ અને મેદાનો ભરાયેલાં હતાં, અમુક લોકોએ જનાઝામાં હાજર થનારાઓની સંખ્યા લાખો સુધી જણાવી છે. પણ આ વાત હક઼ીક઼તની રોશનીમાં આવી ગઈ છે કે ભારતના ઈતિહાસમાં મુસલમાનોની આટલી મોટી સંખ્યા કોઈ જનાઝામાં અત્યાર સુધી જોવા કે સાંભળવામાં નથી આવી.

અક઼ીદતમંદોની આટલી મોટી ભીડનું ઘડીભરમાં ભારતના વિભિન્ન ભાગો અને બીજા દેશોથી ઉમટી પડવું અને હજાર જાતની સફરની તકલીફ વેઠવું, ખરેખર આ હુઝૂર તાજુશ્શરીઅહ્‌ની અલ્લાહની બારગાહમાં ક઼બૂલિયતની બહુ મોટી દલીલ છે. આને ખરેખર તાજુશ્શરીઅહ્‌ની કરામત પણ કહી શકાય છે. લોકોમાં તેમની લોકપ્રિયતાનો અંદાજો આનાથી પણ લગાડી શકાય છે કે તેમના વિસાલ પર એ લોકોએ પણ શોક વ્યક્ત કર્યો, અને ખુલ્લા દિલથી તેમની મહાનતા માન્ય રાખી, જેમને તેમના જીવનમાં કોઈ પ્રકારનો કાંઈક વિવાદ હતો અથવા તેમના દિલોમાં કાંઈક ખટક હતી. આશ્ચર્યજનક અને અતિ આશ્ચર્યજનક વાત એ પણ છે કે તેમના વિસાલ બાદ ગેર સુન્ની લોકોએ પણ તા'ઝિયતી પ્રોગ્રામ કર્યા અને કુર્આનખ્વાની રાખી ત્યાં સુધી કે બરેલી શરીફના હિંદુઓએ પણ આપના વિસાલ પર શોક વ્યક્ત કર્યો અને જનાઝામાં આવનારા શ્રદ્ધાળુઓ માટે પોતાના દિલના દરવાજા ખુલ્લા રાખ્યા બલ્કે તેમના રહેઠાણ અને જમવાની પણ અમુક લોકોએ વ્યવસ્થા કરી. આ લોકપ્રિયતા અને દિલો પર આવુ રાજ ખરેખર

તેમને અલ્લાહ તઆલા તરફથી મળ્યું હતું. એમ સમજો કે તેમને સરકારે ગ઼ૌષે આ'ઝમ رضی اللہ عنہની લોકપ્રિયતાનો એક મોટો ભાગ મળ્યો હતો. આને જોતાં તેમને નાઈબે ગ઼ૌષે આ'ઝમ પણ કહેવામાં આવે તો અયોગ્ય નથી.

કુર્આને પાકથી સાબિત છે કે અલ્લાહ તઆલા પોતાના તે બંદાઓને જેઓ આમાલે સાલેહા, શરીઅત પર ઈસ્તેકામત (અડગતા), દીનમાં મજબૂતી અને મઝહબે હક્ક઼ની તરફ દા'વત આપવામાં પોતાનું જીવન પસાર કરે છે, તેમને ધરતી પર લોક પ્રિયતાની દોલત આપે છે. ખરેખર હુઝૂર તાજુશ્શરીઅહ પણ અલ્લાહના નેક અને પ્યારા બંદાઓમાંથી હતા.

વિસાલ બાદ હુઝૂર તાજુશ્શરીઅહ્‌ને જે લોકપ્રિયતા મળી છે તેનો અંદાજો પણ ન હતો. ખરેખર આ લોકપ્રિયતા ઈત્તેહાદે એહલે સુન્નતનું ચિન્હ છે. આજે તમામ ખાનક઼ાહો અને તન્ઝીમો ઉદાસ છે અને એહલે સુન્નતના મદ્રસાઓ દુઃખી છે. હવે આપણે જોઈએ કે આ ઈત્તેહાદથી ફાયદો ઉઠાવીએ, આ ઈત્તેહાદને તૂટવા ન દઈએ. નાની નાની વાતોને લઈને એકબીજા વચ્ચે ફૂટ નાખવાનું કામ હવે આપણે બંધ કરી દેવું જોઈએ. તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ એક મોટી તાક઼ત હતા, હવે આપણે કમજોર થઈ ગયા છીએ, આપણે ઈત્તેહાદની શક્તિથી કામ લેવું જોઈએ. તાજુશ્શરીઅહ જેવી શખ્સિયત હવે સરળતાથી નથી મળવાની. હુઝૂર તાજુશ્શરીઅહ ખરેખર શરીઅતની તલ્વાર હતા, શરીઅતનું પ્રભુત્વ તેમના જીવનનો હેતુ હતો, દીનમાં મજબૂતી તેમની નિશાની હતી, સાથોસાથ જ તે પોતાના (સુન્ની) લોકો પર ઘણા મહેરબાન પણ હતા, સારા અખ્લાક઼નો નમૂના હતા, ફિક઼્હ અને ફત્વાની બારીકીઓ જાણતા હતા. મૂળભૂત વિવાદ અને ઉપર ઉપરના વિવાદનો તફાવત મહેસૂસ કરતા હતા. અંધાધુંધ ફત્વા લગાડતા ન હતા, હા! કોઈએ ખોટા બયાન દ્વારા કોઈ હક઼ીક઼ત વિરુદ્ધ સવાલ મોકલી કોઈ ફત્વો પૂછી લીધો તો તેનો જવાબદાર સવાલ કરનાર પોતે છે. હુઝૂર તાજુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہનું જીવન આપણા માટે નમૂનો છે.

***અબ્રે રહ્‌મત ઉન કે મર્કદ પર ગોહરબારી કરે***
***હશ્ર તક શાને કરીમી નાઝ બર્દારી કરે***

*–(માહનામા : સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ, સપ્ટે. ૨૦૧૮)*

Web: www.barkatekhwaja.net

# હુઝૂર તાજુશ્શરીઅહકા વિસાલ ઉમ્મતે મુસ્લિમાકી હયાતકા ઈસ્તેઆરા

**અઝ : મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા કમરુઝ્ઝમાખાં આઝમી**
(સેક્રેટરી : વર્લ્ડ ઈસ્લામિક મિશન–યુ.કે.)

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

ઉલમાએ મિલ્લતે ઈસ્લામિયહ, હાઝરીને મજલિસ ! અસ્સલામુ અલૈકુમ વ રહમતુલ્લાહિ વ બરકાતુહ. મેરે લિયે બહુત મુશ્કિલ હૈ કે ઈસ વક્ત કોઈ ખિતાબ કર સકું. હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہકા વિસાલ હુવા તો અલ્લામા ખુશ્તર સાહબ رحمۃ اللہ علیہ મૌજૂદ થે જિનકે કાંધે પર સર રખકર...... ચૂં કે આજ વો બુઝુર્ગ નહીં હૈ કે મૈં ઉનસે અપને દર્દકા ઈઝહાર કર સકું. બિલા શુબ્હા જુમ્આકી શામકો જબ સૂરજ ડૂબનેવાલા થા તો એક અઝીમ આફતાબ જલ્વાગર હો રહા થા ઔર વો હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہકા વિસાલ હૈ. સરકાર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہકી હયાતે તયબહમેં હમ લોગ કહા કરતે થે કે ઉનકે બાદ ક્યા હોગા ? લેકિન આપને દેખા કે ઉનકે બાદ ઉનકે સહીહ જાનશીન હુઝૂર તાજુશ્શરીઅહ જલ્વાગર હુએ. ઉન્હોંને વો તમામ ઉમ્મીદેં પૂરી કીં જો ઉમ્મતસે વાબસ્તા થીં. આજ ભી યહ સોચા જા રહા હૈ, મગર મુઝે યકીન હૈ કે આ'લા હઝરતકી કરામત, મુફતીએ આ'ઝમકી નઝર, હુજ્જતુલ ઈસ્લામકા કરમ (رحمۃ اللہ علیہم اجمعین), બરેલી શરીફસે ફિર કોઈ તાજુશ્શરીઅહ પૈદા હોગા ઔર ઈન્શાઅલ્લાહ ! હમ અપની ઝિંદગીમેં દેખેંગે. આપ પરેશાન ન હોં, બરેલી શરીફ કભી ખાલી નહીં હોગા. વો મર્કઝ હૈ હમારા, મર્કઝે અકીદત ભી હૈ, મર્કઝે ફિક્ર ભી હૈ, મર્કઝે તાલીમ ભી હૈ ઔર મહવર (ધરી) હૈ હમારે ઈમાન કા.

હઝરાતે ગિરામી બહોત મશ્હૂર હદીષે પાક આપને બારહા સમાઅત ફર્માઈ હોગી : ''જિસને મેરી સુન્નત પર ફસાદે ઉમ્મતકે વક્ત તમસ્સુક

કિયા (મજબૂતીથી અમલ કર્યો) ઉસકો સો શહીદોંકા ષવાબ હે.'' યહ શહીદોંકા ષવાબ ક્યૂં દિયા જા રહા હે ? શહીદ વો હોતા હે જો યા તો ઈસ્લામી મુલ્કકી સરહદોંકી હિફાઝત કરતા હે યા ઈસ્લામી ઈફકાર વ રિવાયત કી, ઔર મુહક્કિક્ વો હોતા હે જો ઈસ્લામી અક્ાઈદ ઔર મઅમૂલાત કી (હિફાઝત કરતા હે). ઈસ લિએ એક સુન્નતકા અહ્યા કરનેવાલા (એક સુન્નતને જીવંત કરનાર) સો શહીદોં કે બરાબર ષવાબ હાસિલ કરતા હે. હૂઝૂર તાજુશ્શરીઅહને ન સિર્ફ સુન્નતોંકા અહ્યા ફર્માયા (જીવંત કરી) બલ્કે રિવાજ દિયા હે, ઈસ લિએ ઉનકો કિતને શહીદોંકા ષવાબ મિલેગા, આપ અંદાઝા નહીં કર સકતે. શહીદ ઝિંદા રહ્યા હે વો ભી ઝિંદા રહેંગે.

મૈંને સરકાર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ કે આખરી ઐયામ દેખે હૈં. બીમાર થે તો ઉનકી ઝબાન પર કરાહ નહીં થી. ઉનકી ઝબાન પર અલ્લાહ અલ્લાહ થા ઔર યહી કૈફિયત હુઝૂર તાજુશ્શરીઅહકી થી. હર એતબારસે વો સહીહ જાનશીન થે. જાનશીને મુફતીએ આ'ઝમ બળી અઝીમ શખ્સિયત થે. ફક઼ીહ ઈબ્ને ફક઼ીહ ઈબ્ને ફક઼ીહ ઈબ્ને ફક઼ીહે આ'ઝમ થે. યઅની ઈતને સિલસિલે હૈં અઝમતોં કે જિનકા એહાતા કરના, ઉનકા ઝિક્ર કરના ઈસ મુખ્તસર સી મજલિસમેં મુમ્કિન નહીં હે. યહાં ચંદ બાતેં અર્ઝ કરના ચાહુંગા. હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદકે વિસાલસે પહલે દેવબંદમેં જશ્ને સદસાલા મનાયા ગયા થા ઔર બેશુમાર લોગ શરીક હુએ. હિંદુસ્તાન પર એક અષર થા કે ક્યા અહલે સુન્નત ભી ઈતના બળા ઈજતેમા કર સકતે હૈં ? મગર સરકાર મુફતીએ આ'ઝમે હિંદકે વિસાલ ઔર ઉનકે જનાઝેમેં ઈતને અફરાદ શરીક હુએ કે વો સારે ઈજતેમાઆત પીછે ચલે ગયે !

આજ ઉમ્મતે મુસ્લિમાકા જો હાલ હે હિંદુસ્તાનમેં, જિતને મસાઈલ વ મુશ્કિલાત હૈં ઉનમેં ઈતના બળા ઈજતેમા એક મક઼ામ પર નામુમ્કિનાતમેંસે થા, મગર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہકે વિસાલને એક મર્તબા ફિર ઉમ્મતે મુસ્લિમાકો ઝિંદગી દે દી હે, જુરઅત (હિંમત) ઔર હયાત દે દી હે. આજ પૂરી દુન્યા ઉન દસ મિલિયન અફરાદ કો દેખ રહી હે ઔર કહ રહી હે કે

એક ફર્દ કે (વ્યક્તિકે) નામ પર અગર ઉમ્મતે મુસ્લિમા ઈસ તરહ જમા હો સકતી હૈ તો ખ્વાજાએ આ'ઝમ કે નામ પર ઉસે જમા કરના કિતના આસાન હોગા.

અઝીઝાને મિલ્લતે ઈસ્લામિયા ! ઉન્હોંને હમેં હયાતે તાઝા બખ્શી હૈ, જુરઅત બખ્શી હૈ, હૌસલા બખ્શા હૈ ઔર હિંદુસ્તાની મુસલમાનોંકો દોબારા ઉભરને કી જુર્અત અતા ફર્માઈ હૈ.

અઝીઝાને મિલ્લતે ઈસ્લામિયહ ! વિસાલ આમ તૌર પર કિસીકે જાનેકા નામ હોતા હૈ મગર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ કા વિસાલ ઉમ્મતે મુસ્લિમાકી હયાતકા નામ હૈ, ઝિંદગીકા નામ હૈ. એક નઈ બેદારીકા નામ હૈ, એક નયે ઈન્કિ઼લાબકા નામ હૈ, આજ દુન્યા દેખ રહી હૈ કે એક શખ્સિયતકે એહતેરામમેં અગર કઈ લાખ અફરાદ જમા હો સકતે હૈં, એક કરોળ અફરાદ ! તો યહી ઉમ્મતે મુસ્લિમા અગર કભી જમા હો જાએ બાતિલકે મુક઼ાબલેમેં તો તમામ બાતિલ કુવ્વતેં સર ખમીદા હો જાએંગી ! યહ અઝીમ કારનામા અંજામ દિયા હૈ હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ ને અપને વિસાલસે.

અઝીઝાને મિલ્લતે ઈસ્લામિયા ! મૈં ઉન્હેં અપને ઓહદે શબાબસે જાનતા હૂં. મૈં ઈસ મેહફિલમેં કમ અઝ કમ ઈસ સઆદતકા હામિલ હૂં કે ઝમાનાએ તાલિબે ઈલ્મીસે લેકર આખરી ઐયામ તક મૈંને ઉન્કા મુશાહેદા કિયા હૈ, દેખા ભી હૈ. ઉનકા બચપના દેખા હૈ, તાલિબે ઈલ્મીકા ઝમાના દેખા હૈ. તીન સાલ મુઝસે બળે થે, લેકિન વો બહોત બળે થે ! યહ તો પયમાને હૈં વરના કહાં વો ઔર કહાં મૈં ?! બહુત અઝીમ થે વો ! રુખસત હો ગએ હે મગર એક ઝિંદગી દે ગયે હૈં અપની ક઼ૌમકો, અહલે સુન્નતકો, ઉમ્મતે મુસ્લિમા કો. ઔર એક બાત શાયદ આપને મેહસૂસ નહીં કી હોગી, બહોતસે લોગ ખાનકાહોં કે એતબારસે, મુખ્તલિફ ઈદારોંકે એતબારસે ઈખ્તિલાફાતકી બાત કરતે થે, ઔર યહ કહતે થે કે હિંદુસ્તાન કે સુન્ની મુન્તશિર હો ગયે હૈં અબ મુત્તફિક઼ નહીં હો પાએંગે. ઉનકો મુત્તહિદ કરના બળા મુશ્કિલ કામ હૈ. મગર હઝરત કે જનાઝેને ઈસ ખયાલકો ગલત સાબિત કર દિયા. બરેલી ભી થા વહાં, મારહરા શરીફ થા, કછોછા મુક઼દસા ભી

થા, બદાયૂં ભી હાઝિર થા, આજ નાગપુર ભી થા, આજ પીલીભીત ભી થા. આજ સભી થે બલ્કે પૂરા આલમે ઈસ્લામ થા, પૂરા આલમે સુન્નિયત થા ! વો હમેં મુત્તહિદ કર ગએ હૈં. હમ ઈત્તેહાદ ચાહતે થે ઔર મુઝે ઉમ્મીદ હે કે ઈન્શાઅલ્લાહ ! ઉનકા બખ્શા હુવા ઈત્તેહાદ ક઼ાઈમ રહેગા.

હમ એક ઝિંદા ક઼ૌમ એક મુતસલ્લિબ ક઼ૌમકી બુન્યાદ પર ક઼ાઈમ રહેંગે. યાદ રખિયે ! મૈં અકષર કહા કરતા હૂં અપને પ્રોગ્રામમેં કે ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝાકે મસ્લકસે અક઼ીદે કે મામલેમેં એક ઈંચ ભી ઈન્હેરાફ કરનેવાલે (દૂર હટનેવાલા) કહાં જા કે ડૂબેલા ઔર મરેગા યહ કોઈ નહીં જાનતા. જિતને મુન્હરિફૈન (વિમુખ થનારા) હૈં આપ ઉન્હેં દેખ લિજીએ કોઈ દુન્યામેં પૂછનેવાલા નહીં હે ! સિયાસતકે મેદાનમેં ઝલીલ કર દિયે ગયે, મઝહબકે મેદાનમેં કોઈ ઉન્હેં પૂછનેવાલા નહીં હે. ઉન્હોંને આ'લા હઝરતસે ઈન્હેરાફ કિયા થા, બરાબરીકા દાવા કિયા થા, યહ સમઝા થા કે શાયદ હમ ભી ઈમામે અહલે સુન્નત બન સકેંગે ! આ'લા હઝરત બન સકેંગે ! આજ ઉન્હેં કોઈ પૂછનેવાલા નહીં હે. ઉન્કી ઈલ્મી હૈષિયતકો ક઼ૌમને ક઼દમોં કે નીચે રોંદ દિયા હે. યહી હાલ ઉન લોગોંકા ભી હુવા જિન્હોંને ઉનસે ઈખ્તિલાફ કિયા.

પૂરી એક સદી કે બારેમેં બતા સકતા હૂં મૈં કે જિન જિન લોગોંને મસ્લકે આ'લા હઝરતસે ઈખ્તેલાફ કિયા હૈ વો યક઼ીની તૌર પર મન્ઝર સે ગાઈબ કર દિયે ગયે હૈં, મન્ઝર સે હટા દિયે ગયે હૈં. ઉનકે મસ્લક પર ક઼ાઈમ રહના ખુદ અપની હયાત કી અલામત (નિશાની) હે, મિલ્લત (ક઼ૌમ) કી હયાતકી અલામત હે.

અઝીઝાને મિલ્લતે ઈસ્લામિયહ ! યાદ રખિયે ! દો તબક઼ે હમેશા રહે હૈં. ફુક઼હાકે દરમિયાનમેં ઔર ઉલમાકે દરમિયાનમેં. અરબાબે રુખસત ઔર અરબાબે અઝીમત. ઔર હમ અરબાબે રુખસત કે બારેમેં કોઈ ખરાબ ખયાલ નહીં રખતે, યહ ઝરૂરત ભી હે ઔર તક઼ાઝા ભી હે કે કહીં કહીં રુખસતોં પર ભી અમલ કિયા જાતા હે. મગર આપને સુના હોગા કે રુખસત બહોત ક઼રીબ હે હુર્મતકે. અગર રુખસત કે ક઼રીબ આદમી આયેગા તો

હુર્મતકે કરીબ ભી પહુંચ જાએગા. ઈસ લિએ આ'લા હઝરત હોં, હુજ્જતુલ ઈસ્લામ હોં, મુફતીએ આ'ઝમ હોં, મુફસ્સિરે આ'ઝમ હોં ઔર ફિર તાજુશ્શરીઅહ હોં, સબ અઝીમતોંકે કાઈલીન થે. રુખસતોં કે હવાલેસે એક લમ્હે કે લિયે ભી તૈયાર ન થે. શરઈ કાઉન્સિલકે જિતને ફૈસલે હૈં રુખસતોંકી બુન્યાદોં પર નહીં હૈં, વો સબ અઝીમતોં કી બુન્યાદ પર હૈં. વો અઝીમતોં કે કાઈલ થે. અઝીમતોં કે હવાલે સે મસ્લકકો હમેશા બુલંદો બાલા રખના ચાહતે થે. ઔર યહ તમામ કામ ઉન્હોંને કિયા હૈ. ફતાવાકી રોશનીમેં ભી, અપની તહરીરોંસે ભી, અપને કિરદારસે ભી ઔર અપને અમલસે ભી.

અઝીઝાને મિલ્લતે ઈસ્લામિયા ! આજ વો હમમેં નહીં હૈ મગર આજ દીવાનગીકા યહ આલમ હૈ કે મૈંને જબ સુના કે ઉન્કા વિસાલ હો ગયા હૈ તો મુઝે યકીન થા કે એક સૈલે રવાં હોગા (ઉન્કે જનાઝેમેં), એક અઝીમ સમંદર હોગા ઈન્સાનોંકા કે જિસકો બરેલીકી સરઝમીન અપને અંદર સમેટ ન સકેગી ઔર ફિર આપને અપની નિગાહોંસે દેખા, આપને ઉસકા મુશાહિદા કિયા.

અઝીઝાને મિલ્લતે ઈસ્લામિયા ! હુઝૂર સૈયદી તાજુશ્શરીઅહ રહમતુલ્લાહ અલૈહકા વિસાલ દર અસ્લ કૌમકી ઝિંદગી હૈ ઔર યકીનન ! અરબાબે અઝીમતકા વિસાલ એક નઈ કૌમકી અલામત ભી હોતા હૈ ઔર ઝિંદગી ભી હોતા હૈ. જિસ તરહસે આજ હમ ઉનકે જનાઝેમેં મુત્તહિદ હૈં, બેકરાર હૈં કે હર તબકાએ ફિક્કા સુન્ની મુસલમાન વહાં પહુંચા હૈ દીવાનાવાર, ઔર યહી દીવાનગી અગર બાકી રહી તો દુન્યામેં હમારે ઈત્તેહાદકો કોઈ પારા પારા નહીં કર સકતા. હિંદુસ્તાન નહીં, અરબો અજમ જમા હો ગયે હૈં ઉન્કી તઆઝિયતમેં. તઅઝિયત કી જાતી હૈ, કોઈ શખ્સ વિસાલ કર જાએ ઘરવાલોંકી તઅઝિયત કી જાતી હૈ. મૈને કલ ભી યહ પયગામ દિયા થા કે યકીની તૌર પર મૌલાના અસ્જદ રઝાસે તઅઝિયત કર રહે હૈં, મગર યાદ રહે કે સરકાર તાજુશ્શરીઅહકા વિસાલ યહ એક ખાનદાન કે લિયે તઅઝિયત નહીં હૈ બલ્કે પૂરી ઉમ્મતે મુસ્લિમાકે લિયે હૈ. આજ દુન્યા કે કરોળોં ઈન્સાન ગમઝદા હૈં, હમ સબકી બારગાહમેં તઅઝિયત પેશ કરતે હૈં ! અલ્લાહ તઆલા સબકો સબ્રે જમીલ અતા ફર્માએ ઔર મસ્લકે આ'લા હઝરત પર,

સુન્નિયત પર ઔર ઉનકે ફિક્હી મસ્લક પર કાઈમ રહકર ઈસ બાતકી તૌફીક્ અતા ફર્માએ કે હમ ઉન્કે મિશનકો આગે બળ્હાએં, **ઉનકી બારગાહમેં ખિરાજે એહતેરામ પેશ કરનેકા સબસે બેહતર તરીક્ા યહી હૈ કે સુન્નિયત પર તસલ્લુબ (મજબૂતી) ઈખ્તિયાર કરેં, કિસી હાલતમેં ભી અપને મસ્લક સે સરે મૂ ઈન્હેરાફ (બાલ બરાબર હટવાની) કોશિશ ન કી જાએ.** અલ્લાહ તઆલા ઉન્કે મરાતિબકો બુલંદ ફર્માએ ઔર બરેલીમેં ઉનકે અમ્ષાલ (ઉન્કે જૈસા) પેદા ફર્માએ. આમીન.

*(બયાન : ગૌષિયા મસ્જિદ, બોલ્ટન–યુ.કે.* ***Youtube*** *પરથી*
*ઉર્દૂ લખનાર : મૌલાના મુહમ્મદ અસ્લમ રઝા કાદરી અશ્ફાકી,*
*સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, ઓગસ્ટ–૨૦૧૮, મુંબઈ)*

## તાજે શરીઅત ચલ દીયે

❑ અઝ : રાણા હિદાયતહુસૈન કાદરી, રિઝવી (નાપાવાળા) ❑

શરીઅતો સુન્નત કા સૂરજ છોળ હમકો ચલ દિયા
અહલે સુન્નત કા મુહાફિઝ, તાજે શરીઅત ચલ દિયા

ગુલશને ઈલ્મે રઝા કા બાગબાં જાતા રહા
કાઝિયુલ કુઝાત હિંદુસ્તાનકા વો ચલ દિયા

જાનશીનીકા અદા હક્ક્ નાના દાદા કા કિયા
આ'લા હઝરત કે મિશન કો લહ લહકાર ચલ દિયા

જિસ્કે ફત્વે ઔર તક્વે કા રહા શૈદા જહાં
પૈકરે રૂશ્દો હિદાયત રબસે મિલને ચલ દિયા

ચેહરે પર આરાસ્તા થીં નૂર કી રૌશન કિરન
(અબ) તિશ્નએ દીદાર હમ કો છોળકર વો ચલ દિયા

ગૌષો ખ્વાજા ઔર રઝા કા આઈના અખ્તર રઝા
ઈલ્મે ફિક્હ કા સમંદર સાથ લેકર ચલ દિયા

યા ઈલાહી ઝૂમકર બરસે તેરા અબ્રે કરમ
તુર્બતે મુર્શિદ પે હરદમ, અબ વો હમસે ચલ દિયા

નાઝ કર લે અય 'હિદાયત' નિસ્બતે મુર્શિદ પે તૂ
કાદરી, બરકાતી, રિઝવી ફૈઝ દેકર ચલ દિયા

Web: www.barkatekhwaja.net

# અતાએ મુસ્તફા અખ્તર રઝા

**રજૂકર્તા : મૌલાના મુહમ્મદશાકિર અલી નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*
**અનુવાદક : હાફિઝ મુહમ્મદસજ્જાદ શબ્બીર અલી પટેલ**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)*

વારિષે ઉલૂમે આ'લા હઝરત, જાનશીને હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ તાજુશ્શરીઅહ અલ્લામા અખ્તર રઝાખાં અઝહરી عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانْનો વિસાલ સુન્ની જગતનું એક મહાન નુકસાન છે જેનું ભરપાઈ થવું જાહેરી રીતે જોતાં શક્ય નજર નથી આવતુ. બસ, અલ્લાહ عَزَّوَجَلَّ આક઼ાએ કરીમ ﷺના સદક઼ા તથા વસીલાથી ગૈબથી આપણને અહલે સુન્નતને મદદ ફર્માવે. હઝરતનો વિસાલ યક઼ીનન ! મૌતુલ આલિમ મૌતુલ આલમના સમાન છે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત હઝરતને જન્નતુલ ફિરદૌસમાં આ'લા મક઼ામ અતા ફર્માવે અને એમના દરજાઓ બુલંદ ફર્માવે. એમાં કોઈ શક નથી કે હઝરતના વિસાલથી તમામ અહલે સુન્નત અને ખાનવાદાવાળાઓને યક઼ીનન ! મહાન સદમો પહોંચ્યો છે. નાચીઝ લખનાર, મુફક્કિરે ઈસ્લામ ખતીબે આ'ઝમ હઝરત અલ્લામા ક઼મરુઝ્ઝમાંખાં આઝમી مد ظلہ العالی તથા અન્ય મુબલ્લિગો તથા અરાકીને સુન્ની દા'વતે ઈસ્લામી ખાનવાદાએ રઝવિય્યહના આ ગમમાં બરાબરના શરીક છીએ અને દુઆ કરીએ છીએ કે અલ્લાહ તઆલા સૌને સબ્રે જમીલ આપે. હઝરતની રહલત (વિદાય) કોઈ એક વ્યક્તિનું નુકસાન નથી પરંતુ આખી જમાઅતનું નુકસાન છે અને બધાના જ માટે ગમનો સબબ છે, કેમ કે હઝરતની શખ્સિયત સૌના માટે હતી અને આપ સૌના માટે નૂરનો મીનારો (દીવાદાંડી સમાન) હતા.

હઝરત તાજુશ્શરીઅહ વિના શંકાએ આ'લા હઝરતના ઈલ્મના વારિષ હતા. એના પર આપના ફત્વાઓ અને લગભગ ચાર ડર્ઝન કિતાબો તથા

પુસ્તિકાઓ ગવાહ છે. આપ હુઝૂર મુફતીએ આ'ઝમ અલ્લામા મુસ્તફા રઝા رحمۃ اللہ علیہના ઝુહદ તથા તક્વા અને સબ્ર તથા અઝીમતના સુંદર પ્રતિબિંબ પણ હતા. મોટા મોટા ઉલમા, ફુક્હા તથા મશાઈખે એઝામ આપનાથી મુલાકાત, દસ્તબોસી અને ફૈઝ હાંસલ કરવાને પોતાની ખુશનસીબી સમજતા હતા. ઈલ્મી તથા ફિક્રી ગહરાઈમાં તથા પકડમાં એમને ખુદા તરફથી એક ખાસ મહારત અર્પણ કરવામાં આવી હતી. આપની લખેલી નઅતો ઈશ્કે રસૂલની મોં બોલતી તસ્વીર છે. કેટલીક નઅતોને એટલી બધી મક્બૂલિયત હાંસલ થઈ કે લોકોની ઝબાનો પર ચઢી ગઈ. આજે જ્યાં જ્યાં પણ ઉર્દૂ બોલવાવાળા અને હુઝૂરથી મહોબ્બત કરવાવાળા મુસલમાન વસે છે ત્યાં આપની આ નઅતો ખૂબ જ શોખ, દીવાનગી તથા ખૂબ જ અક્રીદતમંદીથી પઢવામાં તથા સાંભળવામાં આવે છે. આ રીતે જોવામાં આવે તો આપ ઈલ્મ તથા ફઝ્લ, કરામત તથા સઆદતમાં આ'લા હઝરત ઈમામ અહમદ રઝા તથા હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہના હસીન ક્રમની કડી હતા. મારી દુઆ છે અલ્લાહ પાક આ સુહાના ક્રમને કાયમ સલામત રાખે.

સિલસિલાથી જોડાયેલા લોકો તથા મુરીદોની એ જવાબદારી છે કે તેઓ હઝરતના ઈસાલે સવાબ અને દરજાની બુલંદી માટે મજબૂત પાયાનાં તથા રચનાત્મક કામો કરે. હઝરતના નામ પર દીની તથા દુનિયવી સંસ્થાઓ ખોલવામાં આવે, ગરીબો તથા બીમારોના ઈલાજ માટે મફત ઈલાજની વ્યવસ્થા કરવામાં આવે અને તાલીમ હાંસલ કરવાવાળા ગરીબ બાળકોની ફી વગેરેની વ્યવસ્થા કરવામાં આવે. આપણે આ મોકા પર એ પણ દઢ નિશ્ચય કરવો પડશે કે આપણે નમાઝોની પાબંદીમાં કોઈ બેદરકારી નહીં કરીએ અને ન તો બંદાઓના હક્કો અદા કરવામાં કોઈ પ્રકારની કસર કરીશું.

હઝરત તાજુશ્શરીઅહના વિસાલની ખબર સાંભળી સુન્ની દા'વતે ઈસ્લામીના દેશના તેમજ બહાર દેશના તમામ તાલીમી તથા તર્બિયતી ઈદારાઓમાં તાલીમનો ક્રમ અટકાવીને કુર્આન ખ્વાની અને ઈસાલે સવાબનો એહતેમામ કરવામાં આવ્યો. મર્કઝી હફતાવારી સુન્ની દા'વતે ઈસ્લામીના ઈજતેમાને હઝરતને સંબંધિત કરીને કુર્આનખ્વાની કરવામાં આવી અને

હઝરતની જિંદગી તથા ખિદમતો પર સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગોનાં બયાનો પણ થયાં. ૨૯ જુલાઈ રવિવારના દિવસે ભીવંડી શહેરમાં "મદ્રસાએ ફૈઝાને તાજુશ્શરીઅહ" ક઼ાયમ કરી ઈફતેતાહ કરવામાં આવ્યો.

તદ્ઉપરાંત કુર્આનના તર્જુમા કન્ઝુલ ઈમાન તસ્હીહ થયેલું (નિશાને અખ્તર સંસ્થા મુંબઈ તરફથી છપાયેલુ) નજીકમાં જ એક હજારની સંખ્યામાં હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہના ઈસાલે સવાબના માટે પ્રસિધ્ધ કરીને ફેલાવવામાં આવશે. ઈન્શાઅલ્લાહ !

*–(સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ, સપ્ટે. ૨૦૧૮)*

## હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ કે બતાએ હુએ કુછ વઝાઈફ

★ **ફજર કી નમાઝ કે વક્ત ઉઠનેકા વઝીફા:** ફજરમેં આંખ ખુલને કે લિયે મુઝે મેરે ઉસ્તાદ મુફ્તી અફઝલ હુસૈન સાહબને બતાયા કે **સૂરએ કહફ કી આખરી આયતોં** કી પાબંદી કરે તો ઈન્શાઅલ્લાહ ! આંખ વક્ત પર ખુલેગી ઔર ઉસીસે (નમાઝકી) પાબંદીકી ભી ઉમ્મીદ હૈ.

★ **હર તરહ કી બુરી નઝરસે બચને કે લિયે : સૂરએ ફલક્** ઔર **સૂરએ નાસ** પઢ્હા કરે.

★ **બુરે ખયાલત કે બારેમેં** : પૂછા ગયા કે, ઝયદ કો ઐસે ખયાલાત આતે હૈં જિનકા ઝબાન પર લાના ગુનાહ યા કુફ્ર હોગા. ક્યા ઝૈદ ગુનેહગાર હોગા ? ઔર ઈન ખયાલાત ઔર વસવસોંસે નજાત કે લિયે કોઈ વઝીફા બતા દેં. ફર્માયા : જબ તક દિલમેં ઉન ખયાલાત કો ન જમાએ યા ઝબાનસે ન બોલે, ઉસ પર કોઈ હુકમ નહીં. હૈ ઔર **લાહૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ** પઢ્હતા રહે. (વસવસે દૂર કરને કે લિયે)

★ **ગુસ્સા રોકને કે લિયે** : ગુસ્સા આએ તો ખડે હો તો બૈઠ જાએં, બૈઠે હો તો લેટ જાએં, દુરૂદ શરીફ કી કષરત કરેં.

★ **કારોબારમેં, રોઝીમેં રુકાવટ દૂર કરને કે લિયે: યા ફત્તાહુ યા અલ્લાહ ! હ઼સ્બુનલાહુ વ નિઅમલ્ વકીલ** પઢ્હતા રહે.

## સિતારો જે તૂટી ગયો !

**અઝ : હઝરત મૌલાના સાદિક઼ રઝા મિસ્બાહી સાહબ**

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

સમય યાદ નથી પણ તે ઈ.સ. ૧૯૯૨નું વરસ અને ઓકટોબરની ૨૮ તારીખ હતી, મારા પિતા આંગળી પકડીને મને ઘરેથી લઈ ગયા અને ઘરની સામે આવેલા દારુલ ઉલૂમ અરબિયહ ક઼ાદરિયહ (કરીમગંજ, પુરનપુર, પીલીભીત) લઈ જઈને બેસાડયો જ્યાં એક નૂરાની સૂરતવાળા બુઝુર્ગ બેઠેલા હતા. દારુલ ઉલૂમની દક્ષિણ બાજુએ એક સાધારણ લાંબા હોલના કિનારે આ બુઝુર્ગ બેઠેલા હતા, અને હોલ તથા તેની બહારના વરંડા તથા સહનમાં અક઼ીદતમંદોની ખૂબ જ ભીડ હતી. (અત્યારે દારુલ ઉલૂમની ઈમારતનો નક઼શો બદલાય ગયો છે) મને યાદ નથી કે પિતા જ્યારે મારી આંગળી પકડીને દારુલ ઉલૂમ તરફ લઈ ચાલ્યા તો મારુ દિલ ડરના કારણે કાંપી રહ્યું હતું કે ખબર નહીં, અબ્બા મને શા માટે લઈ જઈ રહ્યા છે ! ક્યાં લઈ જઈ રહ્યા છે ! અને મારી સાથે શું થવાનું છે ?! અબ્બા મજમાને ચીરતા એ જગ્યાએ જઈ પહોંચ્યા જ્યાં એ હઝરત બેઠેલા હતા. ત્યાં મારી પાસે શું કરાવવામાં આવ્યું, શું પઢાવવામાં આવ્યું એ મને આજ સુધી ખબર નથી. પછી વરસો બાદ અબ્બાની કિતાબોમાં એક શજરા પર નજર પડી. ઉઠાવીને જોયું તો એના પર જાનશીને મુફ્તીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા અખ્તર રઝા અઝહરી مدظلہ العالی લખેલું હતું અને અંદર ક્યાંક મુરીદની હેસિયતથી મારું નામ લખેલું હતું. પછી અબ્બાએ જ બતાવ્યું કે તે નૂરાની સૂરતવાળા બુઝુર્ગ હઝરત અઝહરીમિયાં સાહબ કિ઼બ્લા હતા અને એ જ તમારા પીરો મુર્શિદ છે.

હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہનો આ પ્રથમ નક઼શો હતો જે મારા દિલો દિમાગનાં પૃષ્ઠો પર ખેંચવામાં આવ્યો. ઘરમાં સવાર સાંજ આ'લા હઝરત

તથા મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની ચર્ચાઓ, આસપાસ મઝહબી માહોલની ખુશ્બુ, મારા સમવયવાળા કે અધિક વયવાળા લોકો મોટાભાગે હઝરત અઝહરી મિયાં સાહબ કિબ્લાથી બયઅત પામેલા હતા જેથી મને પણ હઝરતની મુરીદી પર ફખ્રનો એહસાસ થવા લાગ્યો. જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ હઝરતના દીદારની ખ્વાહિશ માથું ઉઠાવતી રહી, પણ એ સમયે એટલી સમજ ન હતી કે એકલા બરેલી શરીફ જઈને હઝરતથી મુલાકાત કરી લેવામાં આવે. અલ્બત્ત દિમાગમાં સતત એ રંજ રહ્યો કે બયઅતના શબ્દો મેં કેવી રીતે અદા કર્યા ?! કમસે કમ એકવાર હોશ હવાસની સાથે એ કલેમાતે તયબહની અદાયગી કરવી જ જોઈએ ત્યારે મારી બયઅત સંપૂર્ણ થશે. અકીદતમંદોએ હઝરતને બોલાવવાની કોશિશ કરી પણ હઝરતની વ્યસ્તતાના કારણે તારીખ ન મળી. એકવાર એક ઈજલાસમાં હઝરતની તારીખ મળી ખરી પણ બરાબર સમય પર હઝરત તશરીફ ન લાવી શક્યા, તો તેમણે હઝરતના નાના ભાઈ મર્હૂમો મગફૂર મૌલાના કમર રઝાખાંને મોકલી આપ્યા જે આપના હમશકલ હતા.

હઝરતના દીદારના શરફનો મોકો મળી જ રહ્યો ન હતો એવામાં ઈ.સ. ૨૦૦૨ આવી ગયું અને એ જ વરસે દેશની મહાન દાનિશગાહ (ઈલ્મનું સેન્ટર) અલ્ જામિઅતુલ્ અશ્રફિયહ મુબારકપુરમાં દાખલો થઈ ગયો અને લગભગ એક મહિના બાદ જ હઝરત સદરુશ્શરીઅહ બદરુત્તરીકહ, લેખક બહારે શરીઅત હઝરત મુફતી અમજદ અલી રઝવી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُના ઉર્સે પાકમાં શિર્કતના માટે ઘોસી હાજરી થઈ. એ વરસે હઝરત ઉર્સ મુબારકમાં ઘોસી તશરીફ લઈ ગયા. કુલ શરીફ પછી એલાન કરવામાં આવ્યું કે જે પણ હઝરતથી બયઅત થવા ચાહે તે થઈ શકે છે. જેથી મેં આ મોકો ગનીમત જાણ્યો અને આ રીતે કેટલાય વરસો બાદ મારી બયઅતને દોહરાવી લીધી. હોશ હવાસની સાથે આ મારા પહેલા દીદાર હતા.

પછી ૨૦૦૩નું વરસ આવ્યું તો જામિઆ અશ્રફિયહની સામે રોડના કિનારે એક મેદાનમાં શાનદાર જલસાનું આયોજન થયું જેમાં શિર્કતના માટે હઝરત મુબારકપુર તશરીફ લઈ ગયા. અમો સર્વ તલબા અઝીઝુલ મસાજિદમાં નમાઝ અદા કરી રહ્યા હતા એવામાં હઝરતના આગમનનો

